અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 30 જુલાઈ 2026 ગુરુવાર
વિક્રમ સંવત 2082, અષાઢ વદ -1

વર્ષ : 18
અંક : 31

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

2

વૃદ્ધાના હાથમાંથી પર્સ સ્નેચિંગના CCTV: સુરતમાં બહેનને મૂકવા જતા વૃદ્ધના હાથમાં પર્સ આંચકી ભાગ્યા

4

ગુજરાતમાં છ પાકિસ્તાનીઓને 7 વર્ષ જેલમાં રાખ્યા અને કોર્ટે ચુકાદો આપ્યો નિર્દોષ

6

CWG 2026 માં ભારતને વધુ એક સિલ્વર, ખેતરોમાં પરસેવો વહાવતી હરજિંદરે રચ્યો ઈતિહાસ

7

સેન્સેક્સ 889 અંક વધીને 77,655 પર બંધ: નિફ્ટી 265 અંક ઉપર 24,250 પર પહોંચ્યો, IT અને મેટલ શેર્સમાં વધુ....

## NEWS BRIEF

### કોલસા કૌભાંડમાં પૂર્વ PM મનમોહન સિંહ પરનો કેસ બંધ

#### સુપ્રીમ કોર્ટે CBI ક્લોઝરને મંજૂરી આપી, કહ્યું- ક્લીન ચિટ પછી ફરી તપાસ શરૂ થઈ હતી

સુપ્રીમ કોર્ટે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ વિરુદ્ધ કોલસા બ્લોક ફાળવણી કેસમાં ચાલી રહેલો ક્રિમિનલ કેસ બંધ કરી દીધો છે. કોર્ટે CBI દ્વારા 2014માં દાખલ કરવામાં આવેલા બે ક્લોઝર રિપોર્ટ સાથે સહમતિ દર્શાવી છે. કોર્ટે કહ્યું કે તેમની વિરુદ્ધ ભ્રષ્ટાચારનો કેસ દાખલ કરવા માટે કોઈ પર્યાપ્ત સામગ્રી કે નક્કર કારણ નહોતું. આ મામલો યુપીએ સરકારના કાર્યકાળ દરમિયાન તલાબીરા-2 કોલસા બ્લોકની ફાળવણી સાથે સંબંધિત છે.



વર્ષ 2015માં વિશેષ CBI કોર્ટે એજન્સીની ક્લોઝર રિપોર્ટને નામંજૂર કરી દીધી હતી. કોર્ટે મનમોહન સિંહ અને અન્ય આરોપીઓને ટ્રાયલનો સામનો કરવા માટે બોલાવ્યા હતા. આ આદેશને પૂર્વ વડાપ્રધાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી મોહનાની બેન્ચે કહ્યું કે વિશેષ જજે CBI દ્વારા તેમને ક્લીન ચિટ આપતા ક્લોઝર રિપોર્ટ દાખલ કરવા છતાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ છ લોકો વિરુદ્ધ સંજ્ઞાન લીધું હતું. પૂર્વ વડાપ્રધાન વતી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ અને એ.એમ. સિંઘવીએ દલીલ કરી હતી કે સીબીઆઈએ 27 ઓગસ્ટ 2014 અને 21 ઓક્ટોબર 2014ના રોજ ટ્રાયલ કોર્ટમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કરી હતી.

### અમદાવાદ પ્લેન ક્રેશ: ફ્યુઅલ સ્વિચમાં ખરાબી નહોતી

#### સરકારે સંસદમાં જણાવ્યું; પહેલાં દાવો હતો કે આ જ કારણથી એન્જિન બંધ થયા હતા



અમદાવાદ વિમાન દુર્ઘટનાનું કારણ ફ્યુઅલ કંટ્રોલ સ્વીચમાં ખામી નહોતી. આ માહિતી સરકારે બુધવારે રાજ્યસભામાં આપી. સરકારે જણાવ્યું કે વિમાન નિર્માતા કંપનીના એડવાન્સ ટેસ્ટમાં પણ આ સિસ્ટમમાં કોઈ ખામી સામે આવી નથી. જોકે, ગયા વર્ષે જાહેર કરાયેલા AAIB ના પ્રારંભિક તપાસ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઉડાન ભર્યાના થોડા જ સમય બાદ બંને એન્જિનના ફ્યુઅલ કંટ્રોલ સ્વીચ બંધ થઈ ગયા હતા. જેના કારણે બંને એન્જિન બંધ થઈ ગયા હતા. ગયા વર્ષે 12 જૂન 2025 ના રોજ લંડન જતી AI-171 ફ્લાઈટ મેઘાણીનગરમાં બીજે મેડિકલ કોલેજના હોસ્ટેલ સાથે અથડાઈને ક્રેશ થઈ હતી. આ દુર્ઘટનામાં 241 મુસાફરો અને જમીન પર હાજર 19 લોકોનાં મોત થયા હતા. માત્ર એક મુસાફર જીવતો બચ્યો હતો.

સરકારે એ પણ સ્પષ્ટ કર્યું કે વિમાન દુર્ઘટનાની તપાસ રિપોર્ટ જાહેર થવામાં વિલંબ થયો નથી. વાસ્તવમાં આ સવાલ રાજ્યસભા સાંસદ જેબી મેથર હિશામ દ્વારા પૂછવામાં આવ્યો હતો. હિશામે પૂછ્યું- દુર્ઘટનાના એક વર્ષથી વધુ સમય પછી પણ અંતિમ રિપોર્ટ કેમ જાહેર કરવામાં આવ્યો નથી, શું તપાસમાં પાયલટોની ભૂમિકા પણ જોવામાં આવી રહી છે અને રિપોર્ટ ક્યારે સાર્વજનિક થશે. તેના પર સરકારે કહ્યું કે આટલી મોટી વિમાન દુર્ઘટનાઓની તપાસ કોઈ નિશ્ચિત સમયમર્યાદામાં પૂરી કરી શકાતી નથી. તપાસ ઘણા તકનીકી પાસાઓ અને સતત બદલાતી પરિસ્થિતિઓ પર આધાર રાખે છે. તપાસ પૂરી થયા પછી અંતિમ રિપોર્ટ સાર્વજનિક થશે. 12 જૂન 2025 ના રોજ અમદાવાદથી લંડન જઈ રહેલી ફ્લાઈટ AI 171 ટેકઓફના થોડા સમય પછી એક મેડિકલ હોસ્ટેલની ઈમારત સાથે અથડાઈ હતી.

## રાહુલ ગાંધીના ભાષણ પર ભારે હોબાળો

# ભારે હંગામા વચ્ચે એન્ટી પેપરલીક સંશોધન બિલ લોકસભામાં ધ્વનીમતથી પાસ થયું

### • બે દિવસની ચર્ચા અને ભારે હંગામા બાદ આજે સંસદના નીચલા સદન લોકસભામાં એન્ટી પેપરલીક બિલ ધ્વનીમતથી પાસ : હવે રાજ્યસભાનો વારો

**નવી દિલ્હી, તા.29**

લોકસભામાં એન્ટી પેપર લીક બિલ પાસ થઈ ગયું છે. ચોમાસુ સત્ર દરમિયાન લાંબી ચર્ચા બાદ આ બિલને ધ્વનિમતથી મંજૂરી મળી છે. જોકે, બિલ પર ચર્ચા દરમિયાન સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે જોરદાર નોકઝોક જોવા મળી હતી. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના ભાષણને લઈને બંને પક્ષો વચ્ચે ભારે તણાવ જોવા મળ્યો હતો. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ એન્ટી પેપર લીક બિલ પસાર થયાની જાહેરાત કરી અને આવતીકાલ સુધી ગૃહની કાર્યવાહી સ્થગિત કરી હતી.

લોકસભામાં બિલ રજૂ કરતાં કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું કે, જ્યારે આટલા મહત્વના બિલ પર ચર્ચા થઈ રહી હોય ત્યારે સૂચનો આપવાના બદલે તેના પર રાજકારણ કરવામાં આવી રહ્યું છે. વિપક્ષના નેતાએ જે અસંસદીય ભાષાનો ઉપયોગ કર્યો તે આશ્ચર્યજનક છે. મને નવાઈ લાગે છે કે શું તેમને સંસદીય કાર્યવાહીના મૂળભૂત નિયમોની પણ જાણકારી છે? દેશના યુવાનો, જે દેશનું ભવિષ્ય છે, તેમને 'મૂર્ખ' કહેવા કરતાં વધુ દુર્ભાગ્યપૂર્ણ શું હોઈ શકે?

જિતેન્દ્ર સિંહે રાહુલ ગાંધી પર નિશાન સાધતા કહ્યું કે, '૨૧ જુલાઈએ વિપક્ષના નેતા કદાચ કોઈ ખાસ વિચારસરણીને કારણે વડાપ્રધાનના નિવાસસ્થાનની બહાર જઈને બેસી ગયા હતા. એવું લાગી રહ્યું હતું કે તેમની દિલથી ઈચ્છા હતી કે દેશ તેમને પસંદ કરે અને ૭ પીએમ હાઉસમાં બેસાડે. જ્યારે તેમની આ ઈચ્છા પૂરી ન થઈ, ત્યારે તેઓ નિરાશ અને હતાશ થઈ ગયા અને ૭ લોક કલ્યાણ માર્ગના ગેટ પાસે જઈને બેસી ગયા. જ્યારે તેમને ખૂબ જ નમ્રતાથી સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો કે આવું વર્તન તેમના હોદ્દાને અનુરૂપ નથી, ત્યારે તેમણે જવાબ આપ્યો કે તેમને ત્યાંથી હટાવી દેવામાં આવે.'

સંસદના મોનસૂન સત્ર દરમિયાન



બે દિવસની ચર્ચા અને ગરમાગરમી બાદ આજે સંસદના નીચલા ગૃહ લોકસભામાં એન્ટી પેપરલીક બિલ એટલે કે The Public Examination (Prevention of Unfair Means) Amendment Bill, 2026 પાસ થઈ ગયું. આ દરમિયાન સદનમાં સતત હંગામો થતો જોવા મળ્યો. ત્યારબાદ લોકસભાની કાર્યવાહી આવતી કાલે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી.

બિલ પાસ થયું તે પહેલા નેતા વિપક્ષ રાહુલ ગાંધીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. જેનો સત્તા પક્ષે આકરો વિરોધ કર્યો અને તેમની પાસે માફીની માંગણી પણ કરી. જેના પર સદનમાં બંને પક્ષ તરફથી ખુબ હંગામો જોવા મળ્યો. ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીના કથિત અસંસદીય શબ્દોના ઉપયોગને લઈને સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે શાબ્દીક ટપાટપી પણ જોવા મળી.

રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે દિલ્હીમાં વિદ્યાર્થીઓના આંદોલન દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વિદ્યાર્થીઓ પર ગોળી ચલાવવાનો આદેશ આપ્યો હતો.

જેના પર સદનમાં ખુબ હંગામો થયો અને રાહુલ ગાંધી પાસે માફીની માંગણી કરાઈ. ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીના ભાષણમાં કથિત અસંસદીય શબ્દોના ઉપયોગને લઈને પણ સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી જોવા મળી. જેના કારણે ભારે હંગામો થયો.

ગૃહ મંત્રી અમિત શાહ પર રાહુલ ગાંધીના આરોપો પર પીએમ કાર્યાલયમાં રાજ્યમંત્રી જિતેન્દ્રસિંહે આ ચર્ચાનો જવાબ આપતા કહ્યું કે નેતા વિપક્ષને એ ખબર હોવી જોઈએ કે ગોળી ચલાવવાનો આદેશ મંત્રી નહીં, મેજિસ્ટ્રેટ આપે છે. જો કે પ્રદર્શનકારીઓ પર ગોળી ચલાવવામાં આવી જ નહતી, ફક્ત ટીયર ગેસના સેલ છોડાયા હતા.

રાહુલ ગાંધીએ સદનની બહાર કહ્યું કે ગૃહ મંત્રી અમિત શાહે એ સ્પષ્ટતા કરવી જોઈએ કે તેમણે પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ પર ગોળી ચલાવવાનો આદેશ આપ્યો હતો કે નહીં.

લોકસભાની કાર્યવાહી સ્થગિત થયા બાદ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષે સંસદ પરિસરમાં સંવાદદાતાઓને કહ્યું કે, મે એ કહ્યું છે કે બે જ પરિસ્થિતિઓ હોઈ શકે છે. એક એ કે ગૃહમંત્રીએ આદેશ આપ્યો અને બીજુએ કે તેમને ખબર નહતી કે ગોળી ચલાવવામાં આવી છે. પહેલા મામલામાં તેઓ દોષિત છે અને બીજી સ્થિતિમાં તેઓ અક્ષમ છે. આમાં ત્રીજી કોઈ વાત નથી.

તેમણે સદનમાં ગૃહમંત્રીની ગેરહાજરીને લઈને પણ તેમના પર કટાક્ષ કર્યો અને કહ્યું કે ગૃહમંત્રી સદનમાં આવ્યા નહીં. રાહુલ ગાંધીએ કહ્યું કે જો તેમણે કશું કર્યુ નથી કોઈ આદેશ આપ્યો નથી તો સફાઈ આપી દે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે, મુખ્ય વાત એ છે કે સદનમાં બોલવાનો મને અધિકાર મળે છે અને આ હક મને મળવો જોઈએ.

## નડ્ડાએ કહ્યું - વિદ્યાર્થીઓ પર પોલીસની કાર્યવાહી યોગ્ય હતી, રાજ્યસભામાં ખડગે સાથે શાબ્દિક યુદ્ધ

**નવી દિલ્હી, તા.29**

સંસદના મોનસૂન સત્રમાં NEET પેપર લીક અને દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીને લઈને બંને ગૃહમાં ભારે હોબાળો જોવા મળ્યો છે. આ મુદ્દે રાજ્યસભામાં ગૃહના નેતા અને કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા તથા વિપક્ષના નેતા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે વચ્ચે તીખી ચર્ચા થઈ હતી. NEET પેપર લીકના વિરોધમાં પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર દિલ્હી પોલીસની કાર્યવાહી અંગે ગૃહ મંત્રી અમિત શાહના નિવેદનની માંગણી સાથે વિપક્ષી સાંસદોએ ભારે હોબાળો મચાવ્યો હતો. જેના કારણે રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરવી પડી હતી. રાજ્યસભાની કાર્યવાહી શરૂ થતાં જ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સ્ટુડન્ટ્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા(SFI)ના વિદ્યાર્થીઓની ધરપકડના પ્રયાસોને લઈને સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. આ



પહેલાં CPI(M)ના સાંસદ જ્હોન બ્રિટાસે દિલ્હીમાં માકપા (CPM)ની ઑફિસમાં દિલ્હી પોલીસના પ્રવેશ અને જેએનયુએસયુ(JNUSU)ના પૂર્વ અધ્યક્ષ આઈશી ઘોષની ધરપકડના પ્રયાસનો મુદ્દો ઉઠાવ્યો હતો. બ્રિટાસે જણાવ્યું કે, સાદા કપડામાં આવેલી દિલ્હી પોલીસની એક ટીમે 2021ના જેએનયુ પ્રદર્શન સંબંધિત કેસમાં આઈશી ઘોષની ધરપકડ કરવા માટે પાર્ટી કાર્યાલયમાં પ્રવેશ કર્યો હતો. તેમણે આ કાર્યવાહીને હાલના વિદ્યાર્થી આંદોલન સાથે જોડતાં કહ્યું કે, આઈશી ઘોષનો માત્ર એટલો જ વાંક હતો કે તેમણે જંતર-મંતર પર થયેલા પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આ મુદ્દે સરકારને ઘેરતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, 'આજે લોકશાહી ખતરામાં છે. બ્રિટાસે જે મુદ્દો ઉઠાવ્યો છે તે ખૂબ જ શરમજનક છે. જો પોલીસ કોઈ નેશનલ પાર્ટીની ઑફિસમાં ઘૂસીને ધરપકડ કરવાની વાતો કરે, તો શું લોકશાહી ખતરામાં નથી?' તેમણે આ કાર્યવાહી માટે જવાબદારો સામે કડક પગલાં લેવાની માંગ કરી હતી. ખડગેના નિવેદન પર પલટવાર કરતાં કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ કહ્યું કે, તેઓ પોતે પણ પોતાના વિદ્યાર્થીકાળમાં આંદોલનોનો ભાગ રહ્યા છે અને તેમણે પણ જેલ જવું પડ્યું હતું. જેપી નડ્ડાએ બચાવ કરતાં જણાવ્યું કે, 'આ એકદમ સામાન્ય બાબત છે. હું પોતે સ્ટુડન્ટ એક્ટિવિસ્ટ રહ્યો છું. ઈમરજન્સી દરમિયાન મને ઘણી વખત ક્લાસરૂમમાંથી પકડીને લઈ જવામાં આવ્યો હતો. ત્યારે કોંગ્રેસની સરકાર હતી અને મારી પણ ધરપકડ થઈ હતી.' તેમણે ઉમેર્યું કે, 'સ્ટુડન્ટ એક્ટિવિસ્ટને જેલ જવું જ પડે છે. જ્યારે કોઈ કાયદો હાથમાં લે છે.

## 'સદનમાં માઈક બંધ કરાયું, ભાજપે બોલવા ન દીધો', રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ યોજી સરકારને કર્યા સવાલ

**નવી દિલ્હી, તા.29**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર થયેલી બર્બરતાનો મુદ્દો સંસદમાં ઉઠાવતા ભાજપ સરકાર અને કેન્દ્રીય ગૃહમંત્રી પર ગંભીર આક્ષેપો સાથે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે, જ્યારે તેમણે ગૃહમાં વિદ્યાર્થીઓ પર થયેલા અત્યાચાર અને આ ઘટના માટે જવાબદાર વ્યક્તિઓનું નામ લીધું, ત્યારે ભાજપે તેમને બોલવા દીધા નહોતા, અને તેમનું માઈક બંધ કરી દેવામાં આવ્યું હતું. જે વાતો તેમને સંસદની અંદર બોલવા દેવામાં આવી નથી, તે તમામ બાબતોને લઈને પ્રેસ કોન્ફરન્સ યોજવાની ફરજ પડી હતી.



લોકસભામાં બોલવાની મંજૂરી ન મળ્યા બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પત્રકાર પરિષદ યોજીને સરકાર સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, દિલ્હીમાં વિદ્યાર્થીઓ સાથે થયેલી બર્બરતાનો મુદ્દો સંસદમાં ઉઠાવવો એ તેમનો અધિકાર હતો, પરંતુ ગૃહમાં તેમનો અવાજ દબાવી દેવામાં આવ્યો. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું કે, 'મેં વિદ્યાર્થીઓ સાથે થયેલી બર્બરતા અંગે 25 જુલાઈના રોજ ગૃહમંત્રીને પત્ર લખ્યો હતો. ઘટના અંગે ગૃહમંત્રીને સતત બ્રિફિંગ પણ આપવામાં આવી રહ્યું હતું. શું એઈમ્સ(AIIMS)નું મેડિકલ સર્ટિફિકેટ કોઈએ જોયું છે? જ્યારે અમે સંસદમાં આ સંબંધિત સવાલો ઊભા કર્યા, ત્યારે અમારો અવાજ દબાવી દેવામાં આવ્યો.'

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, 'પ્રેસ કોન્ફરન્સ એ મારું મુખ્ય પ્લેટફોર્મ નથી, લોકસભા મારું પ્લેટફોર્મ છે. પરંતુ મને લોકસભામાં બોલવા ન દેવાયો, તેથી મારે દેશ સમક્ષ સત્ય લાવવા માટે આ પત્રકાર પરિષદ યોજવી પડી છે.' કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની પ્રેસ કોન્ફરન્સ પહેલા ભારતીય જનતા પાર્ટીએ પત્રકાર પરિષદ યોજીને તેમના તમામ આરોપો પર આકરા પ્રહારો કર્યા હતા. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ રાહુલ ગાંધી પર સંસદમાં જૂઠાણું ફેલાવવાનો અને માત્ર સનસની ફેલાવવા માટે કેન્દ્રીય ગૃહમંત્રીનું નામ વટાવવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. ભાજપે સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે, 'દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર કોઈ ગોળીઓ ચલાવવામાં આવી નથી, અને ન તો કોઈએ આવો આદેશ આપ્યો હતો. રાહુલ ગાંધી જૂઠનો પ્રચાર કરી રહ્યા છે.' કટાક્ષ કરતાં ભાજપે કહ્યું કે, રાહુલ ગાંધીની જેમ કેન્દ્રીય ગૃહમંત્રી ક્યારેય વિદેશ ભાગી જતા નથી.



# વૃદ્ધાના હાથમાંથી પર્સ સ્નેચિંગના CCTV: સુરતમાં બહેનને મૂકવા જતા વૃદ્ધના હાથમાં પર્સ આંચકી ભાગ્યા

■ **મહિલા મોપેડ પરથી પડતા પડતા બચ્યા, બે રીઢા ચોર ઝડપાયા**



**સુરત, તા.29**

સુરત શહેરમાં રાહદારી અને એકલી મહિલાઓને નિશાન બનાવી પર્સ તેમજ દાગીના ઝૂંટવી લેતી રીઢા સ્નેચરોની ગેંગનો મહિધરપુરા સર્વેલન્સ ટીમે પર્દાફાશ કર્યો છે. ગોટાલાવાડીથી લાલ દરવાજા રોડ પર બહેનને બસ સ્ટેશન મૂકવા જઈ રહેલા વૃદ્ધની બાઈક નજીક આવી પર્સ ઝૂંટવી ભાગી છૂટેલા બે શાતિર તસ્કરોને પોલીસે રૂ. 3,94,000ના મુદ્દામાલ સાથે દબોચી લીધા છે. પકડાયેલા બંને આરોપીઓ અગાઉ હત્યા, ચોરી અને પાસા જેવા અનેક ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચૂક્યા હોવાનું બહાર આવ્યું છે.

ગત 11 જુલાઈના રોજ વહેલી સવારે કતારગામ ખાતે રહેતા 65 વર્ષીય લવજીભાઈ કરશનભાઈ સવાણી પોતાના ઘરેથી બહેન સવિતાબેનને વતન જવા માટે બસ સ્ટેશન મૂકવા મોપેડ પર નીકળ્યા હતા. સવારના આશરે પોણા પાંચ વાગ્યાના સુમારે ગોટાલાવાડી સર્કલથી લાલ દરવાજા રોડ પર પી.એમ. સુઝુકી શો-રૂમ સામેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પાછળથી બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ મોપેડની નજીક બાઈક લાવી સવિતાબેનના હાથમાંથી બ્લુ કલરનું લેડીઝ પર્સ આંચકી લીધું હતું. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

સ્નેચિંગની આ ઘટના એટલી અચાનક અને આંચકાજનક હતી કે ચાલુ મોપેડે પર્સ ઝૂંટવાતા પાછળ બેસેલા મહિલા સવિતાબેનનું સંતુલન બગડ્યું હતું અને તેઓ મોપેડ પરથી નીચે ફેંકાઈ જઈને પડતા પડતા માંડ માંડ બચ્યા હતા. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી, પરંતુ આંચકાના કારણે લવજીભાઈ પણ મોપેડ પરથી કાબૂ ગુમાવી બેઠા હતા.

ઝૂંટવાયેલા પર્સમાં રૂ. 2,00,000ની કિંમતની 22 કેરેટની સોનાની ચેઈન તથા પેન્ડન્ટ (20 ગ્રામ), રૂ. 1,50,000ની કિંમતની રૂદ્રાક્ષની સોનાની માળા (15 ગ્રામ), રૂ. 5,000નો મોટોરોલા કંપનીનો મોબાઈલ ફોન અને રૂ. 5,000 રોકડા મળી કુલ રૂ. 3,60,000ની મત્તા હતી. બાઈક પાછળ કપડું બાંધેલું હોવાથી નંબર પ્લેટ દેખાઈ ન હતી અને આરોપીઓ લાલદરવાજા બ્રિજ તરફ ભાગી છૂટ્યા હતા. પ્રાથમિક શોધખોળ બાદ લવજીભાઈએ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

મહિધરપુરા વિસ્તારમાં ઘટનાને અંજામ આપ્યા બાદ પણ આ આરોપીઓની હિંમત મટી ન હતી. તેઓએ એ જ સવારે આગળ વધીને પુણા આઈમાતા રોડ ઉપર ઓટોરિક્ષામાં બેસેલી એક મહિલાનું પર્સ પણ ઝૂંટવી લીધું હતું. આ અંગે પણ પુણા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

મહિધરપુરા પી.આઈ. ડી.યુ. બારડ અને સેકન્ડ પી.આઈ. યુ.જે. જોષીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પીએસઆઈ ડી.કે. બોરાણા અને ટીમ દ્વારા સીસીટીવી ફુટેજ ચકાસવામાં આવ્યા હતા. સર્વેલન્સ સ્ટાફના અ.હે.કો. વિરેન્દ્રસિંહ અને અ.પો.કો. રણજીતસિંહને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે રાહુલ પ્રવિણભાઈ પખાલે (ઉં.વ. 26, રહે. માનદરવાજા, સુરત) અને મોઈનખાન ઉર્ફે મોઈન બોબડા સરવરખાન પઠાણ (ઉં.વ. 22, રહે. ઉન પાટિયા, મૂળ મહારાષ્ટ્ર)ને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી સ્નેચિંગમાં વપરાયેલું એક્સેસ મોપેડ (GJ-05-MY-7917), સોનાની પેન્ડલ સાથેની ચેઈન, સોનાની રૂદ્રાક્ષ માળા, ચાંદીની ચેઈન અને રોકડા રૂ. 5,500 મળીને કુલ રૂ. 3,94,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી રાહુલ પખાલે અગાઉ ખટોદરા પોલીસ સ્ટેશનના હત્યા (Section 302/396), પ્રોહિબિશન, લૂંટ અને પાસા સહિત 10 ગુનાઓમાં સંડોવાયેલો છે. જ્યારે આરોપી મોઈનખાન ઉર્ફે બોબડા અગાઉ સ્નેચિંગ, ચોરી અને મારમારીના 11 ગુનાઓ તેમજ 4 વખત પાસા હેઠળ જેલહવાલે થઈ ચૂક્યો છે.

## માંજલપુર વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણી

# મકરપુરા સેન્ટરથી EVM અને ચૂંટણી સામગ્રીનું વિતરણ કરાયું, કલેક્ટર અનિલ ધામેલિયાએ મુલાકાત લીધી

**વડોદરા, તા.29**

શહેરના માંજલપુર વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણી-2026ના 30 જુલાઈએ યોજાનારા મતદાન માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. મકરપુરા સ્થિત ભવન્સ સ્કૂલ ખાતે તૈયાર કરાયેલા ડિસ્પેચ અને રિસિવિંગ સેન્ટર ખાતેથી EVM તથા ચૂંટણીલક્ષી સામગ્રીના વિતરણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી. ચૂંટણી પ્રક્રિયા સુચારુ અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે હેતુથી જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયાએ રિસિવિંગ સેન્ટરની રૂબરૂ મુલાકાત લઈને સમગ્ર કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.



જિલ્લા કલેક્ટરે સેન્ટર પર ઊભા કરાયેલા કંટ્રોલ રૂમ, ડિસ્પેચ ટેબલ પર ચાલી રહેલા સામગ્રી વિતરણ, પોલિંગ સ્ટાફ માટેની પ્રાથમિક સુવિધાઓ તેમજ વાહન-વ્યવહાર સહિતની તમામ આનુસાંગિક વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી અને તંત્રના અધિકારીઓ તથા કર્મચારીઓને તમામ ટીમો સુરક્ષિત રીતે પોતપોતાના મતદાન મથકે પહોંચે તે માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

મુલાકાત વેળાએ કલેક્ટર અનિલ ધામેલિયાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, મતદાનની કામગીરીને પહોંચી વળવા માટે કુલ 28 જેટલા નિર્ધારિત રૂટ મારફતે પોલિંગ સ્ટાફને રવાના કરવામાં આવી રહ્યો છે.

આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને નિષ્પક્ષ અને સફળ બનાવવા માટે 286 પ્રિસાઈડિંગ ઓફિસર, 858 પોલિંગ ઓફિસર અને 286 પટાવાળા સહિત 1400થી વધુ પોલીસકર્મીઓની વિશાળ ટીમ તૈનાત કરવામાં આવી છે. મતદારોની સુવિધા માટે મતદાન મથકો પર વિશેષ મોબાઈલ ડિપોઝિશન સેન્ટર ઊભા કરાયા છે જેથી તેઓ પોતાના મોબાઈલ સુરક્ષિત રાખીને નિર્ભયપણે મતદાન કરી શકે.

વરસાદની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને ડિસ્પેચ અને રિસિવિંગ સેન્ટર ખાતે વોટરપ્રૂફ ટેન્ટ તૈયાર કરાયા છે. જે મતદાન મથકો નજીક પાણી ભરાવાની શક્યતા છે ત્યાં રસ્તાઓની સફાઈ, ડીવોટરિંગ પંપ તેમજ ક્વિક રિસ્પોન્સ ટીમ (QRT)ની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેથી મતદાન પ્રક્રિયામાં કોઈ વિઘ્ન ન આવે. અંતમાં, કલેક્ટરે લોકશાહીના આ મહાપર્વમાં વધુમાં વધુ નાગરિકોને સમયસર મતદાન મથકે પહોંચીને પોતાના પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરવા માટે અપીલ કરી હતી.

# 2.19 લાખ મતદારો માટે 260 મતદાન મથક

## પ્રથમ વખત મોબાઈલ ડિપોઝિશન સેન્ટર, વરસાદની આગાહી વચ્ચે માંજલપુર વિધાનસભાની પેટા ચૂંટણી માટે તંત્ર સજ્જ

**વડોદરા, તા.29**

વરસાદી માહોલ વચ્ચે આવતીકાલે(30 જુલાઈ) વડોદરાના માંજલપુર વિધાનસભાની પેટા ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ બેઠક ઉપર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવાર વચ્ચે સીધો જંગ જોવા મળી રહ્યો છે. ત્યારે મતદાન શાંતિમય રીતે થાય તે માટે વહીવટીતંત્ર દ્વારા તમામ તૈયારીઓ આટોપી લેવામાં આવી છે. વરસાદની આગાહી વચ્ચે વધુને વધુ મતદાન કરાવવા માટે તંત્ર પણ સજ્જ બન્યું છે.





માંજલપુર વિધાનસભા બેઠક એ ભાજપની પરંપરાગત બેઠક ગણવામાં આવી રહી છે. સ્વ. યોગેશ પટેલ દ્વારા આ બેઠક ઉપર સતત જંગી લીડથી જીત મેળવવામાં આવી છે. ત્યારે આ વખતે પણ ભાજપ આ લીડને જાળવી રાખવાના પ્રયાસોમાં લાગી છે. જો કે ઉમેદવારને લઈને સ્થાનિક આગેવાનોમાં રોષ જોવા મળ્યો છે અને તેથી જ આ બેઠક ઉપર ભાજપના અગ્રીમ હરોળના આગેવાનોની ફોજ ઉતારી દેવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી, સીએમ, ડેપ્યુટી સીએમ, મંત્રીઓ, પ્રદેશ અધ્યક્ષ સહિતના આગેવાનોએ સમાજ સાથે પણ બેઠકો કરી હતી.

ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ, પારદર્શી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે ચૂંટણી અને વહીવટી તંત્ર દ્વારા સઘન આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયાએ જણાવ્યું હતું કે, મતદાન મથકમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ છે. જેથી મતદારોની સુવિધા માટે આ વખતે પ્રથમ વખત મતદાન મથકો પર મોબાઈલ જમા કરાવવા માટે મોબાઈલ ડિપોઝિશન સેન્ટરની વ્યવસ્થા કરવામાં આવી છે.

વહીવટી તંત્ર માટે વરસાદી માહોલમાં મતદાન એ મોટો પડકાર છે. વિવિધ પક્ષો માટે મતદાન મથકો સુધી મતદારોને લાવવા એ કપરું સાબિત થઈ શકે છે તો બીજી તરફ મતદાન મથક સુધી આવેલા મતદારોને કોઈ અગવડતા ન પડે તે માટે જિલ્લા વહીવટી તંત્રએ સુચારૂ આયોજન કર્યું છે. ચોમાસાની ઋતુને ધ્યાને રાખીને જ્યાં જરૂર જણાય ત્યાં રેઈન-પ્રૂફ મંડપ, વોટર-પ્રૂફ ટેન્ટ અને જળભરાવની સ્થિતિમાં ડી-વોટરિંગ પંપ સાથેની ક્યુ-ટીમ કાર્યરત કરવામાં આવી છે. મતદાન મથક ઉપર મતદાન કરવા આવેલા મતદાતાઓ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

સમગ્ર મતદાન પ્રક્રિયા પર બાજ નજર રાખવા માટે 100 ટકા વેબકાસ્ટિંગની વ્યવસ્થા કરવામાં આવી છે, જેનું લાઈવ મોનિટરિંગ કલેક્ટર કચેરી ખાતેના કંટ્રોલ રૂમથી કરવામાં આવશે. સુરક્ષા માટે 1400થી વધુ પોલીસકર્મીઓની સાથે અર્ધ-લશ્કરી દળોની ટુકડીઓ પણ તહેનાત કરવામાં આવી છે. આ ઉપરાંત, કેટલાક મથકો પર માઈક્રો ઓબ્ઝર્વર્સની પણ નિમણૂક કરવામાં આવી છે.

ભારતીય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ, 30મી જુલાઈ 2026ના રોજ સવારે 7થી સાંજના 6 વાગ્યા સુધી મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જ્યારે મતગણતરી 3જી ઓગસ્ટ 2026ના રોજ યોજાશે. માંજલપુર વિધાનસભા વિસ્તારમાં કુલ 2,19,494 મતદારો નોંધાયેલા છે, આ મતદારો માટે કુલ 260 મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે 85 વર્ષથી ઉપરના અને દિવ્યાંગ મતદારો માટે હોમ વોટિંગની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ, પારદર્શી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે ચૂંટણી અને વહીવટી તંત્ર દ્વારા સઘન આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયાએ જણાવ્યું હતું કે, મતદાન મથકમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ છે. જેથી મતદારોની સુવિધા માટે આ વખતે પ્રથમ વખત મતદાન મથકો પર મોબાઈલ જમા કરાવવા માટે મોબાઈલ ડિપોઝિશન સેન્ટરની વ્યવસ્થા કરવામાં આવી છે.

# મિત્રની સ્કોર્પિયો લઈ આંટો મારવા નીકળેલા કોલેજિયને વૃદ્ધને કચડ્યા

## ગાડી ચઢાઈ તો ખાડો આવ્યો હોય તેવું લાગતા જવા દીધી, અમદાવાદમાં રોડ ક્રોસ કરતા રાહદારીનું દર્દમાં કણસીને મોત

**અમદાવાદ, તા.29**

અમદાવાદમાં વધુ એક હિટ એન્ડ રનના ભયાનક CCTV સામે આવ્યા છે. વટવા બીબી તળાવ ચાર રસ્તા પાસે એક વૃદ્ધ રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે વટવા ગામ તરફથી પુરઝડપે આવેલી સ્કોર્પિયોના ચાલકે વૃદ્ધને ટક્કર મારતા તે બોનેટ સાથે અથડાયા હતા જે બાદ નીચે પડ્યા હતા. છતાંય કારચાલકે કાર ન રોકીને તેમના પર કાર ચઢાવી દીધી હતી. કાર ઉપરથી ફરી વળ્યા બાદ વૃદ્ધ સ્થળ પર બેઠા થયા હતા. એ સાથે દર્દમાં કણસીને વૃદ્ધનું મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ આરોપી કાર સાથે ફરાર થયો હતો. જો કે જે ડિવિઝન પોલીસે ગુનો નોંધી અકસ્માત કરનાર 19 વર્ષીય આરોપી રાહુલ યાદવની ધરપકડ કરી લીધી છે.



આરોપીએ પોલીસને જણાવ્યું હતું કે, મિત્રની ગાડી લઈને આંટો મારવો નીકળ્યો હતો. વૃદ્ધને ટક્કર મારી તે તેને ખબર ન હતી. ગાડી વૃદ્ધ પરથી ફેરવી દીધી તો તેને એવું લાગ્યું કે ખાડો આવ્યો હશે. એટલે ગાડી ભગાવી દીધી હતી.

મળતી માહિતી મુજબ, 28 જુલાઈએ રાત્રે બાર વાગ્યે વટવા બીબી તળાવ ચાર રસ્તા પાસે હિટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં વટવામાં રહેતા 68 વર્ષીય યુનુસભાઈ વોહરા વટવા બીબી તળાવ ચાર રસ્તા પાસેથી પસાર થઈને રોડ ક્રોસ કરતા હતા. ત્યારે વટવા ગામ તરફથી અચાનક જ એક સ્કોર્પિયોના ચાલકે પુરઝડપે આવીને યુનુસભાઈને જોરદાર ટક્કર મારી દીધી હતી.

સ્કોર્પિયો ચાલકે ટક્કર મારતા જ વૃદ્ધ બોનેટ સાથે અથડાઈને રોડ પર પટકાયા હતા. એટલું જ નહીં વૃદ્ધને ટક્કર માર્યા બાદ સ્કોર્પિયોના ચાલકે ગાડી રોકવાના બદલે વૃદ્ધ યુનુસભાઈ પર ચલાવી દીધી હતી. ત્યારે ગંભીર ઈજાઓના કારણે વૃદ્ધ ઘટનાસ્થળ પર બેઠા થયા હતા. આ સમયે ત્યાં હાજર લોકો તરત જ વૃદ્ધની બાજુમાં આવી મદદ કરી રહ્યા હતા. જો કે દર્દમાં કણસીને સારવાર દરમિયાન યુનુસભાઈનું મોત નિપજ્યુ હતું.

આ મામલે પોલીસને જાણ કરાતા જે ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસે ઘટનાસ્થળની બાજુની દુકાનમાં લાગેલા CCTV કબજે કરતા તેમાં સ્કોર્પિયો કાર કેદ થઈ હતી. એટલું જ નહીં પોલીસે તે કારના નંબર આધારે આરોપીને ઝડપી પાડવા કવાયત હાથ ધરી હતી. જેમાં પોલીસને સફળતા મળી અને અકસ્માત કરનાર 19 વર્ષીય આરોપી રાહુલ યાદવ (રહે.ઈસનપુર)ની ધરપકડ કરી છે. પોલીસે અકસ્માત થયો એ કારને પણ જપ્ત કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. લોકોની ભીડવાળી જગ્યાએ આ અકસ્માત થતા રોષ પણ જોવા મળી રહ્યો છે.

અકસ્માત કરનાર આરોપી રાહુલ યાદવે તેના મિત્ર પાસેથી સ્કોર્પિયો ગાડી આંટો મારવાના બહાને લીધી હતી. આરોપીએ પોલીસને જણાવ્યું છે કે, વરસાદનું વાતાવરણ હોવાથી અકસ્માત થયાની જાણ થઈ જ નહતી. મૃતક પર ગાડી ચઢી તો આરોપીને ખાડો આવ્યો હોય એવું લાગ્યું જેથી ગાડી જવા દીધી હતી. અકસ્માત બાદ ગાડી પરત આપીને આરોપી પોતાના ઘરે જતો રહ્યો હતો. આરોપી કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહ્યો છે.

# શહેરમાં ખાડા પુરવા વડોદરા મનપાની દોડધામ: વિવિધ ઝોનમાં ખાડાઓનું પેચવર્ક

## મ્યુનિ. કમિશનરનું સ્થળ નિરીક્ષણ, ગુણવત્તા સભર કામગીરી કરવા સૂચના

**વડોદરા, તા.29**

વડોદરા શહેરમાં ચાલુ ચોમાસાની સીઝન દરમિયાન ભારે વરસાદને કારણે તમામ ઝોનમાં માર્ગો પર મોટા પ્રમાણમાં ખાડા પડી ગયા છે, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. કેટલાક વિસ્તારમાં કોન્ટ્રાક્ટરની તેમજ અગિકારીઓની બેદરકારીના કારણે ખાડાઓ પડી ગયા છે. બે દિવસથી શહેરમાં વરસાદ બંધ છે, ત્યારે મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારમાં પેચવર્કની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા કામગીરીની સ્થળ નિરીક્ષણ કરાયું હતું અને જરૂરી સૂચના આપવામાં આવી હતી. વડોદરા મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેરમાં સઘન સર્વે હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં વિવિધ ઝોનમાંથી 2700 થી વધુ ખાડાઓ ચિહ્નિત કરવામાં આવ્યા છે. હાલમાં વરસાદે વિરામ લીધો છે, ત્યારે વડોદરાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુના સ્પષ્ટ આદેશ અને માર્ગદર્શન હેઠળ શહેરના તમામ ઝોનમાં ખાડા પૂરવાની કામગીરી પૂર્ણ ઝડપે શરૂ કરી દેવામાં આવી છે. કોર્પોરેશનનું રોડ પ્લાન્ટ વિભાગ તેમજ વિવિધ ઝોનની ટીમો દ્વારા પેચવર્ક અને રસ્તા સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે ચલાવવામાં આવી રહી છે. કામગીરીની ગુણવત્તા જળવાઈ રહે અને સમારકામ ઝડપથી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા માટે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ પોતે મેદાનમાં ઉતર્યા હતા. તેમણે શહેરના વિવિધ ઝોનનો પ્રવાસ કરીને સ્થળ પર પહોંચી રસ્તા સમારકામની કામગીરીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન તેમણે સ્થળ પર હાજર રહેલા ઈજનેરો અને અધિકારીઓને ટેકનિકલ ધોરણો મુજબ યોગ્ય રીતે અને ટકાઉ કામગીરી કરવા માટેની કડક સૂચનાઓ આપી હતી, જેથી ફરીથી તે જ સ્થળે ખાડા ન પડે.મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે, શહેરમાં એકેય ખાડો નહીં રહે તેવી કામગીરી કરી રહ્યા છે.



મ્યુનિસિપલ કમિશનરે આ તકે વડોદરાના નાગરિકોને પણ અપીલ કરી હતી કે પાલિકા દ્વારા તમામ ખાડાઓ પૂરીને રસ્તાઓ સુધારવાની કામગીરી ઝડપથી ચાલી રહી છે, તેથી થોડા સમય માટે ધીરજ રાખવી. પાલિકા પ્રશાસન નાગરિકોની સુવિધા માટે સતત કાર્યરત છે અને ટૂંક સમયમાં તમામ મુખ્ય માર્ગોને સુગમ બનાવી દેવામાં આવશે.

# 'અમે કરોડપતિ છીએ પણ SMCના પાપે લાખોમાં નથી રહ્યા': પર્વત પાટીયામાં ખાડીપૂરથી સ્થાનિકોનો ગુસ્સો ફાટ્યો

**સુરત, તા.29**

સુરત શહેરમાં ચોમાસાની શરૂઆત સાથે જ ખાડી પૂરની વિકરાળ સમસ્યા ફરી એકવાર સ્થાનિક રહીશો માટે આફત બનીને ત્રાટકી છે. જુલાઈ 2026ના એક જ મહિનામાં બે-બે વખત ખાડી પૂરના પાણી ઘરોમાં ઘૂસી જતાં પરવત પાટિયા વિસ્તારના લોકો હવે તંત્ર સામે આરપારની લડાઈ લડી લેવાના મૂડમાં આવી ગયા છે.



આક્રોશે ભરાયેલા સ્થાનિકોએ 'SMC હાય હાય'ના બુલંદ નારા લગાવી સુરત મહાનગરપાલિકાની નિષ્ક્રિયતા સામે ભારે વિરોધ પ્રદર્શિત કર્યો હતો. સ્થાનિક રહીશોએ સાફ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો તંત્ર દ્વારા આ ખાડી પૂરની કાયમી સમસ્યાનું વહેલી તકે નિરાકરણ લાવવામાં નહીં આવે તો તમામ રહીશો ભૂખ હડતાલ અને ઉગ્ર આંદોલન પર ઉતરશે.

પર્વત પાટિયા વિસ્તારમાં ઋષિ વિહાર, સત્યમ, શિવમ, સુન્દરમ, માધવબાગ, નંદનવન, વૃંદાવન, શ્રી વર્ધન રોહાઉસ, રણછોડ નગર, શાંતિનગર, ગણેશ નગર અને એસકે નગર જેવી અનેક સોસાયટીઓ ખાડી પૂરના પાણીમાં ગરકાવ થઈ ગઈ છે. માત્ર અડધા કલાકના ગાળામાં જ પાર્કિંગથી લઈને ઘરોની અંદર સુધી પાણી ભરાઈ જતાં લોકોને પોતાનો કિંમતી સામાન ઊંચા સ્થળે ખસેડવાનો સમય પણ મળ્યો નહોતો. ઘરોમાં રહેલો કિંમતી સામાન, ઈલેક્ટ્રોનિક વસ્તુઓ અને અનાજ પલળી જવાથી સ્થાનિકોને લાખો રૂપિયાનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ ઉપરાંત, સોસાયટીઓના પાર્કિંગમાં મૂકેલી મોંઘીદાટ ફોર-વ્હીલર અને ટુ-વ્હીલર ગાડીઓ પણ ખાડીના ગંદા પાણીમાં ડૂબી જતાં ભારે આર્થિક ફટકો પડ્યો છે.

સ્થાનિક રહીશ પટેલ પન્નાબેને તંત્ર પર આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, 'અમે પૈસે-ટકે સુખી અને સમૃદ્ધ છીએ, પરંતુ SMCના પાપે આજે અમારે લાખોનું નુકસાન ભોગવવું પડી રહ્યું છે. છેલ્લા 10 વર્ષથી દર વર્ષે ચોમાસામાં અમારે આ જ યાતના ભોગવવી પડે છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન સમગ્ર ગુજરાતમાં અબજો રૂપિયાના બજેટ સાથે પહેલા નંબરે આવે છે, તો પછી એ પૈસા ક્યાં વપરાય છે? અમારે તંત્ર પાસેથી દૂધની થેલીઓ કે રાહત સામગ્રી નથી જોઈતી, અમારે માત્ર ને માત્ર આ ખાડી પૂરની સમસ્યાનો કાયમી ઉકેલ અને નિકાલ જોઈએ છે.' સ્માર્ટ સિટીના દાવાઓ સામે સવાલ ઉઠાવતા તેમણે ઉમેર્યું કે ઘર આગળ કીચડ અને ગંદકીના સામ્રાજ્ય વચ્ચે બાળકો અને વૃદ્ધો કેમ જીવે?

અન્ય સ્થાનિક નીલમબેને પણ પોતાનો આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે, 'એક બાટલી દૂધ આપી દેવાથી અમારું નિરાકરણ નથી થઈ જતું. ઘરોમાં ચાર-ચાર ફૂટ પાણી ભરાઈ ગયા છે અને પાણીની સાથે સાપ જેવા ઝેરી જીવજંતુઓ પણ ઘરોમાં ઘૂસી રહ્યા છે. પીવાના ચોખ્ખા પાણીના અભાવે અને ગંદકીના કારણે ઘરોમાં નાના બાળકોથી લઈને વૃદ્ધો બીમાર પડી રહ્યા છે. રાત્રે બીમાર વૃદ્ધોને ખાટલાના પાયા પકડીને પાણીમાંથી બહાર કાઢવા પડે છે. લોકોના ધંધા-રોજગાર અને કારખાના પાણીમાં ડૂબી ગયા છે, છતાં કોઈ અધિકારી કે નેતા અમારી સ્થિતિ જોવા સુદ્ધાં આવ્યા નથી. શું SMCના અધિકારીઓને આટલા બધા લોકોનું દુઃખ દેખાતું નથી?'

સ્થાનિકોનો ગંભીર આરોપ છે કે, ખાડી કિનારે આવેલી ટેક્સટાઈલ માર્કેટો અને ગેરકાયદે બાંધકામોના કારણે ખાડી પર મોટા પાયે દબાણો થઈ ગયા છે, પરંતુ તંત્ર દ્વારા આ દબાણકર્તાઓ સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. આ ઉપરાંત, વાલક ખાડીને ડાયવર્ટ કરવાના અણઘડ વહીવટી નિર્ણયના કારણે આજે અડધા સુરત શહેરને ખાડી પૂરની હોનારતમાં ધકેલી દેવામાં આવ્યું છે. આ વહીવટી ખામી અને આયોજનના અભાવનો ભોગ સામાન્ય કરદાતા નાગરિકો બની રહ્યા છે. દિલ્હીનું જંતર-મંતર અને માધવબાગ સોસાયટી ખાડી પૂરના આંદોલનનું કેન્દ્રસુરતના પરવત પાટિયા સ્થિત માધવબાગ સોસાયટીના રહીશ સુમિત રબારીએ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જેમ દિલ્હીમાં આંદોલનનું મુખ્ય સ્થળ જંતર-મંતર છે, તેમ સુરતમાં ખાડી પૂરના આંદોલનનું સ્થળ માધવબાગ સોસાયટી બની ગયું છે. સોસાયટી છેલ્લા 25 વર્ષથી પાણી ભરાવાની સમસ્યાથી હેરાન થઈ રહી છે, પરંતુ વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર કે સરકાર કોઈ જવાબદારી લેવા તૈયાર નથી. વર્ષ 2024થી 2027 સુધી માત્ર સમિતિઓ જ રચાયા કરે છે, પરંતુ પરિણામ શૂન્ય છે. સરકારે સિંધુ નદીનું પાણી અટકાવવાના બદલે સુરતની આ નાની ખાડીના પૂરને અટકાવવા પર ધ્યાન આપવું જોઈએ, કારણ કે આ પાણી સિંધુ સરખામણીએ 1% પણ નથી. રાજ્યના મુખ્યમંત્રીએ ખાડી માટે 1500 કરોડ રૂપિયા વાપરવાની વાત કરી હતી, પરંતુ ગાંધીનગરથી સુરત સુધી 400 થી 500 કિલોમીટર અંતર કાપતા એ ગ્રાન્ટમાંથી કશુંય બચતું નથી અને દર વર્ષે પરિસ્થિતિ એની એ જ રહે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

## આ ચોમાસામાં, આવો જોડાઈએ

# કેચ ધ રેઈન

## અભિયાનમાં,

## અને લઈએ જળસંચયનો સંકલ્પ

### ...કારણ કે જળ છે તો આપણે છીએ

"**કેચ ધ રેઈન** - આ અભિયાન હેઠળ વરસાદના પાણીના એક-એક ટીપાંને આપણે સૌએ મળીને બચાવવાનું છે. મારો ખાસ આગ્રહ છે કે વરસાદના પાણીનું દરેક ટીપું આપણે બચાવીએ."

– **નરેન્દ્ર મોદી,** વડાપ્રધાન, ભારત



## આપણે શું કરવાનું છે?

દરેક ઘર, સોસાયટી અને કામકાજના સ્થળ પર રેઈન વૉટર હાર્વેસ્ટિંગ ટેકનિક અપનાવીએ

યોગ્ય જગ્યા પસંદ કરીને રિચાર્જ પિટ તથા શાફ્ટ બનાવશો અને બિન-ઉપયોગી બોરવેલને ઠીક કરીને ગ્રાઉન્ડ વૉટર રિચાર્જ કરીએ

વાવ, કૂવા અને પરંપરાગત જળ સંરચનાઓમાં જરૂરી સુધારા કરી તેને વપરાશ યોગ્ય બનાવીએ

વરસાદી જળનો મહત્તમ સંગ્રહ થાય તે માટે આસપાસના તળાવો, જળાશયોમાંથી કાંપ કાઢીને જળધારણ ક્ષમતામાં વધારો કરીએ

જળગ્રહણ ક્ષેત્રોમાં વધુમાં વધુ વૃક્ષો વાવીને ગ્રીન કવર વધારીએ



**"વરસાદના એક-એક ટીપાંને જમીનમાં ઉતારી આપણી આવતીકાલને જળ-સુરક્ષિત અને પાણીદાર બનાવવાનો અમારો અડગ સંકલ્પ છે." - હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

## તંત્રી લેખ

# 15 વર્ષની અંદરનાઓ માટે સોશ્યલ નેટવર્ક પર પ્રતિબંધની તાતી જરૂર છે

૧૬ વર્ષની અંદરના છોકરાઓ સોશ્યલ નટેવર્ક ઉપયોગ કરી શકે નહીં તેવો પ્રતિબંધ મુકવાની હિંમત અનેક દેશોએ કરી છે. ઓસ્ટ્રેલિયા, યુકે, કેનેડા , બ્રાઝિલ, ઓસ્ટ્યિા અને ઈન્ડોનેશિયાએ ૧૬ વર્ષની અંદરના છોકરાઓ સોશ્યલ નેટવર્કનો ઉપયોગ ના કરી શકે તેવા પગલાં ભરીને વિશ્વમાં નવો ટ્રેન્ડ ઉભો કર્યો છે.

હાલમાં અનેક વેબસાઈટ ઉંમર વેરિફિકેશનના નામે લોકોને ગેરમાર્ગે દોરે છે. ૧૩વર્ષની અંદરના છોકરાઓ પણ પોતે ૧૬ વર્ષની ઉપરના છે એમ લખીને સાઈટમાંનો મસાલો એન્જોય કરતા હોય છે. હકીકતે આવી એન્જોયમેન્ટ તેમને વિકૃત વિચારસરણીવાળા બનાવતા હોય છે.

સૌથી પહેલા ઓસ્ટ્રેલિયા જાગ્યું હતું. ત્યારબાદ અન્ય દેશો જાગ્યા છે. ભારતના શાસકોને હજુ ઢંઢોળવામાં આવી રહ્યા છે.

ઝોહોના ફાઉન્ડર શ્રીધર વેમ્બૂએ તાજેતરમાં સ્પષ્ટ કહ્યું છે કે ભારતમાં છોકરાઓને પુસ્તકો વાંચતા કરવા હોય, સૂર્ય પ્રકાશમાં ફરતા કરવા હોય કે આઉટ ડોર ગેમ્સ રમતા કરવા હોય તો તેમના માટે સોશ્યલ નેટવર્ક પર પ્રતિબંધ મુકો. તેમનું સજેશન ત્યારે આવ્યું છેકે જ્યારે કેટલાક દેશો એમ તેમના છોકરાઓને સોશ્યલ નેટવર્કથી દુર રાખવાના પગલાં લીધા છે. તાજેતરમાં ફ્રાન્સે ૧૫ વર્ષથી નીચેના છોકરાઓ માટે સોશ્યલ નેટવર્ક પર પ્રતિબંધ મુક્યો છે. પ્રતિબંધ મુકનાર અન્ય દેશોએ ઉંમર ૧૬ વર્ષે રાખી છે. ઝોહોના ફાઉન્ડરે ઓનલાઈન પોસ્ટમાં લખ્યું છે કે ભારતે પણ દેશના છોકરાઓના ભાવિને ધ્યાનમાં લઈને સોશ્યલ નેટવર્ક પર પ્રતિબંધ મુકવો જોઈએ.

વેમ્બૂના ઓપિનીયનને એનલાઈન અનેક લોકોએ ટેકો આપ્યો છે જ્યારે કેટલાક લોકોએ સંપૂર્ણ પણે પ્રતિબંધ સામે વાંધો ઉઠાવ્યો છે.કેટલાકે કહ્યું છે કે છોકરાઓને ડિજીટલ લીટરસી સાથે ઉછેર કરવો જોઈએ. જોકે વેમ્બૂને સમર્થન કરનારા કહે છેકે છોકરાઓને સોશ્યલ નેટવર્કનું વ્યસન થતાં બહુ ઓછી વાર લાગે છે. સોશ્યલ નેટવર્ક તેમને પોતાની પોતાની રજૂઆત કરવાની ત્વરીત તક આપે છે.

છોકરાઓને દેશના કલ્ચર સાથે જોડવા હોય તો તેમની પાસેથી સોશ્યલ નેટવર્ક લઈ લેવું જોઈએ કેમકે તેમને મળતો સમય સોશ્યલ નેટવર્ક ખાઈ જાય છે. જે આઉટડોર ગેમ ભૂલાઈ ગઈ છે અને જેના કારણે છોકરાઓનું શરીર સૌષ્ઠ સુધરે છે તેના પર ભાર મુકવાની જરૂર છે.

છોકરાઓને સોશ્યલ નેટવર્કથી દુર રાખવા જોઈએ તે વાતનું અનેક લોકો સમર્થન કરી રહ્યા છે. સોશ્યલ નેટવર્ક પર આવતા કન્ટેન્ટ છોકરાઓના માનસ પર અસર કરે છે અને તેમના મનમાં બળવાખોરી તેમજ વિકૃતીના બીજ રોપે છે.

હાલની સ્થિતિ એ છેકે ત્રણ વર્ષના રડતા બાળકને છાનો રાખવા હાથમાં સ્માર્ટ ફોન પકડાવી દેવાય છે. તેમાં તેને ગેમ કે યુ ટયુબ મુકી આપવામાં આવે છે. પરંતુ તેમાં આવતા ઓનલાઈન કોન્ટેન્ટ તેને અન્ય ચીજો જોવા તરફ ખેંચી જાય છે. મોબાઈલ ઓપરેટ કરતા નાના છોકરાને તેનું વ્યસન એટલી હદે થઈ જાય છે કે તેને મોબાઈલ સાથે રાખીને જમાડવું પડે છે. તેના વાલી એમ માને છે કે મોબાઈલ ઓપરેટ કરતું તેમનું બાળક બહુ સ્માર્ટ છે પરંતુ હકીકત એ છેકે તે આઉટડોર ગેમ્સ રમવાની દિશાજ ભૂલી જાય છે.

સોશ્યલ નેટવર્કનું વ્યસન ૧૬ વર્ષની અંદરના છોકરાઓને એક વાર લાગી જાય છે પછી તેનું ભણવા તરફ બહુ ધ્યાન રહેતું નથી. આમ તેના ભાવિ પર પણ સોશ્યલ નેટવર્ક નેગેટીવ અસર કરે છે. ઝોહોનાં બેમ્બૂના વિચારને સમર્થન મળી રહ્યું છે. હવે ભારત સરકાર ક્યારે જાગે છે તે જોવાનું રહ્યું.

**એનઆઈએના ચુકાદાને ન્યાય ગણવો કે ઉપહાસ તે જ સમજાતું નથી, કચ્છથી પકડાયેલા છ લોકો સાત વર્ષે સ્મગલર નથી તેવું સિદ્ધ થયા પછી કોર્ટને લાગ્યું કે આ લોકો પાકિસ્તાની છે તેથી ઘુસણખોરીના કેસમાં આઠ વર્ષની જેલની સજા કરી : દેશની 1333 જેલોમાં સરેરાશ 113 ટકા જેટલા કેદીઓ પુરાયેલા છે. તેમાંય દિલ્હીની જેલોની વાત કરીએ તો તેનો ઓક્યુપન્સી રેટ 195 ટકા જેટલો છે. મેઘાલયની જેલમાં પણ 164 ટકા કેદીઓ ભરેલા છે**

# ગુજરાતમાં છ પાકિસ્તાનીઓને 7 વર્ષ જેલમાં રાખ્યા અને કોર્ટે ચુકાદો આપ્યો નિર્દોષ

## ભારતીયોને ન્યાય મળતો નથી અને પાકિસ્તાની કેદીઓ જેલમાં આનંદ કરે છે...



એનઆઈએના ચુકાદાને ન્યાય ગણવો કે ઉપહાસ તે જ સમજાતું નથી, કચ્છથી પકડાયેલા છ લોકો સાત વર્ષે સ્મગલર નથી તેવું સિદ્ધ થયા પછી કોર્ટને લાગ્યું કે આ લોકો પાકિસ્તાની છે તેથી ઘુસણખોરીના કેસમાં આઠ વર્ષની જેલની સજા કરી : દેશની 1333 જેલોમાં સરેરાશ 113 ટકા જેટલા કેદીઓ પુરાયેલા છે. તેમાંય દિલ્હીની જેલોની વાત કરીએ તો તેનો ઓક્યુપન્સી રેટ 195 ટકા જેટલો છે. મેઘાલયની જેલમાં પણ 164 ટકા કેદીઓ ભરેલા છે. બીજી તરફ કાશ્મીરની જેલમાં 147 ટકા અને મહારાષ્ટ્રની જેલોમાં પણ 140 ટકા કેદીઓ ઠુંસેલા છે : દિલ્હી અને બિહારની જેલમાં ૮૭ ટકા કેદીઓ અંડર ટ્રાયલ છે. બીજી તરફ અંદાજે 10 હજાર કેદીઓ એવા છે જે પાંચ વર્ષ કે તેનાથી વધુ સમયથી અંડર ટ્રાયલ કેદી તરીકે જેલવાસ ભોગવી રહ્યા છે. ભારતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ એટલી કથળેલી છે કે, સામાન્ય માણસને ન્યાય મેળવવા માટે કોર્ટના પગથિયા ઘસી નાખવા પડે છે, આખી જિંદગી પૂરી થઈ જાય છે અને છતાં ન્યાય મળતો નથી. બીજી તરફ આ જ ન્યાયતંત્ર અને ગૃહખાતું પાકિસ્તાનીઓને પકડીને ભારતની જેલમાં મોકલી દે છે. આ પાકિસ્તાનીઓને ભારતીય જેલોમાં દાયકાઓ સુધી સાચવવામાં આવે છે. તેમની સુરક્ષા, ભોજન, કાયદો અને વ્યવસ્થા પાછળ અત્યાર સુધીમાં કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે અને પરિણામ કશું જ મળતું નથી. સામાન્ય માણસ હેલમેટ ન પહેરે તો તેની પાસે આતંકવાદી જેવું વર્તન કરવામાં આવે છે, તેની સામે કેસ કરવામાં આવે છે, અને કોર્ટ સતત સામાન્ય માણસને દબડાવતી રહે છે. બીજી તરફ આ જ ન્યાયતંત્ર ૨૧૭ કિલો ડ્રગ્સ સાથે પકડાયેલા પાકિસ્તાનીઓને સાત વર્ષે ગુનેગાર ગણી શકતી નથી. તેને નિર્દોષ છોડી દે છે. તેની પાછળ કારણ એવું આવે છે કે, તપાસ એજન્સીઓ યોગ્ય પુરાવા આપી ન શક્યા.

આપણા દેશની કરુણતા જ એ રહી છે કે, ગૃહખાતા અને ન્યાયતંત્ર દ્વારા કાયમ સામાન્ય માણસને દબડાવાયો છે અને કીડીને કોશનો ડામ આપવાનો જ ન્યાય કર્યો છે. દુનિયાભરના દેશોમાં આતંકવાદીઓ પકડાય છે, ઘુસણખોરો પકડાય છે, ગુનેગારો પકડાય છે. તેમની સામે તરત જ કામગીરી કરવાની વ્યવસ્થા વિકસેલી છે પણ ભારતમાં તો રામરાજ્ય અને પોલીસ સુખી છે.

હાલમાં ન્યાયતંત્ર અને કાયદા તંત્ર એટલું કથળી ગયું છે કે તેનો ઉપયોગ હવે હથિયાર તરીકે થવા લાગ્યો છે. એક સમયે લોકો શ્રદ્ધાપૂર્વક કોર્ટમાં જતા હતા, તેમને ન્યાય મળવાની આશા હતી. મંદિરમાં જેમ વ્યક્તિ આસ્થાપૂર્વક જાય તેમ ન્યાયમંદિરમાં જતો હતો પણ ભ્રષ્ટ રાજકારણે ધર્મના મંદિર હોય કે ન્યાયના મંદિર હોય તમામ સ્થળે તંત્ર ખરાબ કરી નાખ્યું છે. ક્યાંક લોકોનું દાન લુંટી લેવાય છે તો ક્યાંક લોકોની જિંદગી ખર્ચાઈ જાય છે અને ઘુસણખોરો, આતંકીઓ સરકારી પૈસે જલસા કરે છે. ગુજરાતમાં તાજેતરમાં જે ઘટના બની તે આ ભ્રષ્ટ અને નિંભર તંત્રની સાક્ષી પુરે છે. કેન્દ્રમાં ભાજપની સરકાર છે, અમિત શાહ જેવા સક્ષમ ગૃહમંત્રી છે. બીજી તરફ ગુજરાતમાં હર્ષ સંઘવીને ગૃહખાતું સોંપવામાં આવ્યું છે. આ બંને ગૃહમંત્રીઓ પાસે તસવીરો ખેંચાવા સિવાય અન્ય કોઈ કામ નથી. આતંકી હુમલા થાય એટલે કેન્દ્રીય મંત્રી લોકોને સધીયારો આપવા પહોંચી જશે અને ગુજરાતમાં મોટી ઘટના બને એટલે હર્ષ સંઘવી ત્યાં પહોંચી જશે. થોડી તસવીરો ખેંચાશે, મીડિયામાં અને સોશિયલ મીડિયામાં ફરતી થશે અને પછી બધું ભુલાઈ જશે. કેન્દ્રીય ગૃહમંત્રી છેલ્લાં ઘણા સમયથી દેશની વિવિધ સરહદો ઉપર ફરજ બજાવતા બીએસએફના જવાનોને મળવા જાય છે. તેમની સાથે ભોજનની ઈવેન્ટ રખાય છે અને તેની તસવીરો સોશિયલ મીડિયામાં ફરતી કરાય છે. આ બીએસએફના જવાનોની જે સમસ્યાઓ છે તેને સાંભળવાનો કે પછી સરહદે શું પડકારો છે તેનો નિકાલ લાવવાનો સમય તેમની પાસે નથી. તેમના તાબા હેઠળની સરહદોએથી બાંગ્લાદેશીઓ કે પાકિસ્તાનીઓ દેશમાં ઘુસી જાય છે છતાં કોઈ કશું જ કરી શકતું નથી કે બોલી શકતું પણ નથી. ગુજરાતમાં તાજેતરમાં એનઆઈએ કોર્ટ દ્વારા એક ચુકાદો આપવામાં આવ્યો છે. ૨૦૧૯માં પકડાયેલા છ પાકિસ્તાનીઓને સાત વર્ષ જેલમાં રાખ્યા બાદ, તેમને સાચવ્યા બાદ હવે નક્કી કરવામાં આવ્યું કે, તેઓ ખોટી રીતે ભારતમાં આવ્યા છે. તેમણે ભારતીય કાયદાનો ભંગ કર્યો છે અને તેમને ઘુસણખોરી બદલ આઠ વર્ષની સજા કરવામાં આવી છે. કથળયેલા પોલીસ તંત્ર અને ન્યાયતંત્રનું આ અનોખું ઉદાહરણ છે. સાત વર્ષ સુધી કેસ ચાલ્યા બાદ કોર્ટે કહ્યું કે, આ પાકિસ્તાનીઓને ડ્રગ્સ સ્મગલર સાબિત કરવા માટે પુરતા પુરાવા નથી. તેથી તેમને ડ્રગ્સના કેસમાં દોષિત ગણવામાં આવતા નથી. બીજી તરફ તેમને ઘુસણખોરી બદલ આઠ વર્ષની સજા કરવામાં આવે છે. હકિકતે તો આ આઘાતજનક સ્થિતિ છે. એક પાકિસ્તાની બોટમાંથી ૨૧૭ કિલો ડ્રગ્સ ઝડપાય છે. તેની સાથે આ પાકિસ્તાનીઓને પણ પકડવામાં આવે છે. ગુજરાતના જખૌથી પકડાયેલા આ પાકિસ્તાનીઓને ડ્રગ્સના કેસમાં તો જેલ થઈ જ નહોતી. તેમને માત્ર પકડીને જેલ હવાલે કરાયા હતા. ત્યાં સાત વર્ષ સાચવ્યા બાદ કોર્ટે વારંવાર સુનાવણીઓ રાખીને જાહેર કરી દીધું કે પકડાયેલા લોકો આરોપી નથી. તેમને કોઈ સજા જાહેર કરાઈ નથી. તેઓ ગેરકાયદે ભારતમાં ઘુસ્યા હતા તેથી તમામને ફોરન એક્ટના ભંગ બદલે દોષિત જાહેર કરીને આઠ વર્ષની કેદની સજા સંભળાવવામાં આવી.

કોર્ટને લાગ્યું કે, તપાસ એજન્સીઓ દ્વારા ઘટનાના પુરાવાના અભાવે વાર્તા કહેવામાં આવે છે. તપાસ એજન્સીઓએ કોર્ટમાં વાર્તા કહી અને તમામ આરોપીઓ નિર્દોષ સાબિત થઈ ગયા. કોર્ટનું કહેવું હતું કે, જહાજના લોગબુક કે તેના વાયરલેસ મેસેજના કોઈ ડેટા યોગ્ય રીતે રજૂ થયા નહોતા. તે ઉપરાંત આ પાકિસ્તાની બોટ ભારતીય જળસીમામાં ઘુસવાની પહેલેથી ગુપ્ત માહિતી હતી તો ઉપરી અધિકારીઓને તેની જાણ કેમ કરવામાં આવી નહોતી. સૌથી હાસ્યાસ્પદ બાબત તો એવી સામે આવી કે, કોસ્ટગાર્ડ દ્વારા જ્યારે પાકિસ્તાની બોટને આંતરવામાં આવી ત્યારે પાકિસ્તાનીઓને ડ્રગ્સના પેકેટ પાણીમાં ફેંકી દીધા. તપાસ અધિકારીઓના નિવેદનો અને સાક્ષીઓના નિવેદનોમાં પણ વિરોધાભાસ આવતો હતો. તેના કારણે અમદાવાદની સ્પેશિયલ એનાઈએ કોર્ટે છ પાકિસ્તાનીઓને ડ્રગ્સના કેસમાં નિર્દોષ છોડી મુક્યા. તેમને માત્ર ઘુસણખોરી માટે આઠ વર્ષની જેલની સજા ફટકારાઈ અને ૨૫ હજારનો દંડ કરવામાં આવ્યો.

દુ:ખની વાત એ છે કે આટલી મોટી ઘટના બને છે, દેશના ગૃહમંત્રી અમીત શાહને ગૃહખાતામાં શું ચાલી રહ્યું છે તેની ખબર માત્ર નથી. તપાસ એજન્સીઓની કામગીરી એટલી હદે કથળી ગઈ છે કોર્ટમાં સચોટ પુરાવા કે દલીલો પણ કરાતી નથી, સરકારી વકીલોને લખલૂટ પૈસા અપાય છે પરંતુ સરકારી કેસો હારી જવા માટે જ અપાતા હોય છે આવી જ પરિસ્થિતિ ગુજરાતના ગૃહખાતાની છે. હર્ષ સંઘવીને પણ હજી નવા નવા છે માટે એટલો અભ્યાસ કરવાનો સમય જ નથી, ખેર ૭ વર્ષ સુધી પાકિસ્તાનીઓને આ દેશમાં રાખી એમની સરભરા કરાય અને ગૃહમંત્રી આની જવાબદારી પણ ન લઈ શકે તે ઘટના શરમજનક છે ! ભારતની જેલોમાં જે કેદીઓની સંખ્યા છે તે જ ભારતની ન્યાય વ્યવસ્થા અને ગૃહખાતા તથા પોલીસની કામગીરી સામે મોટા સવાલ ઊભા કરે છે.

ભારતની જેલોમાં પહેલેથી જ મર્યાદા કરતા અનેક ગણા વધારે કેદીઓ ભરવામાં આવ્યા છે. તેમાંય વાસ્તવિકતા જોઈએ તો ભારતીય જેલોની ક્ષમતા ૪.૫૦ લાખ કેદીઓની છે. તેની સામે હાલમાં ભારતમાં ૫.૧૧ લાખ કરતા વધારે કેદીઓ ભરેલા છે. તેનો સીધો અર્થ એ છે કે, ભારતીય જેલોમાં ૬૦ હજાર જેટલા વધારે કેદીઓ છે. દેશની ૧૩૩૩ જેલોમાં સરેરાશ ૧૧૩ ટકા જેટલા કેદીઓ પુરાયેલા છે. તેમાંય દિલ્હીની જેલોની વાત કરીએ તો તેનો એક્યુપન્સી રેટ ૧૯૫ ટકા જેટલો છે. અહીંયા મર્યાદા કરતા બમણા કેદીઓ છે. મેઘાલયની જેલમાં પણ ૧૬૪ ટકા કેદીઓ ભરેલા છે. બીજી તરફ કાશ્મીરની જેલમાં ૧૪૭ ટકા અને મહારાષ્ટ્રની જેલોમાં પણ ૧૪૦ ટકા કેદીઓ ઠુંસેલા છે.

ચિંતાજનક બાબત એવી છે કે, ભારતીય જેલોમાં જે કેદીઓ ભરવામાં આવ્યા છે તેમાંથી ૭૩ ટકા કેદીઓ તો કાચા કામના કેદીઓ છે. તેમની કોર્ટ ટ્રાયલ ચાલુ છે. તેમાંથી મોટાભાગના બિચારા એવા કમનસીબ કેદીઓ છે જેમના કેસના ચુકાદા આવતા જ વર્ષો અને દાયકા નિકળી જાય છે. દિલ્હી અને બિહારની જેલમાં ૮૭ ટકા કેદીઓ અંડર ટ્રાયલ છે. તેમાંથી આશરે ૭૦ ટકા કેદીઓ એક વર્ષથી જેલમાં રાખવામાં આવેલા છે. બીજી તરફ અંદાજે ૧૦ હજાર કેદીઓ એવા છે જે પાંચ વર્ષ કે તેનાથી વધુ સમયથી અંડર ટ્રાયલ કેદી તરીકે જેલવાસ ભોગવી રહ્યા છે. એનઆઈએની સ્પેશિયલ કોર્ટે આપેલા ચુકાદા બાદ લોકોમાં ફરી એક વખત ચર્ચા ચાલી છે. ખાસ કરીને ગુજરાતની જે સ્થિતિ છે તે જોતાં લાગી રહ્યું છે કે, અહીંયા કાયદો અને ન્યાયના નામે પ્રજા સાથે માત્ર મજાક કરવામાં આવી રહી છે. સામાન્ય માણસને સજા અને ઘુસણખોરોને બિરિયાની પિરસવાની પરંપરા બની ગઈ છે.

ગુજરાતમાં દાયકાઓથી બાંગ્લાદેશીઓ ઘુસણખોરી કરીને આવ્યા છે અને વિવિધ શહેરોમાં વસવાટ કરે છે. છેલ્લાં ત્રણ દાયકાથી ભાજપની સરકારને, સ્થાનિક તંત્રને અને ન્યાય વ્યવસ્થાને આ બાબતની ખબર છે પણ માત્ર ચૂંટણી પહેલાં આ લોકો સામે પગલાં લેવાય છે. પચાસ-સો લોકોને પકડીને પરત મોકલવામાં આવે છે અને પછી સરકારી ખેલ પૂરો થાય છે અને પ્રજા પણ તાળીઓ પાડીને ઘરભેગી થઈ જાય છે. બધું જ ભુલાઈ જાય છે. પાકિસ્તાની કે બાંગ્લાદેશી ઘુસણખોરો પકડાય છે ત્યારે જ તેમને તરત જ સરહદ ઉપરથી જ રવાના કરી દેવાના બદલે ભારતમાં લાવીને તેમના જેલમાં રાખવાનો કે તેમનો બોજો ઉપાડવાની શું જરૂર છે. તેમાંય જે આતંકીઓ પકડાય છે તેને કાયદાની ઝડપી કામગીરી કરી ફાંસી આપી દેવાતી નથી. દાયકાઓ સુધી તેનો કેસ ચાલે છે. તેને સુરક્ષા અપાય છે, સારવાર અપાય છે, સારું ભોજન અપાય છે અને સુવિધાઓ અપાય છે. બીજી તરફ ભારતની જેલમાં સામાન્ય માણસો જીવજંતુઓની જેમ સબડે છે પણ તેની સામે જોનાર કોઈ નથી. ગુજરાતના ગૃહમંત્રી હોય કે કેન્દ્રના ગૃહમંત્રી હોય તેમને સ્થિતિની ખબર જ છે તો પછી આ દિશામાં ઝડપી અને નક્કર પગલાં કેમ નથી લેતા. સરહદે જ ઘુસણખોર પકડાય છે તો તેને તરત જ પરત મોકલી દેવો અને આતંકીને પૂરો કરી દેવો. દુનિયાના મોટાભાગના દેશો આવી જ કામગીરી કરે છે પણ ભારતમાં રાજકીય રમતો માટે તમામ સ્તરે સખાવતો ચાલુ જ રાખવામાં આવે છે.

# ત્રિશૂળની શક્તિ જ્યારે ખતમ થઈ અને દીવો બુઝ્યો નહીં

## સંકટની ઘડીએ ધીરજ,બુદ્ધિ અને અંતરના પ્રકાશથી મળતો સાચો વિજય



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

અષાઢી પૂનમ-વ્યાસ ગુરૂ પૂર્ણિમા નો દિવસ ઉત્સાહ ઉમંગભેર ગઈ કાલે ઉજવ્યો. અષાઢની ભીની હવા, દીપની સુગંધ અને ગુરુના આશીર્વાદ થી ઘર આખું ભરાઈ ગયું હતું. ગુરુપૂર્ણિમા માત્ર ગુરુને વંદન કરવાનો દિવસ નથી.તે દિવસ આપણને યાદ અપાવે છે કે જીવન ના ઘોર અંધકારમાં પણ કોઈક દીવો બળતો રહે છે, કોઈક બુદ્ધિ માર્ગ બતાવતી રહે છે, કોઈક ધીરજ આપણો હાથ પકડી રાખે છે.

ત્રેતાયુગની કથા અને માનપુર ગામના અભિષેકની વાત, બંને અલગ સમયની છે, અલગ પાત્રોની છે, પણ બંનેનો સૂર એક જ છે. પ્રતિકૂળતા ગમે તેટલી મોટી હોય, જો અંદરનો દીવો ન બુઝાય અને બુદ્ધિ શાંત રહે, તો માણસ હારતો નથી. ભગવાન શ્રીરામનું સમગ્ર જીવન પણ આ જ સત્યની સાક્ષી છે. ધીરજ, શાણપણ અને સમયસરનો નિર્ણય એ જ સાચા વિજયની ચાવી છે. જંગલનો પ્રસંગ:જ્યારે ત્રિશૂળની શક્તિ ખતમ થઈ ગઈ ત્રેતાયુગ હતો. શ્રીરામ વનવાસમાં હતા. ઋષિઓના આશ્રમોની આસપાસ રાક્ષસો ત્રાસ મચાવતા હતા. એવા સમયે મહર્ષિ અત્રિના આશ્રમમાં ધૈર્યસેન નામનો કારીગર રહેતો હતો. તે માત્ર મજબૂત જ નહીં, અત્યંત બુદ્ધિશાળી પણ હતો. તે આશ્રમ માટે ધનુષ બનાવતો, રથ તૈયાર કરતો, યજ્ઞવેદી ઘડતો.

એક દિવસ નજીકના આશ્રમમાંથી યજ્ઞમંડપ બનાવવાનું કામ મળ્યું. દિવસોની મહેનત પછી કામ પૂરું થયું. ઋષિએ ખુશ થઈને તેને સોનાના સિક્કાની થેલી આપી, જેથી આશ્રમ માટે સામગ્રી લાવી શકાય. સાંજે ગાઢ જંગલમાંથી પાછા ફરતી વખતે એક ભયાનક રાક્ષસ સામે આવ્યો. હાથમાં દૈવી શક્તિથી ભરેલું ત્રિશૂળ. તેણે ગર્જના કરી: 'જે કંઈ છે તે આપી દે, નહીંતર જીવ લઈ લઈશ.'

અહીં જો ધૈર્યસેન બળથી લડવા જાય તો હાર નિશ્ચિત હતી. પણ તેણે શસ્ત્રની જગ્યાએ શબ્દનું શસ્ત્ર ઉપાડ્યું. નરમાશથી કહ્યું, 'મહાશક્તિ, સોનું લઈ લો, પણ એક વિનંતી માનો. મારા ઉપરના વસ્ત્રમાં તમારા ત્રિશૂળથી કાણું પાડો, જેથી આશ્રમમાં બધા માને કે રાક્ષસે હુમલો કર્યો.' રાક્ષસને પોતાની તાકાત બતાવવાનો મોકો મળ્યો. તેણે ત્રિશૂળ વડે વસ્ત્ર ફાડ્યું. ધૈર્યસેને ફરી કહ્યું, 'બે-ત્રણ કાણા વધારે પાડો, તો લાગશે કે મેં બહાદુરીથી સામનો કર્યો.'

ઘમંડમાં રાક્ષસ વારંવાર ત્રિશૂળ ચલાવતો રહ્યો. દરેક વાર સાથે તેની દૈવી શક્તિ ક્ષીણ થતી ગઈ. જ્યારે ત્રિશૂળ નિર્જીવ થઈ ગયું, ત્યારે ધૈર્યસેન હસ્યો અને બોલ્યો, 'હું આ જ ક્ષણની રાહ જોતો હતો. હવે તારી પાસે ભય સિવાય કંઈ નથી.' એક જ ઝાટકે તેણે રાક્ષસને કાબૂમાં લીધો. રાક્ષસે થેલી પાછી આપી અને જંગલમાં ભાગી ગયો.

આશ્રમમાં પાછા ફરીને જ્યારે મહર્ષિ અત્રિએ આખી વાત સાંભળી, ત્યારે તેમણે કહ્યું, 'બેટા, સંકટની ઘડીએ શરીરનું બળ નહીં, બુદ્ધિનું બળ સૌથી મોટું શસ્ત્ર છે. જે પોતાની ધીરજ અને ઉપસ્થિતિ ગુમાવતો નથી, તેને કોઈ હરાવી શકતું નથી.'

માનપુર ગામમાં અભિષેક નામનો છોકરો રહેતો હતો. ભણવામાં હોશિયાર,પણ આત્મવિશ્વાસના અભાવે દરેક સ્પર્ધાથી દૂર ભાગતો. 'હું બીજા જેવો સારો ક્યાંથી થઈશ એ વિચાર તેને બાંધી રાખતો.

એક રાત્રે ભયંકર વાવાઝોડું આવ્યું. વીજળી ગઈ. આખું ઘર અંધકારમાં ડૂબી ગયું.દાદીએ એક નાનો માટીનો દીવો પ્રગટાવ્યો. પવન જોરથી ફૂંકાતો હતો.અભિષેકે પૂછ્યું,'દાદી, આ નાનો દીવો આવા પવન સામે શું કરશે?'

દાદી હસ્યા અને બંને હાથે જ્યોતને બચાવતા બોલ્યા, 'બેટા, અંધકાર દૂર કરવા સૂર્યની જરૂર નથી. એક દીવો પૂરતો છે.બસ તે બુઝાવા ન દે.'

પવન વધતો ગયો, બારીઓ ખડખડાટ થતી રહી, પણ દીવો બળતો રહ્યો. દાદીએ કહ્યું, 'પવન પોતાનું કામ કરે, દીવો પોતાનું કામ કરે. જો દીવો પવનથી બુઝાઈ જાય તો આખું ઘર અંધારું થઈ જશે.'

એક જ વાક્યમાં અભિષેકની અંદર ચિનગારી પેટી. તે સમજી ગયો કે જીવનમાં તોફાન તો આવશે જ. પ્રશ્ન એ નથી કે તોફાન કેટલું મોટું છે, પ્રશ્ન એ છે કે મારી અંદરનો દીવો કેટલો મજબૂત છે.

બીજા દિવસે શાળામાં ભાષણ સ્પર્ધા હતી.પહેલા તે ના પાડતોહતો આ વખતે હિંમત કરીને નામ આપ્યું. સ્ટેજ પર પગ ધ્રૂજતા હતા. ત્યારે તેને દાદીનો દીવો યાદ આવ્યો. મનમાં કહ્યું, 'પવનથી નહીં ડરું, મારા પ્રકાશને ઓલવાઈ જવા નહીં દઉં.'તે જીત્યો નહીં, પણ 'હિંમત પુરસ્કાર' મળ્યો. તેના માટે એ ટ્રોફીથી પણ મોટું હતું. ધીમે ધીમે તેણે દરેક પડકાર સ્વીકાર્યો. વર્ષો પછી એ જ અભિષેક એક સફળ અધિકારી બન્યો. અને જ્યારે પણ જીવનમાં મુશ્કેલી આવતી, તે દાદીના દીવાને યાદ કરતો.

બંને કથાનો એક જ આધ્યાત્મિક સૂર ધૈર્યસેનની કથા બાહ્ય રાક્ષસની છે.અભિષેકની કથા આંતરિક ડરની છે. એકમાં સામે ત્રિશૂળ હતું, બીજામાં સામે વાવાઝોડું હતું. પણ બંનેએ એક જ માર્ગ અપનાવ્યો: ઉતાવળ નહીં, ઘમંડ નહીં, ગભરાટ નહીં.

આ જ તો આધ્યાત્મિકતા છે. આધ્યાત્મિકતા એટલે પૂજા-પાઠ માત્ર નહીં. આધ્યાત્મિકતા એટલે સંકટમાં પણ ચેતનાને જાગૃત રાખવી. રાક્ષસની શક્તિ ત્રિશૂળમાં નહોતી, તેના ભયમાં હતી. પવનની શક્તિ દીવાને બુઝાવવામાં નહોતી, દીવાને ડરાવવામાં હતી. જેવો ભય ગયો, તેવી શક્તિ પણ ગઈ. ભગવાન શ્રીરામે આખું જીવન આ જ શીખવ્યું.વનવાસ, સીતાહરણ, સમુદ્ર,યુદ્ધ.દરેક જગ્યાએ બળ કરતાં પહેલા બુદ્ધિ,ક્રોધ કરતાં પહેલા ધીરજ. એટલે જ તે મર્યાદા પુરુષોત્તમ કહેવાયા.

ગુરૂપૂર્ણિમાનો સંદેશ ગુરુ એટલે જે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય. ધૈર્યસેનના ગુરુ મહર્ષિ અત્રિ હતા જેમણે અંતે કહ્યું કે બુદ્ધિ સૌથી મોટું શસ્ત્ર છે. અભિષેકના ગુરુ તેની દાદી હતી જેમણે દીવાના દાખલાથી જીવનનો પાઠ ભણાવ્યો.

આપણા જીવનમાં પણ દરરોજ કોઈને કોઈ રાક્ષસ આવે છે. ક્યારેક તે નોકરીનું ટેન્શન છે,ક્યારેક સંબંધો નું, ક્યારેક નિષ્ફળતાનો ડર છે.અને દરરોજ કોઈને કોઈ વાવાઝોડું આવે છે.ક્યારેક સમાજનું દબાણ, ક્યારેક તુલનાની આંધી.

ગુરુપૂર્ણિમા આપણને પૂછે છે:તારા હાથમાં ત્રિશૂળ છે કે દીવો છે? જો ત્રિશૂળ છે તો તેને વિવેકથી વાપર. જો દીવો છે તો તેને બુઝાવા ન દે. વ્યવહારમાં ઉતારવાના ત્રણ પાઠ *પહેલો પાઠ: પ્રતિક્રિયા નહીં, પ્રતિભાવ આપો ધૈર્યસેને રાક્ષસની ગર્જનાનો જવાબ ગર્જનાથી ન આપ્યો. તેણે એક ક્ષણ થોભીને વિચાર્યું. જીવનમાં પણ જ્યારે કોઈ કટુ બોલે, જ્યારે પરિસ્થિતિ વિકટ બને, ત્યારે પહેલી પ્રતિક્રિયા ઘણીવાર આપણને નુકસાન કરે છે. એક ઊંડો શ્વાસ, એક પ્રાર્થના, અને પછી નિર્ણય. એ જ ધીરજ છે.

# કબીર સાહેબનાં ગુરુ પરંપરાને પૂરવાર કરતાં દોહા, સદગુરુ તત્વને કંઈ રીતે ઉદ્ઘાટિત કરે છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

ગઈકાલે શિષ્યનાં અમૂલ્ય અહોભાવને વ્યક્ત કરતું પર્વ ગયું! સૌએ પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે ગુરુ વંદના કરી. સૌપ્રથમ તો આપણે જોયું એમ સદગુરૂ એ આપણી પસંદ મુજબ નક્કી થતાં નથી, આ એક અસ્તિત્વની પૂર્ણ ને પરમ વ્યવસ્થા છે. તદુપરાંત સદગુરુ પોતે ક્યારે ગુરુ છે, એવું જતાવતા નથી, તે એક સંપૂર્ણ જ્ઞાની સાધુ તરીકે જીવે છે. તે સંસારી પણ હોઈ શકે, અને સન્યાસી પણ હોઈ શકે. તેની કોઈ પણ અવસ્થા કે કક્ષા એ સાધક માટે બાધ્ય હોવી જોઈએ નહીં, એટલે કે તેનાથી શિષ્ય કે સાધકને ફેર પડવો જોઈએ નહીં. મોટેભાગે સૌથી વધુ અહીં જ સમસ્યા થતી હોય છે, એટલે કે એ સદગુરુ જો સંસારી હોય તો, સાધક તેનાં વ્યવહાર પરથી વારેવારે એમ વિચારે કે, આ શું મને ઈશ્વરનો ભેટો કરાવશે? અને તેનો ભરોસો ડગતો દેખાય. જેટલી જેટલી વાર સાધક કે શિષ્યના મનમાં આ પ્રકારના વિચાર આવે, એટલો તે સદગુરુ તત્વથી હજી દૂર છે, એવું સાબિત થાય. વચનની તો પછી વાત આવે, પહેલા ગુરુની દિનચર્યા અને વ્યવહારોમાં પણ ભરોસો રાખવો પડે. કારણ કે તેનું જાહેરમાં જીવન અલગ હોય છે, અથવા તો એવી કક્ષાએ પહોંચ્યા હોય કે, જ્યાં તેને કોઈપણ પ્રકારનાં ભોગ હલાવી શકે નહીં. ઈશ્વર સાથેનું તેનું અનુસંધાન કોઈ કાળે તૂટે નહીં. આવાં ગુરુ તત્વને નરસિંહ મહેતા, મીરાં, કબીર, અને તુલસી, જેવાં ઘણાં તત્વ ચિંતકો એ લોક પાચ્ય બનાવતાં પદ,ભજન, કીર્તન, અને દોહા આપી લોક સાહિત્યને વૈભવી બનાવ્યું છે. નરસિંહને તો આપણે છેલ્લા બે વર્ષથી દર ગુરૂવારે આત્મસાત કરીએ જ છીએ! પરંતુ સંત કબીર કે કબીર સાહેબના નામે ગુરુ ભક્તિનાં પારાવાર પૂરાવા આપતાં દોહા છે, તો આ બે દિવસ આપણે હજી સદગુરુ તત્વ પર ચિંતન કરીશું. ૧)ગુરુ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગું પાય? બલિહારી ગુરુ આપને, ગોવિંદ દિયો બતાય. જો ગુરુ અને ભગવાન બંને સામે ઉભા હોય તો પહેલા ગુરુને પ્રણામ કરવા જોઈએ, કારણ કે ગુરુએ જ આ ભગવાન છે એમ પરિચય કરાવ્યો.આધ્યાત્મિક રીતે કહીએ તો પરમાત્માની પ્રાપ્તિનો માર્ગ સદગુરુ બતાવે છે. કારણ કે મનુષ્ય ભગવાનને મંદિર અને મૂર્તિ માં જ શોધતો હોય છે,પણ સદગુરુ જ એને એની આસપાસ વસતા સર્વમાં પણ એ જ ઈશ્વર છે એનો અનુભવ કરાવે છે! આમ ગુરુ વિના ઈશ્વરનું સાચું સ્વરૂપ સમજવું અઘરું છે. તેથી ગુરુ ઈશ્વર સુધી પહોંચાડનાર સેતુ છે.

૨)ગુરુ બિન જ્ઞાન ન ઉપજે, ગુરુ બિન મળે ન ભેદ; ગુરુ બિન સંશય ના મિટે, જય જય શ્રી ગુરુદેવ.

શિક્ષક કે માર્ગદર્શક વિના સાચું જ્ઞાન મળતું નથી અને મનની મૂંઝવણ દૂર થતી નથી.

આધ્યાત્મિક રીતે મૂલવીએ તો, સદગુરુ જ ખુદની અંદર શ્વસતા આત્મા અને પરમાત્મા એક જ છે એ રહસ્યનો ભેદ સમજાવે છે. તેમણે કરાવેલ અનૂભૂતિથી અજ્ઞાન અને સંશયનો અંત આવે છે. ૩)સબ ધરતી કાગદ કરું, લેખની સબ બનરાય; સાત સમુદ્ર કી મસી કરું, ગુરુ ગુણ લખા ન જાય. આખી ધરતી કાગળ બની જાય અને સાત સમુદ્ર શાહી બની જાય તો પણ સદગુરુ નાં ગુણ આલેખી શકાય નહીં.આધ્યાત્મિક રીતે મૂલવીએ તો સદગુરુની કૃપા અનંત છે, દસે દિશામાં પ્રકાશ ફેલાવે છે. તેમણે આપેલું જ્ઞાન અને ચેતનાનો પ્રકાશ ક્યારેય શબ્દોમાં પૂર્ણ રીતે વ્યક્ત થઈ શકતો નથી.

૪)ગુરુ કુંભાર શિષ્ય કુંભ છે, ગઢી ગઢી કાઢે ખોટ; અંદર હાથ સહાર દે, બહાર મારે ચોટ. ગુરુ શિષ્યના દોષ દૂર કરે છે. ક્યારેક કડક બને છે, પણ અંદરથી પ્રેમ અને સહારો આપે છે. આધ્યાત્મિક રીતે મૂલવીએ તો સદગુરુ શિષ્યના અહંકાર અને અજ્ઞાનને દૂર કરવા માટે ક્યારેક કુંભાર જેમ બહારથી થપાટ મારે છે એટલે કે એને એવા અનુભવની એરણે ચડાવી તેને આત્મજ્ઞાન માટે તૈયાર કરે છે! અને તૂટી ન જાય એટલે અંદરથી સહારો પણ આપે છે. ૫)જાકા ગુરુ છે આંધળા, ચેલા ખરા નિરંધ; આંધા આંધા ઠેલિયા, દોઉ કૂપ પડંત.

જો માર્ગદર્શકને જ સાચો માર્ગ ખબર ન હોય તો તે પોતે પણ ભટકે અને બીજાને પણ ભટકાવે.

આધ્યાત્મિક રીતે મૂલવીએ તો અપૂર્ણ ગુરુ પોતે આંધળો હોય એ રીતે અજ્ઞાન ને દોહરાવે છે! મતલબ કે અહંકાર અને અહમ જ જ્ઞાનનો દુશ્મન છે એવું સમજાવવાની બદલે અહંકાર ને પોષણ આપે છે. આવા ગુરુનો આશ્રય લેનાર શિષ્ય પણ આત્મજ્ઞાનથી વંચિત રહે છે.

ઈશ્વર તત્વને ને સ્વીકારવું કે ન સ્વીકારવું! એ કદાચ મનુષ્યનો અંગત પ્રશ્ન હોય, પણ જો એને અધ્યાત્મ માર્ગે સફર ખેડવી હોય અને જીવ શિવનાં અસ્તિત્વને જીવતાં જ જોવું, જાણવું, અને માણવું, હોય તો એની પાસે સદગુરુ કૃપા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી, આ માર્ગ એવો છે, જ્યાં માત્રને માત્ર કોઈની આંગળી પકડીને જ પહોંચી શકાય છે! કારણ કે માહિતીને આધારે સફર તો આપણે તય કરીએ! પરંતુ આ એ જ છે જેને તું શોધે છે, એવું પ્રમાણપત્ર મળે નહીં ત્યાં સુધી ઈશ્વર પણ ઓળખાતો નથી! સદગુરુ ઈશ્વર વિશેની આપણી તમામ કલ્પના અને ધારણાને જડ મૂળથી દૂર કરી નાંખે છે, અને છતાં જેનું દર્શન કરાવે છે, એને શરીરનું એક એક રુંવાડુ ઈશ્વર તરીકે સ્વીકારે છે. માટે જ આવાં સદગુરુનો મહિમા ગાવા માટે ગુરુ પૂર્ણિમાનો ઉત્સવ મનાવવામાં આવે છે. ભારતીય વૈદિક શાસ્ત્રોમાં સંન્યાસી માટેની ખૂબ અર્થ પૂર્ણ માહિતી ભરી પડી છે! પરંતુ સંન્યાસ હોય કે સંસાર શિખર સુધી દોરનાર તો સદગુરુ જ છે! અને સંસારીને તો પોતાનાં શરીરનાં નવ દ્વારમાં આસપાસનાં દૂષિત સમાજમાંથી કોઈ વિકાર ઘૂસી જાય નહીં એનું ધ્યાન રાખવાનું છે! અને ક્યારેક ક્યારેક તો સુખ નામે ભોગવાતા પદાર્થો જ અંદર જઈ ઝેર ફેલાવે છે! એટલે કે વિકાર વધારે છે! અધ્યાત્મ ને વિજ્ઞાન કહેવામાં આવ્યું છે, અને એટલે જ આ વિકારો વિકાસ માટે બાધારૂપ બને છે, અને જ્યાં સુધી એની આડઅસર માંથી બહાર આવીએ નહીં, ત્યાં સુધી આગળ વધવું મુશ્કેલ છે! સદગુરુ અહીં દરેક દ્વાર પર શિસ્ત, સંયમ, નિયમ, ધીરજ, અને જાગૃતિનું સુક્ષ્મ તાળું મારે છે, અને જો શિષ્ય સફળ થાય તો વિદ્યા આપી વિદ્વાન બનાવે છે, અને આ વિદ્યા પણ દિપક જેમ સ્વયંને પ્રકાશિત કરી શકે છે, એવું જ્ઞાન આપે છે. સદગુરુ આકાશગંગાનો એવો ગ્રહ છે, જે ક્યારેય શિષ્યને નડતો નથી, અને બીજા ગ્રહ નડે નહીં એ માટે એ ક્યારેક અવકાશી ગ્રહને અનૂકૂળ કરે, અને ક્યારેક શિષ્યનું સ્થાન બદલી એને અનૂકૂળ કરે છે. ટૂંકમાં સદગુરુની કૃપા વગર આપણે આપણા ખુદનાં અસતિત્વને ઓળખી શકતા નથી, અને માટે મનુષ્ય તરીકે જન્મ પામ્યા છતાં મુક્તિ, મોક્ષ, કે નિર્વાણથી દૂર રહી! સતત ભોગમાં રત રહીને લૌકિક મૃત્યુ કે જે અત્યંત કષ્ટ દાયક છે, એનું વરણ કરીએ છીએ.જય સીયારામ.

# ઓમનગર અને ચમનપુરા વચ્ચે નિર્માણાધીન લિમિટેડ હાઇટ સબવેનું ડીઆરએમ વેદ પ્રકાશ અને ધારાસભ્ય કંચનબેન રાદડિયાએ સંયુક્ત નિરીક્ષણ કર્યું





**અમદાવાદ, તા.29**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ તથા ઠક્કરબાપા નગર વિધાનસભા ક્ષેત્રની માનનીયા ધારાસભ્ય શ્રીમતી કંચનબેન વિનુભાઈ રાદડિયાએ આજે અસારવા-હિંમતનગર રેલખંડ પર આવેલા ઓમનગર અને ચમનપુરા વચ્ચેના લેવલ ક્રોસિંગ નં. 3 પર નિર્માણાધીન લિમિટેડ હાઇટ સબવે (LHS)નું તા. 29.07.2026ના રોજ સવારે 6:00 વાગ્યે સંયુક્ત નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન તેમણે ચાલી રહેલા બાંધકામની પ્રગતિની સમીક્ષા કરી તથા સંબંધિત અધિકારીઓને નિર્ધારિત સમયમર્યાદામાં ઉચ્ચ ગુણવત્તા સાથે કામગીરી પૂર્ણ કરવા સૂચના આપી.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં અમદાવાદની મુલાકાત દરમિયાન કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ તેમજ ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આ અંડરબ્રિજનું નિર્માણ કાર્ય આગામી નવરાત્રી મહોત્સવ પહેલાં પૂર્ણ કરવા સૂચના આપી હતી. તે અનુસંધાને પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા માટે આ નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું.

આશરે 19 કરોડના ખર્ચે નિર્માણાધીન આ લિમિટેડ હાઇટ સબવેની લંબાઈ 265 મીટર અને પહોળાઈ 8.5 મીટર હશે. આ પ્રોજેક્ટનું નિર્માણ બોક્સ પુશિંગ પદ્ધતિ (Box Pushing Method) દ્વારા કરવામાં આવી રહ્યું છે. રેલવે ટ્રેકની નીચે બોક્સ પુશિંગનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે હાલમાં એપ્રોચ રોડનું કામ ચાલુ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા ગટર લાઇન (Sewerage Drain)નું કાર્ય તથા ટોરેન્ટ પાવર દ્વારા વીજ કેબલના સ્થાનાંતરણ (Electric Cable Shifting)ની કામગીરી પ્રગતિમાં છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ બાકીના નિર્માણ કાર્ય ને વધુ ઝડપથી આગળ વધારવામાં આવશે.

નિરીક્ષણ દરમિયાન અધિકારીઓએ જણાવ્યું કે આ પ્રોજેક્ટને 30 સપ્ટેમ્બર, 2026 સુધી પૂર્ણ કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. હાલમાં આસપાસની રહેણાંક સોસાયટીઓના રહેવાસીઓને અવરજવર કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ બાબતને ધ્યાનમાં રાખીને મંડળ રેલ પ્રબંધકે સંબંધિત અધિકારીઓને ડ્રેનેજ તથા સાઇડ રોડનું કામ ઝડપથી પૂર્ણ કરવાની સૂચના આપી, જેથી સ્થાનિક નાગરિકોની અવરજવર સરળ બની શકે. સાથે જ તેમણે એ પણ સુનિશ્ચિત કરવા જણાવ્યું કે આ કામગીરી દરમિયાન લિમિટેડ હાઇટ સબવેનું નિર્માણ કાર્ય કોઈપણ વિક્ષેપ વિના સતત ચાલુ રહે. આ લિમિટેડ હાઇટ સબવેના નિર્માણથી લેવલ ક્રોસિંગ પર વાહનવ્યવહાર વધુ સુરક્ષિત, સરળ અને અવરોધરહિત બનશે. સાથે જ માર્ગ વપરાશકર્તાઓને સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત થશે અને વિસ્તારમાં ટ્રાફિક જામની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે.

આ નિરીક્ષણ દરમિયાન રેલવે તેમજ સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા.

# વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ: ગુજરાત સાયન્સ સિટી દ્વારા વિદ્યાર્થીઓમાં પર્યાવરણીય જાગૃતિ માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું

- ખ્યાતનામ વન્યજીવ જીવવિજ્ઞાની ડૉ. ધવલ કે. શુકલ દ્વારા "ભવિષ્ય માટે પ્રકૃતિનું સંરક્ષણ" વિષય પર પ્રેરણાદાયી વ્યાખ્યાન યોજાયું

**અમદાવાદ, તા.29**

વિદ્યાર્થીઓમાં પર્યાવરણ સંરક્ષણ, જૈવ વૈવિધ્યના જતન અને કુદરતી સંસાધનોના વિવેકપૂર્ણ ઉપયોગ અંગે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે ગુજરાત કાઉન્સિલ ઑફ સાયન્સ સિટી દ્વારા આજે 'વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ'ની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી.




આ જાગૃતિ કાર્યક્રમમાં વિસનગર તાલુકાના દાભલા સ્થિત ચાવડા એસ. જે. અને શાહ એસ. બી. હાઈસ્કૂલના 137 વિદ્યાર્થીઓ તથા તેમના શિક્ષકોએ સક્રિયપણે ભાગ લીધો હતો.

કાર્યક્રમ અંતર્ગત મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ગુજરાત યુનિવર્સિટીના પ્રાણીશાસ્ત્ર વિભાગના રિસર્ચ કોલેબોરેટર, પ્રકૃતિ સંરક્ષણવિદ્ અને વન્યજીવ જીવવિજ્ઞાની ડૉ. ધવલ કે. શુકલ દ્વારા 'ભવિષ્ય માટે પ્રકૃતિનું સંરક્ષણ' વિષય પર સંવાદાત્મક વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તેમણે ભાવિ પેઢીઓ માટે સ્વસ્થ પર્યાવરણ જાળવી રાખવા દરેક નાગરિકની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. આ ઉપરાંત જૈવ વૈવિધ્ય અને કુદરતી સંસાધનોના સંરક્ષણની તાતી જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વધુમાં તેમણે વિદ્યાર્થીઓને રોજિંદા જીવનમાં પર્યાવરણમૈત્રીપૂર્ણ (Eco-friendly) આદતો અપનાવવાની પ્રેરણા આપી હતી.

ઉલ્લેખનીય છે કે, ડૉ. ધવલ કે. શુકલે મણિપાલ એકેડમી ઑફ હાયર એજ્યુકેશનમાંથી PhD અને થોમસ જેફરસન, ક્રાઈટન અને યુનિવર્સિટી ઑફ નેબ્રાસ્કા મેડિકલ સેન્ટર) ખાતે પોસ્ટ-ડોક્ટરલ સંશોધન કરેલું છે. તેમના બહોળા અનુભવે વિદ્યાર્થીઓને ઊંડી પ્રેરણા પૂરી પાડી હતી.

વ્યાખ્યાન બાદ આયોજિત પ્રશ્નોત્તરી સેશનમાં વિદ્યાર્થીઓએ જિજ્ઞાસાપૂર્વક ભાગ લઈ પર્યાવરણીય મુદ્દાઓ પર ચર્ચા કરી હતી અને કાર્યક્રમના અંતે પ્રકૃતિ સંરક્ષણ માટે વ્યક્તિગત સ્તરે યોગદાન આપવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## પશ્ચિમ રેલવેના ગાંધીધામ રેલવે હોસ્પિટલમાં મોટી તબીબી સિદ્ધિ

# 66 વર્ષીય મહિલાના આશરે 3 કિલોગ્રામ વજનની વિશાળ ઓવેરિયન ગાંઠનું સફળ ઓપરેશન



**અમદાવાદ, તા.29**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળની ઉપ-મંડળ રેલવે હોસ્પિટલ, ગાંધીધામમાં અદ્યતન તબીબી સુવિધાઓ અને નિષ્ણાત ડૉક્ટરોની ટીમ દ્વારા 28 જુલાઈ, 2026ના રોજ એક જટિલ અને ઉચ્ચ જોખમવાળી સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી હતી. ડૉક્ટરોની ટીમે 66 વર્ષીય મહિલાના પેટમાંથી આશરે 3 કિલોગ્રામ વજન અને અંદાજે 20 + 18 સેમી કદની દુર્લભ અને વિશાળ ઓવેરિયન ગાંઠ (Giant Ovarian Mass) સફળતાપૂર્વક દૂર કરી હતી. આ સર્જરીના કારણે દર્દીને વધુ ઉચ્ચ કક્ષાની હોસ્પિટલમાં રિફર કરવાની જરૂર પડી નહોતી અને સ્થાનિક સ્તરે જ સંપૂર્ણ સારવાર ઉપલબ્ધ બની હતી.

દર્દીની સ્થિતિ અને સર્જરીની વિગતો

66 વર્ષીય મહિલા દર્દી પેટમાં ભારે દુખાવો અને સોજાની ફરિયાદ સાથે હોસ્પિટલમાં આવ્યા હતા. તપાસ દરમિયાન તેમના પેટમાં ખૂબ મોટી ગાંઠ હોવાની પુષ્ટિ થઈ. દર્દીની ઉંમર અને ગાંઠના મોટા કદને ધ્યાનમાં લેતા આ સર્જરી અત્યંત જોખમી હતી, જેમાં વધુ રક્તસ્રાવ અને અન્ય જટિલતાઓની સંભાવના હતી.

ગાંધીધામ રેલવે હોસ્પિટલના ઓપરેશન થિયેટરમાં ડૉ. જિગ્નેશ મહેતા (HVS)ના નેતૃત્વ હેઠળ આ જટિલ સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી હતી. એક્સપ્લોરેટરી લેપરોટોમી (Exploratory Laparotomy) પ્રક્રિયા સ્પાઇનલ એનેસ્થેશિયા (Spinal Anaesthesia) હેઠળ કોઈપણ પ્રકારની જટિલતા વિના સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

મુખ્ય મુદ્દા અને દર્દીની વર્તમાન સ્થિતિ

સફળ નિષ્પાદન: વિશાળ ગાંઠને કોઈપણ પ્રકારની જટિલતા કે નુકસાન વિના સંપૂર્ણપણે શરીરમાંથી દૂર કરવામાં આવી હતી.

દર્દીની વર્તમાન સ્થિતિ: સર્જરી બાદ દર્દીની તબિયતમાં સંતોષજનક સુધારો નોંધાયો છે અને હાલ તેમની સ્થિતિ સંપૂર્ણપણે સ્થિર છે. તેઓ ડૉક્ટરોની દેખરેખ હેઠળ સ્વસ્થ થઈ રહ્યા છે.

ભાવી યોજના: ગાંઠના નમૂનાને હિસ્ટોપેથોલોજિકલ તપાસ (Histopathological Examination) માટે પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યો છે, જેથી કેન્સરની સંભાવનાને સંપૂર્ણપણે નકારી શકાય. તપાસ અહેવાલ પ્રાપ્ત થયા બાદ જરૂરી હોય તો આગળની સારવાર અંગે નિર્ણય લેવામાં આવશે.

સ્થાનિક આરોગ્ય સેવાઓ માટે મહત્વપૂર્ણ કદમ

આ સફળતા ઉપ- મંડળ રેલવે હોસ્પિટલોની વધતી તબીબી ક્ષમતાનું ઉત્તમ ઉદાહરણ છે. સામાન્ય રીતે આવા મોટા અને જટિલ ટ્યુમરના કેસોમાં દર્દીઓને સુપર-સ્પેશિયાલિટી અથવા ખાનગી હોસ્પિટલોમાં રિફર કરવામાં આવે છે. ગાંધીધામ રેલવે હોસ્પિટલમાં આ દુર્લભ સર્જરીનું સફળ આયોજન એ દર્શાવે છે કે પશ્ચિમ રેલવે પોતાના કર્મચારીઓ અને તેમના પરિવારજનોને તેમના નજીકના સ્થળે જ ઉચ્ચ ગુણવત્તાની આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે સતત પ્રતિબદ્ધ છે.

# જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા ચોમાસામાં રોગચાળા નિયંત્રણ અર્થે સઘન અટકાયતી કામગીરી

## અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન અને CDHOની દેખરેખ હેઠળ આરોગ્ય ટીમો દ્વારા MLO અને એબેટ કામગીરી, દવાઓનો છંટકાવ, ક્લોરિનેશન અને ક્ષેત્રીય સર્વેલન્સ કામગીરી પૂરજોશમાં









**અમદાવાદ, તા.29**

ચોમાસાની ઋતુ દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો ન ફેલાય તે માટે અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વ્યાપક રોગચાળા અટકાયતી પગલાં હાથ ધરવામાં આવ્યા છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (CDHO)ની દેખરેખ હેઠળ જિલ્લાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) અને સબ સેન્ટરોની ટીમ દ્વારા રોગચાળા નિયંત્રણ અને અને મચ્છરજન્ય રોગોને ફેલાતા અટકાવવા માટેની કામગીરી કરવામાં આવી રહી છે.

દસક્રોઈ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વહેલાલ હેઠળના સબ સેન્ટર પરઢોલ અને એનાસણ ગામ ખાતે આરોગ્ય તંત્ર દ્વારા એબેટ કામગીરી, MLO(મોસ્કીટો લાર્વીસીડલ ઓઈલ) છંટકાવ, NVBDCP (નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ) અંતર્ગત સઘન સર્વેલન્સ, પીવાના પાણીની ગુણવત્તા માટે ક્લોરિનેશન ચેકિંગ અને સગર્ભા મહિલાઓની રૂબરૂ મુલાકાત લઈ જરૂરી આરોગ્ય સલાહ આપવામાં આવી હતી.

આ ઉપરાંત, PHC(પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) શિયાળ અને આયુષ્યમાન આરોગ્ય મંદિર ધરજી હેઠળના વિસ્તારોમાં NCVBDC (નેશનલ સેન્ટર ફોર વેક્ટર બોર્ન ડિસીઝિસ કંટ્રોલ) કામગીરી સાથે TBના દર્દીઓની રૂબરૂ મુલાકાત, RC ટેસ્ટ(રેસીડ્યુઅલ ક્લોરિન ટેસ્ટ), દર્દીઓ માટે ORS અને ક્લોરિન ટેબ્લેટનું વિતરણ તેમજ સ્થાનિકો માટે આરોગ્ય વિષયક IEC(ઈન્ફોર્મ, એજ્યુકેટ, કોમ્યુનિકેટ) કામગીરી કરવામાં આવી હતી. આ PHC ક્ષેત્ર હેઠળના ગામોમાં ક્ષય(TB)ના દર્દીઓની સંભાળ અને ORS વિતરણની કામગીરી હાથ ધરાઈ હતી.

તદુપરાંત, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની દેખરેખ હેઠળ મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે PHC નાનોદરા ક્ષેત્રના નાનોદરા ગામમાં મેલેથિઓનનો છંટકાવ, ગાંગડ ગામ ખાતે MLO(મોસ્કીટો લાર્વીસીડલ ઓઈલ) છંટકાવ કામગીરી તથા ધોળકા તાલુકાના PHC ચલોડા હેઠળના બદરખા ગામમાં પાણી ભરાયેલા વિસ્તારોમાં ડિફ્લુબેન્ઝુરોન સ્પ્રેઈંગની કામગીરી સઘન રીતે પૂર્ણ કરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા ગ્રામજનોને અનુરોધ કરવામાં આવ્યો છે કે ચોમાસાની આ ઋતુમાં ઘરમાં કે ઘરની આસપાસ પાણી ભરાઈ ન રહેવા દેવું, પીવાના પાણીના વાસણો ઢાંકીને રાખવા અને કોઈપણ પ્રકારના તાવના લક્ષણો જણાય તો તુરંત નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો. જિલ્લા આરોગ્ય વિભાગ 'સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ'ના સંકલ્પ સાથે સમગ્ર સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

# અસારવા હિન્દી પ્રાથમિક શાળામાં 'ગુડ ટચ - બેડ ટચ' જાગૃતિ કાર્યક્રમમાં બાળકોને સુરક્ષા મંત્ર અપાયો

- અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બાળકોની સલામતી માટે વિશિષ્ટ પહેલ
- બાળ સુરક્ષા અને સ્વરક્ષણની ભાવના કેળવવા અસારવામાં બેટી બચાવો બેટી પઢાવો યોજના હેઠળ વિશેષ સત્ર



**અમદાવાદ, તા.29**

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી હેઠળ કાર્યરત સંકલ્પ-હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન યોજનાની ટીમ દ્વારા બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત અસારવા સ્થિત હિન્દી પ્રાથમિક શાળા નં. 09 ખાતે વિદ્યાર્થીઓ માટે 'ગુડ ટચ - બેડ ટચ' વિષયક જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિશેષ સેમિનારનો મુખ્ય હેતુ બાળકોમાં જાગૃતિ લાવીને તેમને શારીરિક સુરક્ષા, આત્મવિશ્વાસ અને સ્વરક્ષણ પ્રત્યે વધુ સશક્ત બનાવવાનો રહ્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન જિલ્લા મિશન કોઓર્ડિનેટર શ્રી જીતેશ સોલંકી અને સ્પેશિયલિસ્ટ ઈન ફાઈનાન્સિયલ લિટ્રેસી સુશ્રી હેમલ બારોટ દ્વારા વિદ્યાર્થીઓને તેમની ઉંમરને અનુરૂપ અત્યંત સરળ અને રસપ્રદ શૈલીમાં ગુડ ટચ અને બેડ ટચ વચ્ચેનો તફાવત સમજાવવામાં આવ્યો હતો.

આ સાથે બાળકો પોતાના શરીર પ્રત્યે જાગૃત બને, ખાનગી અંગોની મર્યાદા સમજે અને કોઈ પણ અયોગ્ય કે અસુરક્ષિત સ્પર્શ અનુભવાય ત્યારે સંકોચ રાખ્યા વિના તરત જ માતા-પિતા, શિક્ષક કે વિશ્વાસુ વડીલને જાણ કરે તેવી મહત્વપૂર્ણ સમજણ પણ પૂરી પાડવામાં આવી હતી.

બાળકોમાં આત્મવિશ્વાસ કેળવવા માટે 'ના કહો - ત્યાંથી દૂર જાઓ - વિશ્વાસુ વ્યક્તિને કહો' જેવો સુરક્ષા મંત્ર આપવામાં આવ્યો હતો. તમામ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની જિજ્ઞાસાઓનું નિરાકરણ મેળવ્યું હતું અને બાળ સુરક્ષા અંગેની આ મહત્વપૂર્ણ માહિતી મેળવીને સશક્ત બન્યા હતા.



લીમપુર ગામે ગુરુપૂર્ણિમાની ઉજવણી............. કડાણા તાલુકાના લીમપુર ગામે હરસિધ્ધેશ્વર મહાદેવના મંદિરે જયા પાર્વતી વ્રત કરનાર જાગુના મુવાડા તેમજ લીમપુર ગામની કુવારીકાઓ તેમજ સૌભાગ્યવતી બહેનો દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે પૂજન અર્ચન નો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. ધ્યાનમુલમ ગુરુ મૂર્તિ, પૂજા મૂલમ ગુરુપદ. મંત્ર મૂલમ ગુરુવાક્ય, મોક્ષમૂલમ ગુરુ કૃપા. ભૂદેવ શ્રી ભરતભાઈ પંડ્યા દ્વારા દરેક બહેનોના જીવનમાં સુખ, શાંતિ,સમૃદ્ધિ, સ્વાસ્થ્ય અને ભકિતમય જીવન પસાર થાય તેવા આશીર્વાદ આપી પુસ્તક પ્રસાદી ભેટ આપવામાં આવી હતી.......(ભરતભાઈ એ. પંડ્યા. દીવડા કોલોની.)


# સાબરમતી ઈલેક્ટ્રિક લોકો શેડમાં WAG-12 લોકોમોટિવના જાળવણી માટે ₹113.63 કરોડની અત્યાધુનિક સુવિધાઓ વિકસાવવામાં આવશે

## મંડળ રેલ પ્રબંધક અમદાવાદ એ કર્યું નિરીક્ષણ, આધુનિક લોકો શેડની તર્જ પર વિકાસના આપ્યા નિર્દેશ

**અમદાવાદ, તા.29**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે તા. 29 જુલાઈ, 2026ના રોજ સાબરમતી સ્થિત ઈલેક્ટ્રિક લોકોમોટિવ શેડનું વિસ્તૃત નિરીક્ષણ કર્યું તથા M/s Alstom દ્વારા નિર્મિત 300 ઉચ્ચ ક્ષમતાવાળા WAG-12 માલવાહક ઈલેક્ટ્રિક લોકોમોટિવના જાળવણી માટે વિકસાવવામાં આવી રહેલી 113.63 કરોડની અત્યાધુનિક અવસંરચના (Infrastructure) પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી.

આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ હેઠળ ઈલેક્ટ્રિક લોકો શેડનું વિસ્તરણ, અત્યાધુનિક રિપેર સુવિધાઓ, બોગી ડ્રોપ પિટ, વ્હીલ મેન્ટેનન્સ સુવિધાઓ, સ્વચાલિત લોકો વોશિંગ પ્લાન્ટ, ઓવરહેડ ઈલેક્ટ્રિક (OHE) સિસ્ટમ તેમજ ઈલેક્ટ્રિકલ અને ટેલિકોમ સંબંધિત આવશ્યક અવસંરચનાનું નિર્માણ કરવામાં આવશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ WAG-12 લોકોમોટિવના જાળવણી કાર્યની ક્ષમતા અને ગુણવત્તામાં નોંધપાત્ર વધારો થશે, જેના પરિણામે માલગાડીઓના સંચાલનની કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા વધુ મજબૂત બનશે.



નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે પ્રસ્તાવિત અવસંરચના, રેલ લાઈન લેઆઉટ તથા જાળવણી યોજનાની વિગતવાર સમીક્ષા કરી અને અધિકારીઓ સાથે તકનીકી ચર્ચા કરી. તેમણે સૂચના આપી કે સાબરમતી ઈલેક્ટ્રિક લોકો શેડનો વિકાસ નાગપુર, દાહોદ, રોઝા અને સહારનપુરના આધુનિક ઈલેક્ટ્રિક લોકો શેડમાં ઉપલબ્ધ શ્રેષ્ઠ જાળવણી પ્રણાલીઓ અને સુવિધાઓના ધોરણે કરવામાં આવે, જેથી જાળવણી કાર્યમાં ગુણવત્તા, સુરક્ષા, વિશ્વસનીયતા અને કાર્યક્ષમતાના ઉચ્ચતમ ધોરણો સુનિશ્ચિત થઈ શકે.

શ્રી વેદ પ્રકાશે વધુમાં નિર્દેશ આપ્યો કે કામગીરી શરૂ કરતા પહેલાં વર્તમાન લેઆઉટ યોજનામાં જરૂરી તકનીકી સુધારાઓ અને ફેરફારોનો સમાવેશ કરવામાં આવે, જેથી ભવિષ્યની સંચાલન જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આધુનિક, સુરક્ષિત, તકનીકી રીતે સક્ષમ અને વિશ્વસ્તરીય જાળવણી સુવિધા વિકસાવી શકાય.

નિરીક્ષણ દરમિયાન વરિષ્ઠ મંડળ મિકેનિકલ એન્જિનિયર (લોકોમોટિવ શેડ), સાબરમતી શ્રી એસ.પી. ગુપ્તા સહિત અમદાવાદ મંડળના વરિષ્ઠ અધિકારીઓ તથા સાબરમતી ઈલેક્ટ્રિક લોકો શેડના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા. અધિકારીઓએ મંડળ રેલ પ્રબંધકને પ્રોજેક્ટની પ્રગતિ, પ્રસ્તાવિત વિકાસ કાર્યો તથા આગામી બાંધકામ કાર્યયોજનાની વિગતવાર માહિતી આપી.

# ટીમ ઈન્ડિયાનો સાથ છોડ્યાના એક જ દિવસમાં રેયાન ટેન ડોશેટને IPLમાં મળી મોટી ઓફર....

**નવી દિલ્હી, તા.29**

ભારતીય પુરુષ ક્રિકેટ ટીમના આસિસ્ટન્ટ કોચ પદેથી રાજીનામું આપ્યાના ગણતરીના કલાકોમાં જ નેધરલેન્ડ્સના પૂર્વ દિગ્ગજ ઓલરાઉન્ડર રેયાન ટેન ડોશેટને મોટી લોટરી લાગી છે. નાઈટ રાઈડર્સ સ્પોર્ટ્સ દ્વારા સત્તાવાર જાહેરાત કરીને રેયાન ટેન ડોશેટને ગ્લોબલ ફ્રેન્ચાઈઝી નેટવર્ક માટે 'હેડ ઓફ ક્રિકેટ સ્ટ્રેટેજી' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. 28 જુલાઈ 2026ના રોજ ઈંગ્લેન્ડ પ્રવાસની સમાપ્તિ સાથે જ તેમણે સત્તાવાર રીતે ભારતીય ટીમનો સાથ છોડ્યો હતો અને તેના આગલા જ દિવસે 29 જુલાઈ 2026ના રોજ તેઓ ફરી એકવાર પોતાની જૂની આઈપીએલ ફ્રેન્ચાઈઝી કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) પરિવારમાં સામેલ થઈ ગયા છે.



નાઈટ રાઈડર્સ સ્પોર્ટ્સના CEO વેન્કી મૈસૂરે આ નવી નિયુક્તિ અંગે સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું છે કે, રેયાન ટેન ડોશેટની ભૂમિકા માત્ર KKR પૂરતી સીમિત નથી, પરંતુ તેનો વ્યાપ વૈશ્વિક છે. તેઓ નાઈટ રાઈડર્સ નેટવર્ક હેઠળ આવતી તમામ ગ્લોબલ ફ્રેન્ચાઈઝીઓમાં સ્કાઉટિંગ, પ્લેયર રિક્રુટમેન્ટ, સ્ક્વોડ પ્લાનિંગ અને પરફોર્મન્સ ઈવેલ્યુએશન માટે સ્ટ્રેટેજિક ડાયરેક્શન આપશે. આ સાથે જ તેઓ CPL (કેરેબિયન પ્રીમિયર લીગ)માં ટ્રિનબાગો નાઈટ રાઈડર્સ, ILT20માં અબુ ધાબી નાઈટ રાઈડર્સ અને MLC (મેજર લીગ ક્રિકેટ)માં લોસ એન્જલસ નાઈટ રાઈડર્સના આસિસ્ટન્ટ કોચ તરીકે પણ વધારાની સેવાઓ આપશે. વેન્કી મૈસૂરે સત્તાવાર કરતા કહ્યું કે,

'રેયાન નાઈટ રાઈડર્સ પરિવારનો એક ખૂબ જ મહત્ત્વનો અને મજબૂત હિસ્સો રહ્યો છે. તે આપણી સંસ્કૃતિ અને ક્રિકેટિંગ ફિલોસોફીને ખૂબ જ સારી રીતે સમજે છે. તેનું ગ્લોબલ ક્રિકેટ સ્ટ્રેટેજી હેડ તરીકે આવવું એ આપણી તમામ વૈશ્વિક ટીમોના વિકાસ અને ખેલાડીઓની નવી પ્રતિભા શોધવા માટે એક મોટો ટર્નિંગ પોઈન્ટ સાબિત થશે. અમે તેનું ફરીથી સ્વાગત કરવા માટે ઉત્સાહિત છીએ.'

રેયાન ટેન ડોશેટ જુલાઈ 2024માં મુખ્ય કોચ ગૌતમ ગંભીરની ભલામણથી ટીમ ઈન્ડિયાના આસિસ્ટન્ટ કોચ બન્યા હતા. તેમના 2 વર્ષના કાર્યકાળ દરમિયાન ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કરતા 2025ની ચેમ્પિયન્સ ટ્રોફી, 2025નો એશિયા કપ અને 2026નો T20 વર્લ્ડ કપ જીતવામાં મોટી સફળતા મેળવી હતી. જોકે, તેમના કાર્યકાળમાં ટેસ્ટ ક્રિકેટમાં ભારતને મુશ્કેલ સમયનો સામનો કરવો પડ્યો હતો, જેમાં ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ગુમાવવી અને ઘરઆંગણે ન્યુઝીલેન્ડ (0-3) તેમજ સાઉથ આફ્રિકા (0-2) સામે ક્લીન સ્વીપ હારનો સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટના વ્યસ્ત શેડ્યૂલ, સતત પ્રવાસ અને રોલ સ્પષ્ટ ન હોવાના કારણે તેમણે સમય પહેલા જ હોદ્દો છોડવાનો નિર્ણય કર્યો હતો. રેયાન ટેન ડોશેટે પોતાના વિદાય નિવેદનમાં જણાવ્યું કે,

'ભારતીય ટીમ સાથે કામ કરવું એ મારા જીવનનો એક અદ્ભુત અને ગર્વ સમાન અનુભવ હતો. મેં ગૌતમ ગંભીર અને ખેલાડીઓ સાથે અદભુત ક્ષણો વિતાવી છે અને ટીમે જે 3 મોટી આંતરરાષ્ટ્રીય ટ્રોફીઓ જીતી તે હંમેશા યાદ રહેશે. પરંતુ, વ્યસ્ત વૈશ્વિક પ્રવાસો અને ભવિષ્યના વ્યક્તિગત આયોજનના કારણે મારા માટે આ યોગ્ય સમય હતો કે હું નવી ભૂમિકા તરફ આગળ વધું.'

રેયાન ટેન ડોશેટનો નાઈટ રાઈડર્સ ફ્રેન્ચાઈઝી સાથે ખૂબ જ જૂનો અને સફળ ઈતિહાસ રહ્યો છે. તેઓ વર્ષ 2011થી 2015 દરમિયાન એક ખેલાડી તરીકે KKRનો હિસ્સો હતા અને ટીમની 2012 અને 2014ની આઈપીએલ ચેમ્પિયનશિપ જીતવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ત્યારબાદ તેઓ કોચિંગ સ્ટાફમાં જોડાયા હતા અને 2024માં જ્યારે KKR ત્રીજી વખત આઈપીએલ ચેમ્પિયન બન્યું ત્યારે તેઓ ટીમના ફિલ્ડિંગ કોચ હતા.

હવે આગામી IPL 2027ની સીઝન પહેલા, તેઓ ફરી એકવાર KKRના મુખ્ય કોચ અભિષેક નાયર સાથે જોડી જમાવીને ફ્રેન્ચાઈઝીને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે સજ્જ થયા છે. બીજી તરફ, BCCIના સેક્રેટરી દેવાજીત સૈકિયાએ પુષ્ટિ કરી છે કે ઓગસ્ટમાં શરૂ થનારા શ્રીલંકા પ્રવાસ પહેલા ભારતીય ટીમને નવા આસિસ્ટન્ટ અને ફિલ્ડિંગ કોચ મળી જશે.

# ICC રેન્કિંગમાં ઉથલપાથલ, ODI માં ગિલ નંબર-1, T20Iમાં વૈભવ સૂર્યવંશીની મોટી છલાંગ

**નવી દિલ્હી, તા.29**

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા બુધવારે પુરૂષ ખેલાડીઓની રેન્કિંગ જાહેર કરવામાં આવી છે. જેમાં બેટિંગ અને બોલિંગ ક્ષેત્રે મોટો ફેરફાર જોવા મળ્યો છે. ભારતીય કેપ્ટન શુભમન ગિલે વનડે ક્રિકેટમાં ફરીથી નંબર-1 બેટ્સમેનનું સ્થાન મેળવી લીધું છે.

ભારતીય કેપ્ટન શુભમન ગિલના ખાતામાં હાલમાં 801 રેટિંગ પોઈન્ટ છે. ગિલે ન્યૂઝીલેન્ડના ડેરીલ મિશેલ (794) પાસેથી બાદશાહી છીનવી લીધી છે. મિશેલ આ વર્ષે જાન્યુઆરીથી ટોચ પર હતો. આ યાદીમાં ભારતના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી 767 પોઈન્ટ સાથે ત્રીજા અને રોહિત શર્મા 758 પોઈન્ટ સાથે ચોથા સ્થાને યથાવત છે. વનડે બોલિંગ રેન્કિંગમાં પણ નામીબિયાના સ્પિનર બર્નાર્ડ શોલ્ટ્ઝ 5 સ્થાનની છલાંગ લગાવીને 7મા સ્થાને પહોંચી ગયો છે.

યુવા ઓપનર વૈભવ સૂર્યવંશીએ T20I બેટ્સમેનોની રેન્કિંગમાં જબરદસ્ત લાંબી છલાંગ લગાવી છે. માત્ર 15 વર્ષની વયના





સૂર્યવંશીએ 230 પાયદાનની છલાંગ લગાવીને સીધા 48મા ક્રમે જગ્યા બનાવી છે, અને તેના 536 રેટિંગ પોઈન્ટ્સ છે. તેણે તાજેતરમાં જિમ્બાબ્વે પ્રવાસ પર 3 મેચોની T20I શ્રેણીમાં શાનદાર બેટિંગ કરી હતી. સૂર્યવંશીએ 50.33 ની એવરેજથી સર્વાધિક 151 રન બનાવ્યા હતા અને પોતાના કરિયરનો પહેલો પ્લેયર ઓફ ધ સિરીઝ એવોર્ડ જીત્યો હતો. ત્રીજી T20I માં 81 રનની ઈનિંગ રમીને તેઓ પ્લેયર ઓફ ધ મેચ પણ બન્યા હતા. આ બંને એવોર્ડ જીતનારા તેઓ સૌથી નાની ઉંમરના ક્રિકેટર બન્યો છે.

ભારતના વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશન T20I માં નંબર-1 બેટ્સમેન છે, જેના 910 રેટિંગ પોઈન્ટ્સ છે. આ તેમના કરિયરની બેસ્ટ રેન્કિંગ છે. જીમ્બાબ્વે શ્રેણીમાં તેમણે 145 રન બનાવ્યા હતા.

શ્રેણીમાં ફ્લોપ રહેલા ઓપનર અભિષેક શર્મા 1 સ્થાન લથડીને ત્રીજા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે પાકિસ્તાનના સાહિબજાદ ફહાન બીજા સ્થાને આવી ગયો છે.

T20I બેટ્સમેનોની યાદીમાં ઉપકેપ્ટન તિલક વર્મા 2 સ્થાન ઉપર 6ઠ્ઠા અને કેપ્ટન શ્રેયસ અયર 7 સ્થાન ઉપર 24મા સ્થાને પહોંચી ગયો છે.

બોલિંગ વિભાગમાં, ઝિમ્બાબ્વે સામેની શ્રેણીમાં 3 વિકેટ ઝડપનાર રવિ બિશ્નોઈ T20I બોલરોની રેન્કિંગમાં 31 પાયદાનની છલાંગ લગાવીને 41મા સ્થાને આવી ગયો છે.

# ઈંગ્લેન્ડ ક્લબ ક્રિકેટમાં એવો વિવાદ કે જેણે ક્રિકેટ જગતને ચોંકાવ્યું, બેટરને આઉટ અપાયો

**નવી દિલ્હી, તા.29**

ઈંગ્લેન્ડના ક્લબ ક્રિકેટમાં એક એવો અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે, જેમાં સમગ્ર ક્રિકેટ જગતને ચોંકાવી દીધું છે. અહીં બોલ ટેમ્પરિંગ કે પિચ સાથે છેડછાડનો નહીં, પરંતુ આંગળીના ટચાકા ફોડીને (Finger Click) બેટ્સમેનના બેટની કિનારી (Edge) વાગ્યાનો ખોટો ભ્રમ ઊભો કરીને અમ્પાયરને ગેરમાર્ગે દોરવાનો ગંભીર આરોપ લાગ્યો છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયો બાદ આ ખેલાડીને 'ક્લિકી પૉન્ટિંગ' (Clicky Ponting) નામે નવું હુલામણું નામ મળ્યું છે. આ મામલો હવે એટલો વધી ગયો છે કે નોર્થ યોર્કશાયર એન્ડ સાઉથ ડરહામ ક્રિકેટ લીગે આ મામલે સત્તાવાર તપાસ શરૂ કરી દીધી છે.





આ વિવાદ 25 જુલાઈએ સોલ્ટબર્ન ક્રિકેટ ક્લબ અને નૉર્ટન વચ્ચે રમાયેલા ડિવિઝન-2 ના મુકાબલાથી શરૂ થયો હતો. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં એક ફિલ્ડર સ્લીપ કે શોર્ટ લેગ જેવી પોઝિશન પર ઊભો નજરે પડે છે. જેવો બોલ બેટ્સમેનના બેટ પાસેથી પસાર થાય છે, તે તરત જ પોતાની આંગળીઓ ટચાકા ફોડે છે. આરોપ છે કે આ 'ક્લિક' ના અવાજથી એવો ભ્રમ ઊભો કરવામાં આવતો હતો કે જાણે બોલ બેટની કિનારી (Edge) લઈને વિકેટકીપરના હાથમોજામાં ગયો હોય. આના પછી જોરદાર અપીલ થતી અને અમ્પાયર બેટ્સમેનને આઉટ આપી દેતા. બ્રિટિશ મીડિયાના અહેવાલ મુજબ આ ખેલાડીનું નામ બ્રાયન ડિવાઈન (Brian Devine) છે. તે વ્યવસાયે એક લાઈવસ્ટોક ઓક્શન કંપનીના ડિરેક્ટર અને કંપની સેક્રેટરી છે.

# CWG 2026 માં ભારતને વધુ એક સિલ્વર, ખેતરોમાં પરસેવો વહાવતી હરજિંદરે રચ્યો ઈતિહાસ

**નવી દિલ્હી, તા.29**

ગ્લાસગો ખાતે રમાઈ રહેલી કોમનવેલ્થ ગેમ્સ 2026માં ભારતીય વેઈટલિફ્ટર્સે પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. ભારતીય મહિલા વેઈટલિફ્ટર હરજિંદર કૌરે મહિલાઓની 69 કિલોગ્રામ શ્રેણીમાં અદભુત પ્રદર્શન કરીને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. 29 વર્ષીય હરજિંદરે આ સ્પર્ધામાં કુલ 227 કિગ્રા વજન ઉપાડીને પોતાના કરિયરનો સર્વશ્રેષ્ઠ દેખાવ કરવાની સાથે કોમનવેલ્થ ગેમ્સમાં નવો ઈતિહાસ રચી દીધો છે. વર્તમાન ગેમ્સમાં વેઈટલિફ્ટિંગ ક્ષેત્રે ભારતનો આ 7મો મેડલ છે, જ્યારે દેશનો કુલ 11મો મેડલ છે.

હરજિંદર કૌરનો જન્મ 14 ઓક્ટોબર 1996ના રોજ પંજાબના નાભા પાસે આવેલા મેહાસ ગામમાં થયો હતો. એક સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલી હરજિંદર બાળપણથી જ ખૂબ મહેનતુ હતી. 5 ફૂટ 3 ઈંચની ઉંચાઈ ધરાવતી હરજિંદરે શરૂઆતના સમયમાં કબડ્ડી પ્લેયર તરીકે રમતગમતની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. વર્ષ 2016માં પટિયાલાની પંજાબી યુનિવર્સિટીના કોચ પરમજીત શર્માએ તેની પ્રતિભા ઓળખી અને તેને વેઈટલિફ્ટિંગ તરફ વાળવા પ્રેરણા આપી, જે તેના જીવનનો સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો હતો.

આ રોમાંચક ફાઈનલ મુકાબલામાં હરજિંદરે શરૂઆતથી જ દબાણ જાળવી રાખ્યું હતું. તેણે



સ્નેચ રાઉન્ડમાં પહેલા 99 કિગ્રા અને ત્યારબાદ પોતાના અંતિમ પ્રયાસમાં 101 કિગ્રા વજન સફળતાપૂર્વક ઉપાડ્યું હતું. આ પછી, ક્લીન એન્ડ જર્ક રાઉન્ડમાં પણ પોતાનો રેકોર્ડતોડ સિલસિલો જાળવી રાખીને પહેલા 123 કિગ્રા અને પછી 126 કિગ્રા વજન ઉપાડીને કુલ 227 કિગ્રાનો સ્કોર નોંધાવ્યો હતો. જોકે, કેનેડાની ચાર્લોટ સિમોનોએ કુલ 240 કિગ્રા (108 કિગ્રા સ્નેચ અને 132 કિગ્રા ક્લીન એન્ડ જર્ક) વજન ઉઠાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. ઑસ્ટ્રેલિયાની ન્યા ફ્રેબે હેમેને 218 કિગ્રા સાથે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

હરજિંદર કૌરની સફળતાની વાર્તા અત્યંત પ્રેરણાદાયી છે. તેનો પરિવાર ભારે આર્થિક સંકટ વચ્ચે એક ઓરડાના ઘરમાં રહેતો હતો અને કોન્ટ્રાક્ટ ફાર્મિંગ પર નભતો હતો. પરિવાર પાસે 6 ભેંસો હતી, જેમના માટે ચારો કાપવાનું ભારેખમ 'ટોકા મશીન' ચલાવવાની જવાબદારી હરજિંદરની હતી. આ શારીરિક શ્રમથી તેના હાથને કુદરતી તાકાત મળી હતી. હરજિંદરે એકવાર જણાવ્યું હતું કે,

'તે સમયે કોલેજ હોસ્ટેલ જવા માટે પિતા માંડ 350 ભાડું અને 350 પોકેટ મની આપતા હતા, તેથી વધુ પૈસા માંગતા સંકોચ થતો હતો. આજે હું ગર્વથી કહી શકું છું કે ટોકા મશીન પર કાપેલો ચારો જ મારા વેઈટલિફ્ટિંગની તાકાતનું અસલી રહસ્ય છે.'


હરજિંદર કૌરે આંતરરાષ્ટ્રીય સ્તરે સળંગ બીજી વખત દેશનું નામ રોશન કર્યું છે. આ પૂર્વે વર્ષ 2022માં રમાયેલી બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સમાં તેણે 71 કિગ્રા શ્રેણીમાં ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ વખતે પોતાની વેઈટ કેટેગરી બદલીને 69 કિગ્રામાં ભાગ લેવા છતાં તેણે પોતાના પ્રદર્શનમાં અભૂતપૂર્વ સુધારો કર્યો અને બ્રોન્ઝમાંથી સિલ્વર મેડલ પર કબ્જો જમાવ્યો છે, જે તેની રમત પ્રત્યેની સાતત્યતા, સખત મહેનત અને દેશ માટે કંઈક કરી છૂટવાની તમન્ના દર્શાવે છે.

# આસામ પૂરપીડિતોની મદદ માટે સલમાનની પહેલ

## 'બીઈંગ હ્યુમન' દ્વારા તબક્કાવાર રાહત અભિયાન શરૂ કરવાનો હોવાના અહેવાલ

**મુંબઈ, તા.29**

સલમાન ખાને આસામમાં આવેલા વિનાશક પૂરથી પ્રભાવિત પરિવારોની મદદ માટે પોતાની ચેરિટેબલ સંસ્થા બીઈંગ હ્યુમન મારફતે તબક્કાવાર રાહત અભિયાન શરૂ કર્યું હોવાના અહેવાલ છે. આ અભિયાનમાં સલમાન ખાન ફેન ક્લબ આસામ પણ જોડાયું છે અને રાજ્યના સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં જરૂરી રાહત સામગ્રી પહોંચાડવામાં આવી રહી છે.





મિડ-ડેના અહેવાલ મુજબ, સલમાન ખાન હાલમાં મુંબઈમાં દિગ્દર્શક વંશી પૈડિપલ્લીની આગામી ફિલ્મનાં શૂટિંગમાં વ્યસ્ત હોવા છતાં રાહત કામગીરી પર સતત નજર રાખી રહ્યો છે.

અહેવાલ અનુસાર, સલમાન ખાને વ્યક્તિગત રીતે એસકેએફસી આસામનો સંપર્ક કરીને રાહત કાર્ય માટે તબક્કાવાર યોજના તૈયાર કરી હતી.

પ્રથમ તબક્કામાં બીઈંગગ હ્યુમન અને એસકેએફસી આસામના સહયોગથી શિવસાગર વિસ્તારમાં તૈયાર ખાઈ શકાય તેવા ફૂડ પેકેટનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. આ સામગ્રી ગોવાહાટીથી મોકલવામાં આવી રહી છે. દરેક રાહત પેકેટમાં બિસ્કિટ, ગોળ, પોહા, મમરા, બ્રેડ, ચીઝ અને જામ જેવી ખાદ્ય વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ, સલમાન ખાનની પ્રાથમિકતા એ છે કે અસરગ્રસ્ત પરિવારો પાસે ઓછામાં ઓછા ત્રણ દિવસ સુધી પૂરતું ભોજન ઉપલબ્ધ રહે.

ખાદ્યસામગ્રી ઉપરાંત રાહત કિટમાં સેનિટરી પેડ, મચ્છર ભગાડવાની કોઈલ, પીવાનું પાણી અને પાણી શુદ્ધિકરણ કરવા માટેની ગોળીઓ પણ આપવામાં આવી રહી છે.

અહેવાલ મુજબ, રાહત અભિયાન આગામી અઠવાડિયાથી બીજા તબક્કામાં પ્રવેશશે. આ તબક્કામાં પૂરગ્રસ્ત પરિવારોને રાશન કિટ અને આવશ્યક દવાઓનું વિતરણ કરવામાં આવશે. રાહત અભિયાનના અંતિમ તબક્કામાં બીઈંગ હ્યુમન પૂરથી નુકસાન પામેલી શાળાઓ અને હોસ્પિટલોનાં પુનઃનિર્માણમાં સહયોગ આપવાની યોજના બનાવી રહ્યું હોવાનું પણ અહેવાલમાં જણાવાયું છે. જોકે, સલમાન ખાન અથવા બીઈંગ હ્યુમન તરફથી આ રાહત અભિયાન અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

# સેન ડિએગો કોમિક-કોનમાં ડીસી સ્ટુડિયોની મોટી જાહેરાત : 'લેન્ટર્ન્સ'નું ટ્રેલર લોન્ચ

**મુંબઈ, તા.29**

સેન ડિએગો કોમિક-કોન (SDCC) દરમિયાન ડીસી સ્ટુડિયોએ પોતાની બહુપ્રતિક્ષિત ડ્રામા સિરીઝ 'લેન્ટર્ન્સ' નું સત્તાવાર ટ્રેલર લોન્ચ કર્યું છે. આ પ્રસંગે કલાકારો કાઈલ ચેન્ડલર, એરોન પિયર, ગેરેટ ડિલહન્ટ, પૂર્ણા જગન્નાથન તેમજ સહ-સર્જકો ક્રિસ મેન્ડી, ડેમન લિન્ડલોફ અને ટોમ કિંગ ઉપસ્થિત રહ્યા હતા. આઠ એપિસોડની આ સિરીઝ 17 ઓગસ્ટથી ભારતમાં જિઓહોટસ્ટાર પર સ્ટ્રીમ થશે, જે દિવસે તેનું વર્લ્ડ પ્રીમિયર પણ થશે.

ડીસીના લોકપ્રિય ગ્રીન લેન્ટર્ન પાત્રો પર આધારિત આ સિરીઝમાં એરોન પિયર નવા ભરતી થયેલા જોન સ્ટ્યુઅર્ટની ભૂમિકા ભજવે છે, જ્યારે કાઈલ ચેન્ડલર અનુભવી લેન્ટર્ન હેલ જોર્ડન તરીકે જોવા મળશે. વાર્તા અમેરિકાના એક નાના શહેરમાં થયેલી હત્યાની તપાસથી શરૂ થાય છે. તપાસ આગળ વધતાં બંને ઈન્ટરગેલેક્ટિક પીસકીપર્સ એક એવા રહસ્ય સુધી પહોંચે છે, જે માત્ર પૃથ્વી નહીં પરંતુ સમગ્ર બ્રહ્માંડ માટે



મોટો ખતરો સાબિત થઈ શકે છે.

સિરીઝમાં કેલી મેકડોનાલ્ડ, ગેરેટ ડિલાહન્ટ, પૂર્ણા જગન્નાથન, લૉરા લિન્ની, જેસન રિટર, યુલિચ થોમસન, નેથન ફિલિયન, જે. અલ્ફોન્સ નિકોલ્સન અને જાસ્મિન સેફાસ જોન્સ પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં જોવા મળશે.

# ટાઈગર શ્રોફ પ્રોફેશનલ ફૂટબોલમાં ડેબ્યૂ કરશે?

**મુંબઈ, તા.29**

બોલિવૂડ એક્ટર ટાઈગર શ્રોફ ટૂંક સમયમાં પ્રોફેશનલ ફૂટબોલમાં ડેબ્યુ કરી શકે તેવી ચર્ચા છે. અહેવાલો અનુસાર, પ્રતિષ્ઠિત 135મી ડુરન્ડ કપમાં મુંબઈ એફસી તરફથી મેદાનમાં ઉતરી શકે છે.



આ અંગેના અહેવાલો મુજબ, ઉદ્યોગપતિ અલી અહેમદની માલિકીની મુંબઈ એફસી સાથે ટાઈગર છેલ્લા કેટલાક સમયથી નિયમિત તાલીમ લઈ રહ્યો છે. ક્લબની ટીમ સાથે પ્રેક્ટિસ દરમિયાન તેનાં ડેડિકેશન અને રમવાની ક્ષમતાએ કોચિંગ સ્ટાફને પણ પ્રભાવિત કર્યો હોવાનું કહેવાય છે. અહેવાલો તો એવું પણ સુચવે છે કે ભવિષ્યમાં ટાઈગર ક્લબનો કાયમી સભ્ય બની શકે છે.

માહિતી અનુસાર, ટાઈગર શ્રોફ અને મુંબઈ એફસીની ટીમ 30 જુલાઈએ શિલોંગ જવા રવાના થશે, જ્યાં ડુરન્ડ કપની મેચ રમાવાની છે. જોકે, ટાઈગર અથવા ક્લબ તરફથી આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

ટાઈગર શ્રોફ પોતાની શિસ્તબદ્ધ ફિટનેસ, માર્શલ આર્ટ્સ, જિમ્નાસ્ટિક્સ, પાર્કોર અને હાઈ-ઈન્ટેન્સિટી વર્કઆઉટ્સ માટે જાણીતો છે. સોશિયલ મીડિયા પર પણ તે નિયમિત રીતે પોતાની રમતગમત અને ફિટનેસ સંબંધિત ઝલક શેર કરતો રહે છે.

ટાઈગરના સંભવિત ફૂટબોલ ડેબ્યૂ વચ્ચે હવે એવી ચર્ચા પણ શરૂ થઈ છે કે શું તેના રમત તેની ફિલ્મોની વ્યસ્તતા પર અસર કરશે કે નહીં. હાલમાં તેની પાસે અનેક ફિલ્મો પાઈપલાઈનમાં હોવાનું કહેવાય છે.

ટાઈગર છેલ્લે 'બાગી 4'માં જોવા મળ્યો હતો, જેમાં તેની સાથે સંજય દત્ત, સોનમ બાજવા અને હરનાઝ સંધુ પણ હતાં. આગામી પ્રોજેક્ટ્સની વાત કરીએ તો ટાઈગર શ્રોફ રામ માધવાણીના ડિરેક્શનમાં બનતી નવી ફિલ્મમાં જોવા મળશે તેવી ચર્ચા છે. ઉપરાંત, ધર્મા પ્રોડક્શન્સની ફિલ્મ 'લગ જા ગલે'માં તે પહેલી વખત જાહ્નવી કપૂર અને લક્ષ્ય સાથે સ્ક્રીન શેર કરશે.

# રિષભ શેટ્ટીની શિવાજી પરની ફિલ્મમાં ભૂમિ પેડનેકરની એન્ટ્રી

**મુંબઈ, તા.29**

નિર્દેશક અને નિર્માતા સંદીપ સિંહની મહત્ત્વાકાંક્ષી ઐતિહાસિક ફિલ્મ 'ધ પ્રાઈડ ઑફ ભારત: છત્રપતિ શિવાજી મહારાજ'ની સ્ટારકાસ્ટ વધુ મજબૂત બની રહી છે. હવે ભૂમિ પેડનેકર ફિલ્મ સાથે જોડાઈ છે. તે ફિલ્મમાં કર્ણાટકની વિખ્યાત વીરાંગના બેલાવાડી મલ્લમ્માનું પાત્ર ભજવશે.

રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેતા ઋષભ શેટ્ટી ફિલ્મમાં છત્રપતિ શિવાજી મહારાજની મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. તેની સાથે અર્જુન રામપાલ, વિવેક ઓબેરોય સહિત અનેક જાણીતા કલાકારો પણ મહત્વની ભૂમિકામાં છે.

ફિલ્મનો ભાગ બનવા અંગે ખુશી વ્યક્ત કરતાં ભૂમિએ કહ્યું, "છત્રપતિ શિવાજી મહારાજના જીવન અને વારસાને આટલા ભવ્ય સ્તરે રજૂ કરતી પ્રથમ ભારતીય ફિલ્મનો ભાગ બનવું મારા માટે ગૌરવની વાત છે. કર્ણાટકની બહાદુર યોદ્ધા રાણી બેલાવાડી મલ્લમ્માનું પાત્ર ભજવવાની તક મારા માટે સન્માન સમાન છે."

તેણે વધુમાં જણાવ્યું કે તે 'કાંતારા'ની મોટી પ્રશંસક છે અને રિષભ શેટ્ટીના અભિનયથી ખૂબ પ્રભાવિત થઈ હતી. ભૂમિએ ઉમેર્યું, "સંદીપ સિંહે જ્યારે મને ફિલ્મની વાર્તા સંભળાવી ત્યારે મારી અંદરના અભિનેતાએ તરત જ 'હા' કહી દીધી. આ મારા અત્યાર સુધીના કામથી સંપૂર્ણપણે અલગ અનુભવ હશે અને નિર્માતાઓએ મારા પર વિશ્વાસ મૂક્યો તે બદલ હું તેમની આભારી છું."

'ધ પ્રાઈડ ઑફ ભારત: છત્રપતિ શિવાજી મહારાજ'ને બે ભાગમાં રિલીઝ કરવાની યોજના છે. ફિલ્મની પટકથા ઋષિ વિરમાણીએ લખી છે, જ્યારે સંગીત અમિત ત્રિવેદી આપશે. ફિલ્મનાં ગીતો રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ગીતકાર પ્રસૂન જોશી લખશે. નિર્માતાઓ હાલમાં ભવ્ય પ્રી-પ્રોડક્શન તબક્કા પર કામ કરી રહ્યા છે અને ફિલ્મમાં છત્રપતિ શિવાજી મહારાજના જીવનની અનેક ઐતિહાસિક ઘટનાઓને વિશાળ કેનવાસ પર રજૂ કરવાની તૈયારી ચાલી રહી છે.



# સેન્સેક્સ 889 અંક વધીને 77,655 પર બંધ: નિફ્ટી 265 અંક ઉપર 24,250 પર પહોંચ્યો, IT અને મેટલ શેર્સમાં વધુ ખરીદી રહી

મુંબઈ, તા.29

આજના ટ્રેડિંગ સેશનમાં એટલે કે 29 જુલાઈએ ભારતીય શેરબજારમાં રોકાણકારો માટે ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. અગાઉના કારોબારી દિવસે જોવા મળેલી નરમ ચાલ બાદ આજે સ્થાનિક શેરબજારમાં વિરાટ તેજીનો પવન ફૂંકાયો હતો. દિવસભરની મજબૂત ખરીદીના પરિણામે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) નો બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ 889 પોઈન્ટના શાનદાર ઉછાળા સાથે 77,655 ની સપાટીએ પહોંચીને બંધ રહ્યો હતો. તેવી જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) નો નિફ્ટી પણ 265 પોઈન્ટના વધારા સાથે 24,250 ની મહત્વપૂર્ણ સપાટી વટાવીને બંધ થવામાં સફળ રહ્યો હતો. આજના સેશન દરમિયાન વિશેષરૂપે આઈટી, મેટલ, ફાર્મા અને એફએમસીજી સેક્ટરના શેરોમાં રોકાણકારો તરફથી ભારે લેવાલી જોવા મળી હતી, જેનાથી સમગ્ર માર્કેટ સેન્ટિમેન્ટ મજબૂત બન્યું હતું.



બજારમાં આજના દિવસે આવેલી આ મોટી તેજી પાછળ મુખ્યત્વે ત્રણેક મહત્વના પરિબળોએ સિંહફાળો આપ્યો હતો. સૌથી મોટો ટેકો આઈટી ક્ષેત્રના સ્ટોક્સ તરફથી મળ્યો હતો, જ્યાં વૈશ્વિક સ્તરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સેક્ટરમાં થઈ રહેલા વેચાણ અને માગના કારણે રોકાણકારો ભારતીય IT અગ્રણીઓ તરફ આકર્ષાયા હતા. પરિણામે ઈન્ફોસિસ, ટીસીએસ અને એચસીએલ ટેક જેવી અગ્રણી કંપનીઓના શેરોમાં મોટી ખરીદી નોંધાઈ હતી. આ ઉપરાંત, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) ની બજારમાં વાપસી થતાં સેન્ટિમેન્ટ વધુ મજબૂત બન્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી સતત વેચવાલી કરી રહેલા વિદેશી રોકાણકારોએ ગઈકાલે 755 કરોડના શેરોની ખરીદી કરી હતી, જેને કારણે બજારને રાહત મળી છે. સાથોસાથ નાણાકીય વર્ષ 2026-27 ના પ્રથમ ક્વાર્ટર (Q1) ના મોટાભાગની જાણીતી કંપનીઓના પરિણામો અપેક્ષા કરતાં સારા આવતા રોકાણકારોનો વિશ્વાસ વધુ દ્રઢ બન્યો હતો.

વૈશ્વિક બજારોની વાત કરીએ તો એશિયન બજારોમાં આજે મિશ્ર વેપાર જોવા મળ્યો હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 360 પોઈન્ટ એટલે કે 5.98% ના મોટા ઘટાડા સાથે 5663 ના સ્તરે અને જાપાનનો નિકેઈ ઈન્ડેક્સ 931 પોઈન્ટ (1.49%) ઘટીને 61434 પર બંધ થયો હતો. તેની સામે હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 497 પોઈન્ટ એટલે કે 1.96% ના વધારા સાથે 25808 ની સપાટીએ રહ્યો હતો. બીજી તરફ, 28 જુલાઈના રોજ અમેરિકી શેરબજારોમાં પણ ઉતાર-ચડાવ વચ્ચે મિશ્ર કારોબાર જોવા મળ્યો હતો, જેમાં ડાઉ જોન્સ 537 પોઈન્ટ (1.03%) વધીને 52747 પર અને S&P 500 ઈન્ડેક્સ 16 પોઈન્ટ (0.21%) ના વધારા સાથે 7429 પર બંધ થયો હતો, જ્યારે નાસ્ડેક ઈન્ડેક્સમાં 55 પોઈન્ટ (0.22%) નો મામૂલી ઘટાડો નોંધાતા તે 24877 ની સપાટીએ પહોંચ્યો હતો.

છેલ્લા કેટલાક દિવસોથી સંસ્થાકીય રોકાણકારોના વલણ પર નજર કરીએ તો વિદેશી રોકાણકારોએ છેલ્લા 7 દિવસમાં કુલ 9,400 કરોડના શેર વેચ્યા છે, જેમાં FII/FPI નો નેટ આંકડો છેલ્લા 7 દિવસ માટે માઈનસ 7,825 કરોડ અને છેલ્લા 30 દિવસ માટે માઈનસ 15,219 કરોડ રહ્યો હતો. જોકે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DIIs) ની સતત ખરીદીએ બજારને મોટો આધાર આપ્યો છે. ડીઆઈઆઈએ લેટેસ્ટ આંકડા મુજબ 1,664 કરોડની ચોખ્ખી ખરીદી કરી છે, જ્યારે છેલ્લા 7 દિવસમાં 12,394 કરોડ અને છેલ્લા 30 દિવસમાં 40,547 કરોડનું વિશાળ રોકાણ કર્યું છે. આ અગાઉ ગઈકાલે એટલે કે 28 જુલાઈના રોજ ભારતીય શેરબજારમાં સહેજ સુસ્તી જોવા મળી હતી. તે દિવસે સેન્સેક્સ 69 પોઈન્ટ ઘટીને 76,765 ની સપાટીએ અને નિફ્ટી 10 પોઈન્ટ ઘટીને 23,985 ના સ્તરે બંધ થયો હતો. પરંતુ આજના કારોબારમાં બજારે આ મામૂલી ઘટાડાને ભૂલાવીને ભવ્ય પુનરાગમન કર્યું છે અને રોકાણકારોની સંપત્તિમાં મજબૂત વધારો નોંધાવ્યો છે. પરિણામે ઈન્ફોસિસ, ટીસીએસ અને એચસીએલ ટેક જેવી અગ્રણી કંપનીઓના શેરોમાં મોટી ખરીદી નોંધાઈ હતી. આ ઉપરાંત, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) ની બજારમાં વાપસી થતાં સેન્ટિમેન્ટ વધુ મજબૂત બન્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી સતત વેચવાલી કરી રહેલા વિદેશી રોકાણકારોએ ગઈકાલે 755 કરોડના શેરોની ખરીદી કરી હતી, જેને કારણે બજારને રાહત મળી છે. સાથોસાથ નાણાકીય વર્ષ 2026-27 ના પ્રથમ ક્વાર્ટર (Q1) ના મોટાભાગની જાણીતી કંપનીઓના પરિણામો અપેક્ષા કરતાં સારા આવતા રોકાણકારોનો વિશ્વાસ વધુ દ્રઢ બન્યો હતો.

# ખાંડના વેપારીઓ માટે સ્ટોક મર્યાદા 4,000 ક્વિન્ટલ નક્કી: કેન્દ્રએ મહત્તમ 30 દિવસનો સ્ટોક રાખવાનો આદેશ આપ્યો

નવી દિલ્હી, તા.29

કેન્દ્ર સરકારે દેશભરમાં ખાંડની કિંમતોને નિયંત્રણમાં રાખવા માટે મોટું પગલું ભર્યું છે. સરકારે આદેશ જારી કરીને ખાંડના વેપારીઓ માટે મહત્તમ 30 દિવસની સ્ટોક લિમિટ અને 4,000 ક્વિન્ટલની હોલ્ડિંગ લિમિટ નક્કી કરી દીધી છે.

ખાદ્ય અને ગ્રાહક બાબતોના મંત્રાલયના ગેઝેટ નોટિફિકેશન અનુસાર, આ નવો આદેશ 1 ઓગસ્ટ 2026 થી લાગુ થશે અને 30 નવેમ્બર 2026 સુધી પ્રભાવી રહેશે. ચોમાસામાં ઘટાડાના અનુમાનને જોતા ઘરેલું બજારમાં પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

મંત્રાલયે આવશ્યક વસ્તુ અધિનિયમ, 1955ની કલમ 3 અને ખાંડ (નિયંત્રણ) આદેશ, 2025 હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને આ પ્રતિબંધ લગાવ્યો છે. આદેશમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે દેશભરમાં કોઈ પણ ખાંડનો વેપારી કે ડીલર કોઈ પણ સ્થળે 4,000 ક્વિન્ટલથી વધુ ખાંડ સ્ટોકમાં રાખી શકશે નહીં.

કેન્દ્ર સરકારના નિર્દેશોમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કોઈ વેપારી દ્વારા સ્ટોક રાખવાના સમયની ગણતરી તે તારીખથી સામેલ કરવામાં આવશે, જે દિવસે વેપારીને ખાંડનો સ્ટોક પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત વેપારી પ્રાપ્ત સ્ટોકને 30 દિવસથી વધુ સમય સુધી હોલ્ડ કરી શકશે નહીં.



મંત્રાલયે તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રશાસનોને પોતાના સ્તરે સ્ટોક હોલ્ડિંગ અને ટર્નઓવરની મર્યાદાઓ નિર્ધારિત કરવા જણાવ્યું છે. જોકે, રાજ્યોએ એ સુનિશ્ચિત કરવું પડશે કે તેમની મર્યાદાઓ કેન્દ્ર દ્વારા નક્કી કરાયેલી 4,000 ક્વિન્ટલની મર્યાદા અથવા 30 દિવસની અવધિથી વધુ ન હોય.

સરકારે પારદર્શિતા જાળવી રાખવા માટે કડક નિર્દેશો આપ્યા છે. મંત્રાલયે દેશના તમામ ખાંડના વેપારીઓ અને ડીલરોને જણાવ્યું છે કે તેઓ નિર્ધારિત પોર્ટલ પર તેમની ખાંડની સ્ટોક સ્થિતિની ઘોષણા કરે અને તેને નિયમિતપણે અપડેટ કરતા રહે.

આ આદેશ સરકારી સ્ટોકમાં રાખવામાં આવેલી ખાંડ પર લાગુ પડશે નહીં. આ ઉપરાંત, રાજ્ય સરકારો દ્વારા નિયુક્ત ડીલરો અથવા રેશન દુકાનો (PDS) દ્વારા વિતરણ માટે અધિકૃત અધિકારીઓ પાસે રહેલા ખાંડના સ્ટોકને આ પાબંધીમાંથી બહાર રાખવામાં આવ્યો છે.

કિંમતો પર નિયંત્રણ મેળવવા અને ઘરેલું ઉપલબ્ધતા વધારવા માટે કેન્દ્ર સરકારે ખાંડની નિકાસ પર પહેલાથી જ રોક લગાવી દીધી છે. સરકારે મે મહિનામાં જ તાત્કાલિક અસરથી ખાંડની નિકાસ પર પ્રતિબંધ લગાવ્યો હતો, જેની સમયસીમા 30 સપ્ટેમ્બર સુધી નક્કી કરવામાં આવી છે. 2025-26 માટે સરકારે લગભગ 16 લાખ ટન ખાંડની નિકાસની મંજૂરી આપી હતી.

ઈન્ડિયન સુગર મિલ્સ એસોસિએશન (ISMA) અનુસાર, ઈથેનોલ ડાયવર્ઝન પછી 2025-26 માર્કેટિંગ સિઝનમાં કુલ ખાંડ ઉત્પાદન 29.3 મિલિયન ટન રહેવાનો અંદાજ છે. આ પાછલી 2024-25 સિઝનમાં નોંધાયેલા 26.12 મિલિયન ટન ઉત્પાદન કરતાં વધુ છે.

તાજેતરના ભાવ વધારા વચ્ચે 17 જુલાઈએ ખાંડ ઉદ્યોગ સંસ્થાઓ ISMA અને NFCSF એ જણાવ્યું હતું કે દેશમાં ખાંડનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. તેમણે સંસ્થાકીય ખરીદદારો, જથ્થાબંધ અને છૂટક વેપારીઓને અપીલ કરી હતી કે તેઓ ભાવ વધારા વચ્ચે સટ્ટાબાજી અને ગભરાટમાં ખરીદી કરવાનું ટાળે.

# 31 જુલાઈ સુધીમાં ફાઈલ ન કરવા પર ₹5000 સુધીની લેટ ફી લાગશે, આ 10 બાબતોનું ધ્યાન રાખો

નવી દિલ્હી, તા.29

નાણાકીય વર્ષ 2025-26 માટે ઈન્કમ ટેક્સ રિટર્ન એટલે કે ITR ફાઈલ કરવાની પ્રક્રિયા હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે અને કરદાતાઓ માટે હવે માત્ર 3 દિવસનો જ સમય બાકી રહ્યો છે. સામાન્ય કરદાતાઓ માટે વિના દંડે રિટર્ન ફાઈલ કરવાની આખરી તારીખ 31 જુલાઈ 2026 નક્કી કરવામાં આવી છે, જ્યારે બિઝનેસ ક્લાસ (ITR-3 અને ITR-4) માં આવતા ચોક્કસ કરદાતાઓ માટે આ મુદત 31 ઓગસ્ટ સુધી લંબાવવામાં આવી છે. જો કોઈ કરદાતા 31 જુલાઈની સમયસીમા ચૂકી જાય છે, તો તેઓ 31 ડિસેમ્બર સુધી નિયત દંડ અને લેટ ફી ભરીને 'બિલેટેડ રિટર્ન' ફાઈલ કરી શકે છે. ITR એ માત્ર એક ટેક્સ દસ્તાવેજ નથી, પરંતુ વ્યક્તિની તમામ આવક, રોકાણ અને નાણાકીય વ્યવહારોનો સત્તાવાર અને કાનૂની રેકોર્ડ ગણાય છે.



આજના સમયમાં ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), એડવાન્સ ડેટા એનાલિટિક્સ અને વિવિધ સરકારી પોર્ટલ્સના માધ્યમથી કરદાતાઓની તમામ નાણાકીય ગતિવિધિઓ પર સતત નજર રાખી રહ્યું છે. બેંક ખાતાઓના વ્યવહારો, કપાયેલો TDS, શેરબજાર અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ, રિયલ એસ્ટેટ એટલે કે પ્રોપર્ટી ખરીદ-વેચાણથી લઈને વિદેશી યાત્રાઓ સુધીની તમામ ઝીણવટભરી વિગતો ટેક્સ વિભાગ પાસે ઉપલબ્ધ હોય છે, જેને ITR માં આપેલી માહિતી સાથે સરખાવવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં કરદાતા દ્વારા કરવામાં આવેલી નાની અજ્ઞાનતા કે ભૂલ પણ પાછળથી નોટિસ, ટેક્સ ડિમાન્ડ, ભારે વ્યાજ અને પેનલ્ટીનું કારણ બની શકે છે. તેથી જ ઈન્દોરના જાણીતા ટેક્સ એક્સપર્ટ અને સીએ આનંદ જૈન ITR ભરતી વખતે કેટલીક અત્યંત મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખવાની વિશેષ સલાહ આપે છે.

કરદાતાઓએ સૌપ્રથમ એ સમજવું જરૂરી છે કે માત્ર ફોર્મ 16 પર નિર્ભર રહેવું પૂરતું નથી, કારણ કે ફોર્મ 16 માત્ર પગાર અને તેના પર કપાયેલા TDSની વિગતો આપે છે. જો તમને એફડી, આરડી, સેવિંગ્સ એકાઉન્ટનું વ્યાજ, ડિવિડન્ડ, ઘરનું ભાડું, ફ્રીલાન્સિંગથી આવક કે શેર-મ્યુચ્યુઅલ ફંડથી કોઈ નફો થયો હોય, તો તેની જાણકારી પણ રિટર્નમાં આપવી અનિવાર્ય છે. આ ઉપરાંત સાચું ITR ફોર્મ પસંદ કરવું એટલું જ જરૂરી છે, કારણ કે ખોટા ફોર્મની પસંદગીથી તમારું રિટર્ન ડિફેક્ટિવ ગણાઈ શકે છે. સામાન્ય પગારદારો માટે ITR-1, કેપિટલ ગેઈન અને વિદેશી આવક ધરાવનારા માટે ITR-2, બિઝનેસ અને F&O ટ્રેડિંગ કરનારા માટે ITR-3 તેમજ નાના વ્યાપારીઓ માટે ITR-4 ફોર્મ નિર્ધારિત થયેલ છે. રિટર્ન સબમિટ કરતાં પહેલાં ફોર્મ 16, ફોર્મ 26AS, એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ (AIS) અને ટેક્સપેયર ઈન્ફોર્મેશન સમરી (TIS) ની સરખામણી કરી લેવી જોઈએ, જેથી ડેટામાં કોઈ તફાવત ન રહે. નાણાકીય વર્ષ દરમિયાન જો તમે નોકરી બદલી હોય, તો જૂના અને નવા બંને એમ્પ્લોયર પાસેથી મળેલી સેલરીને ઉમેરીને જ રિટર્ન ફાઈલ કરવું જોઈએ, નહિતર ઓછો TDS કપાવાને કારણે પાછળથી ટેક્સ ભરવાનો આવી શકે છે. તે જ રીતે તમામ સક્રિય બેંક ખાતાઓની વિગતો સાચી આપવી જરૂરી છે અને રિફંડ માટે આપેલો IFSC કોડ તથા એકાઉન્ટ નંબર બિલકુલ સચોટ હોવા જોઈએ જેથી રિફંડ પ્રોસેસિંગમાં વિલંબ ન થાય.

# પેન્શન મળતું બંધ થઈ ગયું છે? તો ચિંતા ન કરશો: હવે બેંકના ધક્કા નહીં ખાવા પડે

નવી દિલ્હી, તા.29

નિવૃત્તિ પછી મળતું પેન્શન એ માત્ર દર મહિને ખાતામાં આવતી રકમ નથી, પરંતુ તે નિવૃત્ત કર્મચારી અને તેના સમગ્ર પરિવાર માટે એક મજબૂત આર્થિક સુરક્ષાની છત્રછાયા હોય છે. પરંતુ ઘણીવાર પેન્શન અચાનક અટકી જવું, વાર્ષિક જીવન પ્રમાણપત્ર સમયસર જમા ન થઈ શકવું, કર્મચારીના અવસાન બાદ ફેમિલી પેન્શન શરૂ કરવામાં થતો વિલંબ, બેંક દ્વારા વારંવાર ચક્કર મરાવવા અથવા રાષ્ટ્રીય પેન્શન પ્રણાલી (NPS) અને એકીકૃત પેન્શન યોજના (UPS) ને લઈને સર્જાતી ગૂંચવણોને કારણે મોટાભાગના પેન્શનરો ભારે મૂંઝવણ અનુભવતા હોય છે. યોગ્ય માહિતીના અભાવે પેન્શનરોને એ સમજાય નથી આવતું કે પોતાની સમસ્યા લઈને કઈ સરકારી કચેરી કે કઈ સિસ્ટમનો સંપર્ક કરવો. આ તમામ વિષયો પર ઓલ ઈન્ડિયા એનપીએસ એમ્પ્લોઈઝ ફેડરેશનના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. મનજીત સિંહ પટેલ અને એઆઈબીઆરએના જનરલ સેક્રેટરી એસસી જૈન જેવા ક્ષેત્રના નિષ્ણાતો પેન્શન સંબંધિત 5 મોટી સમસ્યાઓ અને તેના સચોટ સમાધાન અંગે વિગતવાર માર્ગદર્શન આપી રહ્યા છે.

અનુભવ અનુસાર ખોટી કચેરીએ પહોંચવું એ પેન્શનધારકોની સૌથી સામાન્ય અને મોટી ભૂલ હોય છે, જેના કારણે તેમનો સમય અને શક્તિ બંને વેડફાય છે. સાચી જગ્યાની પસંદગી કરીને જવાથી સમય અને મુશ્કેલી બંનેથી સરળતાથી બચી શકાય છે. જો માસિક પેન્શન અટકી ગયું હોય તો તે માટે બેંક અને CPENGRAMS નો સંપર્ક કરવો જોઈએ. વાર્ષિક જીવન પ્રમાણપત્ર જમા કરાવવા માટે સીએસસી સેન્ટર, બેંક અથવા નજીકની પોસ્ટ ઓફિસનો આશરો લઈ શકાય છે. એનપીએસ સંબંધિત બાબતો માટે પેન્શન ફંડ રેગ્યુલેટરી ડેવલપમેન્ટ ઓથોરિટી કાર્યરત છે, જ્યારે ઈપીએસ-95 માટે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન) ને સંપર્ક કરવાનો રહે છે. આ સિવાય સંરક્ષણ ક્ષેત્રના પેન્શનરો માટે 'સ્પર્શ' (SPARSH) પોર્ટલ કાર્યરત છે. જો બેંક સ્તરે કોઈ ફરિયાદ હોય તો પહેલાં બેંકની પોતાની ફરિયાદ પ્રણાલી અને ત્યારબાદ પણ ઉકેલ ન આવે તો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ની એકીકૃત લોકપાલ વ્યવસ્થામાં રજૂઆત કરી શકાય છે.

જો તમારું દર મહિને આવતું પેન્શન અચાનક બંધ થઈ ગયું હોય, આવવામાં વિલંબ થઈ રહ્યો હોય કે બેંકે કોઈપણ સ્પષ્ટતા વગર ખાતામાંથી રકમ કાપી લીધી હોય, તો સૌથી પહેલાં જે-તે બેંક શાખા અથવા પેન્શન વિતરણ કાર્યાલયમાં લેખિત સ્વરૂપે સત્તાવાર ફરિયાદ નોંધાવવી જોઈએ. મોટાભાગના કિસ્સાઓમાં પ્રાથમિક સ્તરે જ આવી સમસ્યાઓનો ઉકેલ આવી જતો હોય છે. પરંતુ જો બેંક તરફથી યોગ્ય પ્રતિસાદ કે સમાધાન ન મળે, તો કેન્દ્રીયકૃત પેન્શન ફરિયાદ નિવારણ અને દેખરેખ પ્રણાલી એટલે કે CPENGRAMS ના ઓનલાઈન પોર્ટલ પર જઈને ફરિયાદ દાખલ કરવી જોઈએ. આ પ્રક્રિયા દરમિયાન તમારો પીપીઓ (PPO) નંબર, બેંક એકાઉન્ટની વિગતો અને સમસ્યા સંબંધિત જરૂરી આધાર-પુરાવાઓ સાઈટ પર અપલોડ કરવાના રહે છે, જેનાથી ત્વરિત કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. પેન્શન ચાલુ રાખવા માટે દર વર્ષે જમા કરાવવું પડતું જીવન પ્રમાણપત્ર પણ ઘણીવાર મોટી સમસ્યા બની જાય છે. વધતી ઉંમર, શારીરિક અશક્તતા, બીમારી કે ચાલવા-ફરવામાં પડતી તકલીફને કારણે હવે વયોવૃદ્ધ પેન્શનરોએ બેંક સુધી લાઈનમાં ઊભા રહેવા જવાની જરૂર નથી.



સરકારે ડિજિટલ જીવન પ્રમાણપત્ર જમા કરાવવાની પ્રક્રિયા ખૂબ જ સરળ અને સુલભ બનાવી દીધી છે, જેનો ઉપયોગ ઘરેબેઠા કરી શકાય છે. તમારા સ્માર્ટફોનમાં 'જીવન પ્રમાણ એપ' ડાઉનલોડ કરીને અને ફેસ ઓથેન્ટિકેશન (ચહેરાની ઓળખ) ટેકનોલોજીની મદદથી ઓનલાઈન સર્ટિફિકેટ ઘેરબેઠા જ જમા કરી શકાય છે. જો કોઈ વડીલને સ્માર્ટફોન કે ડિજિટલ પ્રક્રિયા સમજવામાં મુશ્કેલી પડતી હોય, તો તેઓ પોતાના ઘર નજીકના સામાન્ય સેવા કેન્દ્ર (CSC) અથવા બેંક મિત્રની મદદ લઈને આ કામ સરળતાથી પૂરું કરાવી શકે છે.

મૂળ પેન્શનરના અવસાન બાદ પરિવાર માટે ફેમિલી પેન્શન શરૂ કરાવવું અથવા પેન્શન ખાતાની બેંક બદલવી એ પણ એક લાંબી પ્રક્રિયા બની જાય છે. આવી સ્થિતિમાં પરિવારજનોએ મૃત્યુ પ્રમાણપત્ર, લગ્ન નોંધણી દાખલો, આશ્રિતોના ઓળખ પુરાવા જેવા કે આધાર કાર્ડ અને પાન કાર્ડ, નવી બેંક ખાતાની વિગતો, મૃતકનો મૂળ PPO નંબર અને નોમિનેશન ફોર્મ જેવા તમામ કાનૂની દસ્તાવેજો અગાઉથી જ તૈયાર રાખવા જોઈએ. આ તમામ કાગળો સાથે સંબંધિત વિભાગ કે બેંકમાં નિયમાનુસાર અરજી કરવાની રહે છે. ફેમિલી પેન્શન શરૂ કરવામાં અને બેંક બદલવામાં PPO નંબર અને ઓળખ પુરાવા સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જો અરજી કર્યા પછી પણ લાંબા સમય સુધી કાર્યવાહી ન થાય કે વિલંબ થાય, તો સિનિયર સિટિઝન હેલ્પલાઈન એલ્ડરલાઈન 14567 પર અથવા સંબંધિત વિભાગ કે બેંકની અધિકૃત હેલ્પલાઈન પર કોલ કરીને PPO નંબર સાથે પોતાની ફરિયાદ નોંધાવી શકાય છે.

આજના સમયમાં રાષ્ટ્રીય પેન્શન પ્રણાલી (NPS), નવી એકીકૃત પેન્શન યોજના (UPS) કે અટલ પેન્શન યોજના (APY) ને લઈને પણ લોકોના મનમાં ઘણી અસ્પષ્ટતા હોય છે. આવી તમામ પેન્શન યોજનાઓ સાથે જોડાયેલા પ્રશ્નો અને મૂંઝવણના નિવારણ માટે પેન્શન ફંડ રેગ્યુલેટરી અને ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) દ્વારા વિશેષ એઆઈ ચેટબોટ 'PFRDA પેન્શન સહાયક' ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે, જ્યાં 24 કલાક પ્રશ્નો પૂછીને માર્ગદર્શન મેળવી શકાય છે. આ ઉપરાંત, સામાન્ય નાગરિકો PFRDA ની ટોલ-ફ્રી હેલ્પલાઈન 1800110708 પર સોમવારથી શુક્રવાર દરમિયાન સવારે 9.30 થી સાંજે 5.30 વાગ્યાના સમયગાળામાં સીધો સંપર્ક કરીને પોતાના પ્રશ્નોનું નિરાકરણ મેળવી શકે છે.

# ચાંદી ₹1270 મોંઘી થઈને ₹2.19 લાખ પર પહોંચી: 10 ગ્રામ સોનાનો ભાવ ₹178 વધીને ₹1.42 લાખ

મુંબઈ, તા.29

આજના દિવસે એટલે કે 29 જુલાઈના રોજ સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) દ્વારા જાહેર કરાયેલા તાજેતરના આંકડા અનુસાર, કિંમતી ધાતુઓની માગ વધતા ચાંદીના ભાવમાં પ્રતિ કિલોગ્રામ 1,270 રૂપિયાનો ઉછાળો નોંધાયો છે, જેના પરિણામે ચાંદીનો ભાવ વધીને 2.19 લાખ રૂપિયા પ્રતિ કિલોની સપાટી પર પહોંચી ગયો છે. સાથોસાથ સોનાના ભાવમાં પણ તેજીનો માહોલ જોવા મળ્યો છે, જ્યાં 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમતમાં 178 રૂપિયાનો વધારો થતાં તે 1.42 લાખ રૂપિયાના સ્તર પર પહોંચી ગયું છે.



ચાલુ વર્ષ 2026 માં સોના અને ચાંદીના બજારમાં ભારે ઉતાર-ચઢાવનો દોર સતત જારી રહ્યો છે. વર્ષની શરૂઆતથી લઈને અત્યાર સુધીના સમયગાળા દરમિયાન સોનાના ભાવમાં અંદાજે 9 હજાર રૂપિયાનો વધારો નોંધાયો છે. ગત વર્ષના અંતે એટલે કે 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયાની ઉપર જોવા મળતો હતો, જે વર્તમાન સમયમાં વધીને 1.42 લાખ રૂપિયા થઈ ચૂક્યો છે. બીજી તરફ, ચાંદીના ભાવમાં વર્ષની શરૂઆતની સરખામણીએ 11 હજાર રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ પ્રતિ કિલો ચાંદીનો ભાવ 2.30 લાખ રૂપિયા હતો, જે હાલ ઘટીને 2.19 લાખ રૂપિયા પર વેચાઈ રહી છે. આ સિવાય, આ જ વર્ષ દરમિયાન 29 જાન્યુઆરીના રોજ સોના અને ચાંદી બંનેએ પોતાના ઓલ-ટાઈમ હાઈ સ્તર બનાવ્યા હતા, જેમાં સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયાની ઐતિહાસિક ઉચ્ચતમ સપાટીએ સ્પર્શી ગયા હતા.

બજારના ભવિષ્ય અંગે અગ્રણી કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાનું માનવું છે કે સોના અને ચાંદીના ભાવ હાલમાં તેમની સર્વોચ્ચ સપાટીથી ખાસ્સા નીચે આવી ચૂક્યા છે, જેથી લાંબા ગાળાના રોકાણકારો માટે આ એક યોગ્ય તક બની શકે છે. જોકે, તેમણે સલાહ આપી છે કે રોકાણકારોએ એકસાથે બધી મૂડી રોકવાને બદલે સમયાંતરે તબક્કાવાર રોકાણ કરવાનો અભિગમ અપનાવવો જોઈએ. અજય કેડિયાના અંદાજ મુજબ, વર્ષના અંત સુધીમાં સોનાનો ભાવ ફરી એકવાર ઉછળીને 1.60 લાખ રૂપિયા સુધી અને ચાંદીનો ભાવ 2.80 લાખ રૂપિયા સુધી પહોંચવાની સંપૂર્ણ શક્યતા છે.

ભૌતિક સોનું કે ચાંદી ખરીદવા સિવાય રોકાણકારો માટે એક્સચેન્જ ટ્રેડેડ ફંડ (ETF) એક અત્યંત સુરક્ષિત અને સરળ વિકલ્પ બની રહ્યો છે. ગોલ્ડ ETF અથવા સિલ્વર ETF ના ભાવ સીધા જ બજારમાં સોના-ચાંદીની વધતી-ઘટતી કિંમતો સાથે જોડાયેલા હોય છે. તેનું ખરીદ-વેચાણ સામાન્ય શેરની જેમ જ બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર સહેલાઈથી કરી શકાય છે. આ પ્રકારના રોકાણમાં રોકાણકારને ઘર બેઠા સોના કે ચાંદીના સિક્કા/દાગીના ભૌતિક સ્વરૂપે મળતા નથી, પરંતુ જ્યારે પણ રોકાણકાર તેમાંથી પોતાના પૈસા પાછા ખેંચવા માગે છે, ત્યારે તે સમયે બજારમાં ચાલતા સોના-ચાંદીના તત્કાલીન ભાવ મુજબ જ તેને રોકડ રકમ મળી જાય છે. આ માધ્યમથી ના નાના રોકાણકારો માત્ર 500 રૂપિયા જેવા નાના બજેટથી પણ કિંમતી ધાતુઓમાં પોતાનું રોકાણ શરૂ કરી શકે છે.

ETF ના માધ્યમથી રોકાણ કરવાની પ્રક્રિયા પણ ખૂબ જ સરળ રાખવામાં આવી છે. આ માટે રોકાણકારે સૌપ્રથમ પોતાના માન્ય બ્રોકર દ્વારા ડીમેટ એકાઉન્ટ ખોલાવવાનું રહેશે. ડીમેટ એકાઉન્ટ સક્રિય થયા બાદ રોકાણકાર NSE પર ઉપલબ્ધ વિવિધ ETF ના યુનિટ્સ સરળતાથી ખરીદી શકે છે, અને તેની ખરીદીની ચોક્કસ રકમ તેમના ડીમેટ એકાઉન્ટ સાથે સંકળાયેલા બેંક ખાતામાંથી સીધી જ કપાઈ જાય છે. ઓર્ડર સફળતાપૂર્વક પ્લેસ કર્યાના અંદાજે બે દિવસની અંદર આ ETF યુનિટ્સ રોકાણકારના ડીમેટ ખાતામાં જમા થઈ જાય છે. ભવિષ્યમાં જ્યારે પણ નફો બુક કરવો હોય કે પૈસાની જરૂર હોય ત્યારે આ જ ટ્રેડિંગ એકાઉન્ટનો ઉપયોગ કરીને ETF નો ઓર્ડર આપી તેમાંથી સરળતાથી બહાર નીકળી શકાય છે.

# ટેલિગ્રામના ફાઉન્ડરને વોન્ટેડ લિસ્ટમાં મૂકાયા: રશિયાએ પાવેલ દુરોવ પર આતંકવાદ ફેલાવવાનો આરોપ લગાવ્યો, કેસ દાખલ

નવી દિલ્હી, તા.29

રશિયાની મુખ્ય સુરક્ષા એજન્સી ફેડરલ સિક્યુરિટી સર્વિસ (FSS) એ મેસેજિંગ એપ ટેલિગ્રામના સ્થાપક પાવેલ દુરોવ વિરુદ્ધ આતંકવાદને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો છે. રશિયાએ તેમને ઈન્ટરનેશનલ વોન્ટેડ લિસ્ટમાં પણ મૂક્યા છે.

FSSએ આરોપ લગાવ્યો કે ટેલિગ્રામનું એડમિનિસ્ટ્રેશન તે ચેનલો, ચેટ્સ અને બોટ્સને હટાવવામાં નિષ્ફળ રહ્યું છે, જેનો ઉપયોગ યુક્રેનિયન ઈન્ટેલિજન્સ એજન્સીઓ અને કટ્ટરપંથી સંગઠનો રશિયામાં તોડફોડ, સાયબર ફ્રોડ અને આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપવા માટે કરી રહ્યા છે.

સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે વારંવાર ચેતવણી આપવા છતાં ટેલિગ્રામ પ્રશાસને તેમને હટાવવા માટે કોઈ નક્કર પગલાં લીધા નથી. પાવેલ દુરોવ પર નવો કેસ નોંધાયા બાદ હવે રશિયામાં ટેલિગ્રામના ભવિષ્ય અને તેની સેવાઓ પર સંપૂર્ણ પ્રતિબંધ લાગવાની આશંકા વધી ગઈ છે.

પાવેલ દુરોવનો જન્મ રશિયામાં જ થયો હતો, પરંતુ તેમણે 2021માં ફ્રાન્સની નાગરિકતા મેળવી લીધી હતી. આ સમયે તેઓ દુબઈથી પોતાની કંપની અને એપનું સંચાલન કરી રહ્યા છે.



રશિયામાં ટેલિગ્રામ સૌથી લોકપ્રિય મેસેજિંગ એપ્સમાંથી એક છે. રશિયન સરકારે સુરક્ષા કારણોનો હવાલો આપતા એપ પર પહેલેથી જ કડક પ્રતિબંધો લગાવી રાખ્યા છે. આમ છતાં સામાન્ય લોકોથી લઈને સરકારી અને મિલિટરી સાથે જોડાયેલા લોકો પણ આ એપનો ઉપયોગ કરે છે.

FSS રશિયાની મુખ્ય આંતરિક સુરક્ષા અને ગુપ્તચર એજન્સી છે. તે પૂર્વ સોવિયત સંઘની એજન્સી KGBની ઉત્તરાધિકારી માનવામાં આવે છે. તેનું મુખ્ય કાર્ય દેશની અંદર આતંકવાદ અટકાવવો, સરહદોની સુરક્ષા કરવી અને સાયબર સુરક્ષાનું નિરીક્ષણ કરવું છે.

1984માં રશિયામાં જન્મેલા દુરોવને 'રશિયાના માર્ક ઝકરબર્ગ' કહેવામાં આવે છે. તેમણે ટેલિગ્રામ પહેલા રશિયાનું સૌથી મોટું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ VK બનાવ્યું હતું.

ડેટા પ્રાઈવસી અને અભિવ્યક્તિની આઝાદીને લઈને રશિયન સરકાર સાથે થયેલા વિવાદ બાદ તેમણે 2014માં રશિયા છોડી દીધું હતું. હાલમાં દુરોવ દુબઈમાં રહે છે.

## બારડોલીના બુજરંગ ગામમાં રેતી ચોરીનો મામલો

# ગેરકાયદે ખનન સામે ગુજરાત હાઈકોર્ટ લાલઘૂમ

## ડિજિટલ ફરિયાદ એપનો વ્યાપક પ્રચાર કરવા અને ખનન સ્થળો પર QR કોડ બોર્ડ લગાવવા સરકારને આદેશ

**અમદાવાદ, તા.29**

ગુજરાતમાં વધી રહેલી ગેરકાયદેસર ખનન અને ખનિજ ચોરીની પ્રવૃત્તિઓ સામે ગુજરાત હાઈકોર્ટે અત્યંત સખત વલણ અપનાવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા નાગરિકો માટે શરૂ કરવામાં આવેલી વિશેષ મોબાઈલ એપ્લિકેશનનો વ્યાપક પ્રચાર અને પ્રસાર કરવાનો હાઈકોર્ટે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે, જેથી સામાન્ય નાગરિકો કોઈપણ સ્થળે ચાલી રહેલા ગેરકાયદેસર ખનન અંગે સંબંધિત સત્તાધિકારીઓને તાત્કાલિક અને સીધી ફરિયાદ કરી શકે. આ સમગ્ર મામલો દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં આવેલા બુજરંગ ગામમાં થયેલા મોટા પાયાના ગેરકાયદેસર રેતી ઉત્ખનન સાથે જોડાયેલો છે. આ કિસ્સામાં સરકારી સત્તાધીશોએ કોર્ટ સમક્ષ સ્વીકાર્યું હતું કે ટેલિકોમ્યુનિકેશન પ્રક્રિયામાં ખામી હોવાને કારણે તે સમયે માઈનિંગ માફિયાઓ સામે યોગ્ય અને સમયસર કાર્યવાહી થઈ શકી નહોતી. જોકે, પાછળથી ઓથોરિટી દ્વારા ગુનેગારો સામે એફઆઈઆર (FIR) નોંધાવવામાં આવી છે અને હાલ આ મામલે કાનૂની તપાસ ચાલી રહી છે. ઉદ્યોગ અને ખાણ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી સહિતના ઉચ્ચ સત્તાધિકારીઓએ હાઈકોર્ટમાં સોગંદનામું દાખલ કરીને ભવિષ્યમાં આવી પ્રવૃત્તિઓ ચલાવી નહીં લેવાની અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની લેખિત ખાતરી આપી છે.

હાઈકોર્ટે સરકારને આદેશ આપ્યો હતો કે સોગંદનામામાં આપેલી તમામ ખાતરીઓનું અક્ષરશઃ પાલન કરવામાં આવે અને સુનિશ્ચિત કરવામાં આવે કે રાજ્યમાં ગેરકાયદે ખનનનો મુદ્દો વધુ વ્યાપક ન બને. આ સાથે જ નાગરિકો દ્વારા કરવામાં આવતી ફરિયાદોનો ઝડપથી નિકાલ લાવવાની કડક સૂચના આપી હતી. પારદર્શિતા લાવવા માટે કોર્ટે એક મહત્વપૂર્ણ સૂચન કર્યું હતું કે દરેક કાયદેસરના ખનન સ્થળ પર ફરજિયાતપણે QR કોડ ધરાવતું બોર્ડ લગાડવામાં આવે, જેથી કોઈપણ નાગરિક તે કોડ સ્કેન કરીને સાઈટની કાયદેસરતા અને મંજૂર થયેલી વિગતો જોઈ શકે. ઉપરાંત, સરકારે મીડિયાના વિવિધ માધ્યમો દ્વારા જનતા સુધી એ સ્પષ્ટ સંદેશ પહોંચાડવો પડશે કે ગેરકાયદે ખનન પ્રવૃત્તિઓને નાબૂદ કરવા માટે રાજ્યમાં એક મજબૂત અને ચોક્કસ પ્રણાલી ગોઠવવામાં આવી છે. આ સમગ્ર



વિવાદની શરૂઆત સુરતના એક જાગૃત અરજદાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવેલી અરજીથી થઈ હતી. અરજીમાં ચોંકાવનારો ખુલાસો કરાયો હતો કે બારડોલીના બુજરંગ ગામમાં આવેલી સરકારી પડતર જમીન પર ભૂમાફિયાઓ દ્વારા બેફામ ખનન કરવામાં આવી રહ્યું છે. સરકારી વકીલના જણાવ્યા અનુસાર આ સ્થળેથી અંદાજે 37 હજાર મેટ્રિક ટન રેતીની ચોરી થઈ છે, જ્યારે અરજદારના વકીલે દાવો કર્યો હતો કે વાસ્તવમાં 1 લાખ મેટ્રિક ટન જેટલી મોટી માત્રામાં રેતી ચોરાઈ ગઈ છે. હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવેલી તસવીરોમાં જંગલ જેવી સરકારી જમીન પર ખોદકામને કારણે પડેલા વિશાળ અને ખતરનાક ખાડાઓ સ્પષ્ટપણે જોઈ શકાતા હતા. અરજદારે છેલ્લા બે વર્ષથી જિલ્લા કલેક્ટર અને પંચાયત વિભાગ સહિતના તંત્રોને વારંવાર રજૂઆતો કરી હતી, છતાં તમામ જવાબદાર અધિકારીઓ પોતાની ફરજ નિભાવવામાં સાવ નિષ્ફળ નીવડ્યા હતા.

કેસની સુનાવણી દરમિયાન મામલતદાર અને જિયોલોજિસ્ટ દ્વારા રજૂ કરાયેલા એફિડેવિટમાં ગેરકાયદે ખનન થયું હોવાનો ખુલ્લો સ્વીકાર કરવામાં આવ્યો હતો. વધુમાં, બુજરંગ ગ્રામ પંચાયતે જિયોલોજિસ્ટને ગેરમાર્ગે દોરતા એવો બચાવ કર્યો હતો કે આ ખોદકામ કોઈ સરકારી યોજના અંતર્ગત થઈ રહ્યું છે. આ બાબતે હાઈકોર્ટે અત્યંત નારાજગી વ્યક્ત કરી હતી અને સરકારી તંત્રની ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે ફરિયાદો મળવા છતાં અધિકારીઓએ ગેરકાયદે ખનન સામે આંખ આડા કાન કર્યા છે. જિયોલોજિસ્ટ ખોદકામ થયાના આખા 6 મહિના પછી એક્ઝિક્યુટિવ એન્જિનિયરને પૂછે છે કે આ ખોદકામ તેમણે કર્યું છે કે કેમ, જે અત્યંત શરમજનક છે. કોર્ટે આકરા શબ્દોમાં ઉમેર્યું હતું કે છેલ્લા બે વર્ષથી ખુલ્લેઆમ ગેરકાનૂની ખનન ચાલતું હોય, ડમ્પરોની લાઈનો લાગતી હોય અને કોઈ અધિકારી જોવા સુદ્ધાં ન જાય, તેવા બેદરકાર અધિકારીઓને તાત્કાલિક અસરથી નોકરીમાંથી 'ઘર ભેગા' કરી દેવા જોઈએ.

મૂળભૂત રીતે આ જમીન સરકારે ગામના જાહેર ઉપયોગ માટે ફાળવી હતી. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે જીવના જોખમે કોર્ટ સુધી પહોંચેલા અરજદારની હિંમતને બિરદાવી હતી અને ચિંતા વ્યક્ત કરી હતી કે ભૂતકાળમાં ગેરકાનૂની ખનન અટકાવવાના પ્રયાસોમાં કેટલાય પ્રામાણિક અધિકારીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે, છતાં ખનન માફિયાઓ બેફિકર બનીને રખડે છે. કેસમાં એક પક્ષકાર વતી ઉપસ્થિત એડવોકેટ ઝુબીન ભરડાએ રજૂઆત કરી હતી કે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આવી ગેરકાનૂની ખનિજ ચોરીની કેટલી ફરિયાદો નોંધાઈ છે તેની વિગતવાર માહિતી કોર્ટ સમક્ષ મૂકવી જોઈએ. તેમણે એવો આરોપ પણ લગાવ્યો હતો કે રાજ્યમાં સુજલામ સુફલામ અને વોટર કન્ઝરવેશન (જળ સંચય) જેવી યોજનાઓના નામે આડેધડ ખોદકામ કરીને મોટા પાયે ખનિજ ચોરી આચરવામાં આવે છે.

હાઈકોર્ટમાં આ કડક સુનાવણી શરૂ થતાં જ સફાળા જાગેલા સરકારી તંત્રે તાબડતોબ બારડોલી ગ્રામ્ય પોલીસ મથકે 6 જેટલા ઈસમો સામે ગેરકાનૂની ખનન અને 37 હજાર મેટ્રિક ટન રેતી ચોરીની સત્તાવાર ફરિયાદ નોંધાવી છે, જેમાં સરકારને આશરે 26.25 લાખનું આર્થિક નુકસાન ગયું હોવાનું દર્શાવવામાં આવ્યું છે. આ સમગ્ર ગંભીર બાબતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગુજરાત હાઈકોર્ટે અંતે સુરત જિલ્લા કલેક્ટર તેમજ ઉદ્યોગ અને ખાણ વિભાગના મુખ્ય સેક્રેટરીને આ મામલે પોતાનું વિગતવાર એફિડેવિટ ફાઈલ કરવા માટે આદેશ કર્યો છે.

## પોલીસ લોકઅપમાં બંધ યુવકનો સેલ્ફી વીડિયો વાઈરલ: પોલીસને જ પડકાર ફેંક્યો

### શહેર કોટડા પોલીસ સ્ટેશનનો વીડિયો હોવાનું અનુમાન

**અમદાવાદ, તા.29**

શાહેરકોટડા પોલીસ સ્ટેશનના લોકઅપનો હોવાનું કહેવાતો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા પોલીસ વિભાગમાં ચર્ચા શરૂ થઈ છે.વાયરલ વીડિયોમાં કાલુપુર રેલવે સ્ટેશન વિસ્તારના અસામાજિક તત્વની ઓળખ ધરાવતા શાહિદ ઉર્ફે રોબોટ લોકઅપમાં બેઠેલો જોવા મળી રહ્યો છે. વીડિયોમાં તે શંકાસ્પદ ગોળી લેતો હોવાનું તેમજ અપશબ્દો બોલી પોલીસ અને કાયદા વ્યવસ્થા સામે પડકાર ફેંકતો હોવાનું દેખાઈ રહ્યું છે.

વાયરલ વીડિયોમાં શખ્સ દ્વારા લોકઅપમાંથી જ ચેલેન્જ આપવામાં આવી રહી હોવાનું પણ જોવા મળે છે. એટલું જ નહીં, તે જમવાનું મંગાવવાની વાતો કરતો હોવાનું અને આશરે 1500 રૂપિયાનું ભોજન મંગાવતો હોવાનું પણ વીડિયોમાં સાંભળવા મળી રહ્યું છે.આરોપીએ લોકઅપમાં મોબાઈલનો ઉપયોગ



કરી વીડિયો બનાવ્યો હોવાની ચર્ચા છે. જો આ વાત સાચી સાબિત થાય તો પોલીસ સ્ટેશનના લોકઅપમાં મોબાઈલ પહોંચ્યો કેવી રીતે તે મોટો સવાલ બની શકે છે. થોડા સમય અગાઉ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદનો આ વીડિયો હોવાનું કહેવાઈ રહ્યું છે. આ મામલે શહેરકોટડા પોલીસ સ્ટેશનના પીઆઈ વી. એન. ચૌધરીએ જણાવ્યું હતું કે, વાયરલ વીડિયો એક મહિના પહેલાનો હોવાનું જાણવા મળી રહ્યું છે, પરંતુ આ વીડિયો ખરેખર શહેરકોટડા પોલીસ સ્ટેશનના લોકઅપનો છે કે નહીં તેની તપાસ ચાલી રહી છે.

## લંડનની વર્ક પરમીટ અપાવવાના બહાને 10.49 લાખની ઠગાઈ: ઘાટલોડિયાના યુવક પાસેથી રૂપિયા પડાવ્યા

### સ્ટેનમોર એન્ટર પ્રાઈઝના ધવલ પરમાર સામે ફરિયાદ

**અમદાવાદ, તા.29**

શહેરના ઘાટલોડિયામાં રહેતા યુવકને વિઝા કન્સલ્ટન્સીનું કામ કરતા વ્યક્તિએ લંડનના વર્ક પરમિટ વિઝા આપવાનું કહીને ટુકડે ટુકડે 10.49 લાખ રૂપિયા લીધા હતા.વિઝા માટે કુલ 18 લાખ નક્કી કર્યા હતા.યુવકે 10 લાખથી વધુ આપ્યા બાદ લેટર માંગ્યો હતો જોકે યુવકને વિઝા કન્સલ્ટન્સી દ્વારા કોઈ લેટર આપવામાં આવ્યો નહતો કે વિઝા પણ આપ્યા નહોતા જેથી યુવકે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ઘાટલોડિયામાં રહેતા 34 વર્ષીય અંકિત પંચાલ નામના યુવકે ફરિયાદ નોંધાવી છે કે તેના માતા સુરેખાબેનના બ્યુટી પાર્લરમાં આવતા એક મહિલા દ્વારા વિઝા કન્સલ્ટસીનું કામ કરતા સ્ટેનમોર એન્ટર પ્રાઈઝના ધવલ પરમાર સાથે સંપર્ક થયો હતો.અંકિતને વર્ક પરમિટ વિઝા પર લંડન જવાનું હોવાથી તેને ધવલ પરમારને ઘરે બોલાવ્યા




હતા. ધવલે લંડનના વર્ક પરમિટ આપવા માટે 18 લાખના ખર્ચનું જણાવ્યું હતું. અંકિતે તમામ ડોક્યુમેન્ટ ધવલને મોકલી આપ્યા હતા. ધવલે અંકિતને કેર વર્કર તરીકે જોબ અપાવવાનું કહીને ટુકડે ટુકડે 10.49 લાખ રૂપિયા લીધા હતા.ધવલે વિઝાના બાકીના પૈસા માંગ્યા ત્યારે અંકિતે લેટર આપવાનું કહ્યું હતું પરંતુ ધવલે લેટર આપ્યો નહતો જેથી અંકિતે પૈસા પરત આપ્યા હતા. ધવલે ફાઈલની ખેંચ કાપીને બાકીના પૈસા પરત આપવાનું કહ્યું હતું પરંતુ પૈસા પરત આપ્યા ન્હોતા જેથી અંકિતે ધવલ પરમાર સામે સોલા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

## ટ્રાફિકના ASI ચોકીની બાજુમાં જ લાંચ લેતા ઝડપાયા: અકસ્માતની અરજી દફતરે કરવા ₹ 10 હજાર લેતા ACBએ ઝડપ્યા

**અમદાવાદ, તા.29**

અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા તાજેતરમાં જ ટ્રાફિક પોલીસને દંડ ન વસૂલી માત્ર ટ્રાફિક નિયમન કરવા જ સૂચના આપવામાં આવી છે. ત્યારે શહેરના કલેક્ટર કચેરીની બાજુમાં ચાની દુકાનમાં અકસ્માત અંગેની અરજીમાં 10 હજારની લાંચ લેતા ટ્રાફિકના ASI ઝડપાયા છે. આ કેસમાં પોલીસ સ્ટેશનના અન્ય અધિકારી કે કર્મચારીની સંડોવણી છે કે કેમ તેની ACB દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

રાણીપ વિસ્તારમાં થયેલા એક અકસ્માત કેસમાં અરજી થઈ હતી. જે વ્યક્તિ વિરુદ્ધ અકસ્માતની અરજી થઈ હતી. તેની તપાસ L



ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના ASI મુકેશજી રાજપૂત કરી રહ્યા હતા. મુકેશજીએ જેના વિરોધમાં અરજી થઈ તેને તપાસ માટે બોલાવ્યા હતા. આક્ષેપિત વ્યક્તિ તેમની સાથે વકીલ લઈને ગયા હતા. ASI મુકેશજીએ વકીલ પાસેથી આ અરજીમાં કોઈ કાર્યવાહી ન કરી દફતરે કરવા 10 હજાર રૂપિયાની લાંચ માંગી હતી.

## યુવતી સાથેની અંગતપળોના ફોટો-વીડિયો ઈન્સ્ટાગ્રામ પર વાઈરલ કર્યા

**અમદાવાદ, તા.29**

મૂળ ઉત્તર પ્રદેશની રહેવાસી અને કૃષ્ણનગર વિસ્તારમાં રહેતી 19 વર્ષીય યુવતીના બિભત્સ વીડિયો અને ફોટો પ્રેમીએ અલગ અલગ ઈન્સ્ટાગ્રામ આઈડીમાં પોસ્ટ કર્યા હતા. યુવતીએ પ્રેમી સાથે હોટલમાં શારીરિક સંબંધ બાંધ્યો હતો જેના ફોટા વિડિયો તેમણે ઉતાર્યા હતા જે યુવકના મોબાઈલમાં હતા બાદમાં યુવતીના પરિવાર લગ્નની ના પાડતા તેના ફોટા અને વીડિયો વાયરલ કરી દીધા હતા. જેના પગલે યુવતીએ નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં 19 વર્ષીય યુવતી તેની માતા અને બે ભાઈઓ સાથે રહે છે અને નરોડા ખાતે દુકાનમાં નોકરી કરે છે જાન્યુઆરી 2026 માં તેના instagram આઈડી ઉપર અજાણ્યા ઈન્સ્ટાગ્રામ આઈડી થી મેસેજ આવેલો હતો જે બાદ ફ્રેન્ડ રિક્વેસ્ટ આવતા તેણે સ્વીકારી લીધી હતી. બંને વાતચીત શરૂ કરી હતી જેમાં યુવતીને જાણવા મળ્યું હતું કે, ઉત્તર પ્રદેશ ખાતેના તેના ગામથી પાંચ કિલોમીટર દૂર આવેલા ગામના રહેવાસી સુમિત તિવારી નામનો યુવક છે. બંને ફોન નંબરની આપણે લીધી કરી હતી અને બાદમાં વાતચીત કરતા હતા. બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. સુમિત દિલ્હી ખાતે કુક તરીકે નોકરી કરતો હતો.

મે મહિનામાં સુમિત યુવતીના મળવા માટે અમદાવાદ આવ્યો હતો અને નરોડા ખાતે આવેલી સતલુજ હોટલમાં સાત દિવસ માટે રોકાયો હતો. સુમિત અને યુવતી વચ્ચે મરજીથી હોટલમાં શારીરિક સંબંધ બંધાયા હતા અને સુમિતના ફોનમાં શારીરિક સંબંધનો ન્યૂડ વિડીયો બનાવ્યો હતો બંને એકબીજાની મસ્તી કરતા અને અન્ય વિડીયો બનાવ્યા હતા. યુવતીએ માથામાં સિંદૂર ભરી લગ્ન કર્યા હોય એવા ફોટા પણ મરજીથી બનાવ્યા હતા બાદમાં સુમિત તિવારી જ્યારે દિલ્હી જતો રહ્યો હતો ત્યારબાદ બીજા દિવસે યુવતીના ઘરના અને તેના સગા સંબંધીઓને લગ્ન કરી લીધા હોય એવા ફોટા મોકલ્યા હતા.

જોકે યુવતીના પરિવારજનો દ્વારા આ ફોટા જોયા બાદ સુમિત તિવારી સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી ત્યારબાદ તેણે અલગ અલગ આઈડી ઉપરથી બદનામ કરવાના ઈરાદે બિભત્સ વીડિયો અને ફોટા વાયરલ કર્યા હતા અને ફોટા ઉપર ફોન નંબર લખીને 300 લખી સગા સંબંધીઓ તેમજ અજાણ્યા લોકોને મોકલ્યા હતા. જેથી તેના ઉપર ફોન આવવાના શરૂ થયા હતા આ સમગ્ર મામલે નરોડા સાઈબર ક્રાઈમ ખાતે અરજી આપવામાં આવી હતી જે બાદ નરોડા પોલીસ દ્વારા અરજીના આધારે તપાસ કરીને સુમિત તિવારી વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડની તજવીજ શરૂ કરી છે.

## લાઈસન્સ વગર વાહન લાવતા વિદ્યાર્થીને સ્કૂલમાં પ્રવેશ આપવો નહીં: રિવરફ્રન્ટ પર સગીર ભાઈ-બહેનના અકસ્માત બાદ DEOનો પરિપત્ર

**અમદાવાદ, તા.29**

27 જુલાઈના અમદાવાદ શહેરના રિવરફ્રન્ટ પર પૂરપાટ ઝડપે જતા મોપેડ સવાર સગીર વયના ભાઈ-બહેન સ્ટ્રીટ લાઈટના થાંભલા સાથે અથડાયા હતા. આ અકસ્માતમાં બંનેના મોત નિપજ્યા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે, ભાઈ-બહેન નીચે પટકાયા બાદ મોપેડ 50 ફૂટ દૂર જઈને પડ્યું હતું, ત્યારે શહેરમાં સગીર વિદ્યાર્થીઓ દ્વારા લાઈસન્સ વગર વાહન ચલાવવા અને તેના કારણે સર્જાતા અકસ્માતોની ગંભીર નોંધ લઈને જિલ્લા શિક્ષણાધિકારી (DEO) દ્વારા તમામ સ્કૂલઓ માટે કડક સૂચનાઓ જાહેર કરવામાં આવી છે.

રાજ્ય શાળા સંચાલક મહામંડળની અગાઉની સૂચનાઓનું યોગ્ય પાલન ન થતાં હવે DEO દ્વારા આ મામલે સીધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

લાઈસન્સ વગર ટુ-વ્હીલર કે ફોર-વ્હીલર લઈને આવતા કોઈપણ વિદ્યાર્થીને સ્કૂલ પરિસરમાં પ્રવેશ આપવા પર સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવી છે. આગામી એક અઠવાડિયામાં




તમામ સ્કૂલઓએ રોડ સેફ્ટી અને ટ્રાફિકના નિયમો અંગે વિદ્યાર્થીઓ તથા વાલીઓને માહિતગાર કરવા જાગૃતિ કાર્યક્રમો યોજવાના રહેશે. સ્કૂલઓને રોડ સેફ્ટીના નિષ્ણાતો અને RTO અધિકારીઓને આમંત્રિત કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા તેમજ દંડનીય જોગવાઈઓથી વાકેફ કરવા સૂચના અપાઈ છે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીના જણાવ્યા મુજબ, વાલીઓ દ્વારા સગીર વયના બાળકોને વાહનો આપવું કાયદા વિરુદ્ધ છે અને તેનાથી મોટી દુર્ઘટનાઓ સર્જાય છે. DEO કચેરી દ્વારા RTO અને ટ્રાફિક પોલીસને સાથે રાખીને સ્કૂલઓમાં સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવશે. જો ચેકિંગ દરમિયાન કોઈ વિદ્યાર્થી લાઈસન્સ વગર વાહન સાથે મળી આવશે અથવા સ્કૂલ સંચાલકો દ્વારા બેદરકારી દાખવવામાં આવી હોવાનું જણાશે, તો સંબંધિત સ્કૂલ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે.

આગામી 7 દિવસમાં રોડ સેફ્ટી અને ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ યોજી તમામ વિદ્યાર્થીઓને માર્ગ સલામતી અંગે માર્ગદર્શન આપવું. તમામ વાલીઓને લેખિત કે મેસેજ દ્વારા જાણ કરવી કે લાઈસન્સ વગરના વિદ્યાર્થીઓ વાહન ચલાવવા મંજૂરી આપવી નહીં. કોઈ વિદ્યાર્થી લાઈસન્સ વગર કે હેલ્મેટ વગર સ્કૂલએ આવે તો સ્કૂલ પરિસરમાં વાહન સાથે પ્રવેશ અપાશે નહીં. લાઈસન્સ વગર આવનાર વિદ્યાર્થીઓના વાલીને તાત્કાલિક બોલાવી જરૂરી સમજણ આપી, ભવિષ્યમાં આવી ઘટના ન બને તેની લેખિત ખાતરી લેવાશે. સ્કૂલએ RTO, ટ્રાફિક પોલીસ અથવા રોડ સેફ્ટી નિષ્ણાતોને બોલાવીને જાગૃતિ કાર્યક્રમો કરવા પડશે. સ્કૂલઓએ વિદ્યાર્થીઓમાં હેલ્મેટનો ઉપયોગ, સીટબેલ્ટનો ઉપયોગ, ગતિ મર્યાદાનું પાલન, મોબાઈલનો ઉપયોગ કર્યા વિના વાહન ચલાવવું તથા તમામ ટ્રાફિક નિયમોનું પાલન કરવાની ટેવ વિકસાવવી પડશે. સ્કૂલ કક્ષાએ સમયાંતરે ચકાસણી કરી આવા કિસ્સાઓ સામે તાત્કાલિક પગલાં લેવા પડશે. જિલ્લા શિક્ષણાધિકારીની ટીમના ચેકિંગમાં લાઈસન્સ વગર વિદ્યાર્થી પકડાશે તો સ્કૂલ સામે કાર્યવાહી થશે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**
**આપે છે તક...**
**બનો સોશિયલ જર્નાલિસ્ટ**
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
**વોટ્સએપ નંબર - 8980070599**

